દૈનિક મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૪ વર્ષ
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 218 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ ભાદ્રપદ વદ - ૯ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 15 September 2025, Monday ■ REGD.No. MCS/058/2018-20
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
સોમવાર, ૧૫ સપ્ટેમ્બર ૨૦૨૫ (૧૨ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦


ધર્મતેજ પૂર્તિ ૫ ૬ ૭ ૮

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# લંડનમાં ઈમિગ્રન્ટ્સ વિરોધી રમખાણ

## દોઢ લાખ લોકો આંદોલનમાં જોડાયા: પોલીસ સાથે અથડામણ

લંડન: નેપાળ અને ફ્રાન્સ બાદ હવે ઇંગ્લેન્ડમાં અંધાધૂંધી ફેલાઇ છે. લંડનના મધ્ય વિસ્તારમાં એક લાખથી વધુ પ્રદર્શનકારીઓએ ઇમિગ્રેશન વિરોધી માર્ચ કાઢી હતી. આ વિરોધ પ્રદર્શન બ્રિટનના એન્ટી-ઇમિગ્રેશન એક્ટિવિસ્ટ ટોમી રોબિન્સનના નેતૃત્વમાં યોજાયું હતું. 'યુનાઇટેડ ધ કિંગડમ' માર્ચ નામથી આયોજિત આ વિરોધ પ્રદર્શનમાં દોઢ લાખ લોકોએ ભાગ લીધો હતો. પરંતુ રેલી દરમિયાન રોબિન્સન સમર્થકોનું એક જૂથ પોલીસ અને વિરોધીઓ સાથે અથડામણમાં ઊતરતા હિંસા ફાટી નીકળી હતી. આ હિંસામાં પચીસથી વધુ પોલીસ ઘાયલ થયા હતા.

આ દરમિયાન કેટલાક પોલીસ અધિકારીઓ પર હુમલો કરવામાં આવ્યો હતો. પોલીસ પર બોટલો ફેંકવામાં આવી હતી. કેટલાક અધિકારીઓને ઢીકાપાટુનો માર મારવામાં આવ્યો હતો. પરિસ્થિતિ વધુ વણસતા રમખાણ વિરોધી ટુકડીઓ તહેનાત કરવાની ફરજ પડી હતી. મેટ્રોપોલિટન પોલીસના જણાવ્યા અનુસાર આ હિંસામાં ૨૬ પોલીસકર્મીઓ ઘાયલ થયા હતા. જેમાંથી ચારને ગંભીર ઇજાઓ પહોંચી હતી. કેટલાકનું નાક તૂટી ગયું હતું તો કેટલાકનો દાંત તૂટી ગયો હતો. જ્યારે એક અધિકારીને કરોડરજ્જુમાં ઇજા થઇ હતી. આ હિંસામાં અત્યાર સુધીમાં ૨૫ લોકોની ધરપકડ કરવામાં આવી છે. તેમજ વધુ તપાસ ચાલુ છે. આ અંગે (જુઓ પાનું ૨) ▸▸

# ગુજરાતની ઑઈલ રિફાઈનરી મુશ્કેલીમાં

નવી દિલ્હી : યુરોપિયન યુનિયનના પ્રતિબંધને લીધે ગુજરાતના વાડીનારમાંની ઑઈલ રિફાઈનરી મુશ્કેલીમાં મુકાઈ છે. રશિયન ઑઈલની મોટી કંપની રોઝનેફ્ટ પીજેએસસીની આંશિક માલિકીની અને યુરોપિયન યુનિયન દ્વારા જુલાઈમાં કાળી યાદીમાં મુકાયેલી નાયરા એનર્જી કંપની સતત બીજા મહિને રશિયા સિવાયના બીજા દેશો પાસેથી ખનીજ તેલનો પુરવઠો મેળવવામાં નિષ્ફળ રહી હતી. આનું કારણ શિપ ટ્રેકિંગ ડેટા બતાડે છે એમ પશ્ચિમની શિપિંગ કંપનીઓ તેને માટે તેલ ભારત લઈ આવવાની ના પાડે છે. નાયરાએ ગુજરાતના (જુઓ પાનું ૨) ▸▸

# વીમા ક્ષેત્રે ૧૦૦ ટકા વિદેશી રોકાણ થઈ શકશે: સીતારમણ

## ખરડો સંસદના શિયાળુ સત્રમાં રજૂ કરાશે

નવી દિલ્હી : સંસદના આગામી શિયાળુ સત્રમાં વીમા ક્ષેત્રે ૧૦૦ ટકા ફોરેન ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટ (એફડીઆઈ)ની છૂટ આપતો વીમા સુધારો ખરડો રજૂ કરાશે, એમ નાણાપ્રધાન નિર્મલા સીતારમણે કહ્યું હતું.

નવેમ્બરના ઉત્તરાર્ધમાં સંસદનું શિયાળુ સત્ર શરૂ થવાનું છે અને તે નાતાલ પહેલાં સમાપ્ત થશે. શું સંસદના શિયાળુ (જુઓ પાનું ૨) ▸▸

# ભારતનો વિજય

## યુદ્ધ પછી ક્રિકેટમાં પણ પાકિસ્તાનને કચડી નાખ્યું: સ્પિનરોના જાદુ બાદ સૂર્યા સુપરહિટ




દુબઈ: ભારતે અહીં એશિયા કપના ચર્ચાસ્પદ તથા હાઈ-વૉલ્ટેજ મુકાબલામાં કટ્ટર હરીફ પાકિસ્તાનને હરાવીને સુપર-ફોરમાં સ્થાન પાકું કરી લીધું હતું. ભારતે ૧૨૮ રનનો નાનો લક્ષ્યાંક ત્રણ વિકેટ ગુમાવવાની સાથે થોડો મુશ્કેલ બનાવી દીધો હતો. જોકે પાકિસ્તાનની નબળી બોલિંગ સામે ભારતની બૅટિંગ લાઇન-અપ ખૂબ ચડિયાતી સાબિત થઈ હતી. ભારતે ૧૫.૫ ઓવરમાં ત્રણ વિકેટે ૧૩૧ રનના સ્કોર સાથે જીત હાંસલ કરી હતી. જીત પછી ભારતીય ખેલાડીઓએ વિજયનું સેલિબ્રેશન ટાળ્યું હતું. ભારતીય ટીમે આઇસીસીના નિયમોને આધીન રહીને જ પાકિસ્તાન સામે રમવું પડ્યું અને એ રમી લીધા બાદ ટીમમાં અંદરોઅંદર એકમેકને અભિનંદન આપીને શાંતિપૂર્વક જીત માણી હતી. દુબઈમાં ચેઝ કરનારી ટીમનું વર્ચસ્વ રહ્યું છે જે ભારતે ફરી એક વખત સાબિત કર્યું.

શરૂઆતમાં સ્ટેડિયમ ઘણું ખાલી હતું, ભારતમાં પણ લોકોમાં આ વખતે પહેલી વાર પાકિસ્તાન સામેની મૅચ માટેનો ઉત્સાહ ઘણો ઓછો હતો. ક્લબો, સોસાયટીઓમાં બિગ સ્ક્રીન પર મૅચ રાખવાનું કે માણવાનું લોકોએ મોટા ભાગે ટાળ્યું હતું.

ઓપનર અભિષેક શર્મા (૩૧ રન, ૧૩ બૉલ, બે સિક્સર, ચાર ફોર)એ ટીમને આક્રમક શરૂઆત અપાવી હતી, જ્યારે તેની વિકેટ બાદ કૅપ્ટન સૂર્યકુમાર યાદવે (૪૭ અણનમ, ૩૭ બૉલ, એક સિક્સર, પાંચ ફોર) બાજી સંભાળી હતી અને ટીમને સલામત રીતે લક્ષ્યાંક સુધી પહોંચાડી હતી. તેણે વિનિંગ સિક્સર ફટકારી હતી.

શિવમ દુબે (૧૦ અણનમ)એ પણ સૌથી સફળ બોલર સઇમ અયુબના એક બૉલમાં સિક્સર ફટકારીને પાકિસ્તાની ટીમને જડબાતોડ જવાબ આપ્યો હતો.એ પહેલાં, પાકિસ્તાને બૅટિંગ લીધા બાદ નવ વિકેટે ફક્ત ૧૨૭ રન કર્યા હતા. કુલદીપે ત્રણ તેમ જ અક્ષર અને બુમરાહે બે-બે અને હાર્દિક તથા વરુણે એક-એક વિકેટ લીધી હતી. સાહિબઝાદાએ ૪૦ રન અને શાહીન આફ્રિદીએ ચાર સિક્સરની મદદથી અણનમ ૩૩ રન કર્યા હતા.

શરૂઆતમાં શુભમન ગિલે (૧૦ રન) સ્ટમ્પિંગમાં વિકેટ ગુમાવી દેતાં પાકિસ્તાનીઓ ગેલમાં આવી ગયા હતા. જોકે છેવટે તેમણે હાર જોવી પડી. ઓપનર સઇમ અયુબ ઓછો જાણીતો સ્પિનર છે અને તે પાકિસ્તાનનું ટ્રમ્પ-કાર્ડ બન્યો અને ગિલ, અભિષેક તેમ જ તિલક વર્મા (૩૧ રન, ૩૧ બૉલ, એક સિક્સર, બે ફોર), ત્રણેયની વિકેટ લીધી હતી. ■


મુંબઈ સમાચાર
આપણા લોકલાડીલા વડા પ્રધાન
શ્રી નરેન્દ્ર મોદીજીને
તેમના ૭૫મા જન્મદિવસે
શુભેચ્છા આપો.
આપણા ભારતના સ્વપ્નદૃષ્ટા નેતાને
તેમના જીવનના એક મહત્ત્વપૂર્ણ સીમાચિહ્ન પર
ઉજવણી કરવાના સંદેશ આપવાની
અમૂલ્ય તક લો.
મુંબઈ સમાચાર દ્વારા આદરણીય વડા પ્રધાનને
તમારા શુભેચ્છા સંદેશ મોકલો.
Contact:
Ashish : 98205 14436
Jignesh : 97026 44446
Raju : 98202 13598
આ શુભેચ્છા સંદેશ વિશેષ તા. ૧૭મી સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ પ્રસિદ્ધ થશે.
શુભેચ્છા સંદેશ







**લંડનમાં રમખાણ :** લંડનમાં ઈમિગ્રન્ટ્સ વિરોધી યોજાયેલા દેખાવમાં અંદાજે દોઢ લાખ લોકો ભેગા થયા હતા. આ હિંસામાં અનેક લોકો ઘાયલ થયા હતા. (એપી-પીટીઆઈ)

# પ્રવીણ તોગડિયાએ એશિયા કપમાં ભારત-પાક ક્રિકેટ મેચ મુદ્દે કેન્દ્ર સરકારની ઝાટકણી કાઢી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ (એએચપી)ના અધ્યક્ષ પ્રવીણ તોગડિયાએ વિસનગરની મુલાકાત લીધી હતી. તેમણે એશિયા કપમાં ભારત-પાકિસ્તાન મેચ મુદ્દે કેન્દ્રની મોદી સરકારની આકરી ટીકા કરી હતી. તેમણે કહ્યું હતું કે, પાકિસ્તાન પહેલગામમાં હુમલો કરે અને એની સાથે રમવાનું હોય! કોઈ આપણા દીકરાને, ભાઈને મારી નાખે, એની હારે રમત રમાય?, નામોનિશાન મીટા દો પાકિસ્તાન કા... ખેલ નહીં યુદ્ધ હોગા!

અત્રે ઉલ્લેખનીય છે કે, આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ, રાષ્ટ્રીય બજરંગ દળ, રાષ્ટ્રીય મહિલા પરિષદ અને ઓજસ્વીની સંસ્થાઓ દ્વારા નવરાત્રિથી દિવાળી સુધીના તહેવારો દરમિયાન હિન્દુ સમાજને એકતામાં બાંધવા માટે સાત વિશેષ કાર્યક્રમો યોજાશે.

તોગડિયાએ વિસનગરમાં કાર્યકરો સાથે મીટિંગ દરમિયાન આ કાર્યક્રમોની વિગતો આપી હતી. આ કાર્યક્રમોમાં શસ્ત્ર પૂજન, કન્યા પૂજન, લક્ષ્મી પૂજન, ગરીબોને કપડાં અને મીઠાઈ વિતરણ જેવા કાર્યનો સમાવેશ થાય છે. તેમણે જણાવ્યું હતું કે, ગુજરાતમાં જ્યાં જ્યાં ગરબા યોજાશે, ત્યાં નવમાંથી કોઈ એક દિવસ શસ્ત્ર પૂજન થશે. આઠમના દિવસે કન્યા પૂજન અને દશેરાના દિવસે મહિષાસુર અને રાવણવધની યાદમાં દરેક હિન્દુ ઘરોમાં શસ્ત્ર પૂજન કરાશે.

તોગડિયાના નિવેદન અને કાર્યક્રમોની જાહેરાતથી હિન્દુ સમાજમાં રાષ્ટ્રવાદી ભાવનાઓને પ્રોત્સાહન મળ્યું છે. વિસનગરમાં તેમની મુલાકાત દરમિયાન મોટી સંખ્યામાં લોકો એકત્ર થયા હતા અને તેમના વિચારોને સમર્થન આપ્યું હતું. ■

# હવે દેશભરમાં કોઈ પણ દર્દી દિલ્હીના આંખના ડોક્ટરો પાસે કરાવી શકશે સારવાર, શરૂ કરાઈ હેલ્પલાઈન

નવી દિલ્હી : નાગરિકો માટે આંખની સંભાળ સરળ બનાવવા માટે દિલ્હીના ટોચના આંખના ડોક્ટરોની એક ટીમે દેશભરના દર્દીઓ સાથે જોડવા માટે એક રાષ્ટ્રીય આઈ હેલ્પલાઇન નંબર શરૂ કરી છે. સાઇટ સારથી ઇન્ડિયા ફાઉન્ડેશન નામની સંસ્થાએ શરૂ કરેલી આ પહેલ દેશભરમાં આંખની સમસ્યાઓથી પીડાતા કોઈપણ વ્યક્તિ માટે મફત ટેલિફોનિક અને વીડિયો પરામર્શનું વચન આપે છે.

દિલ્હી આઇ સેન્ટરના કોર્નિયા, મોતિયા અને રિફ્રેક્ટિવ સર્જન અને મેડિકલ ડિરેક્ટર ડો. ઇકેદા લાલના નેતૃત્વમાં આ હેલ્પલાઇન લાખો લોકો માટે જીવનરેખા બનવા માટે તૈયાર છે ખાસ કરીને દૂરના શહેરો અને ગામડાઓમાં રહેતા લોકો માટે જેઓ ઘણીવાર ગુણવત્તાયુક્ત આંખની સંભાળ મેળવવા માટે સંઘર્ષ કરે છે. દિલ્હીના અગ્રણી આઈ એક્સપર્ટની સમર્પિત ટીમ સાથે આ પ્રોજેક્ટ ભૌગોલિક, ખર્ચ અને પહોંચવાના અવરોધોને તોડવા માટે રચાયેલ છે.

ડો. લાલે જણાવ્યું હતું કે મોતિયા અને રિફ્રેક્ટિવ ભૂલોથી લઈને અટકાવી શકાય તેવા અંધત્વ સુધી, લાખો લોકો સુવિધાના અભાવે અથવા મુસાફરીના ઊંચા ખર્ચને કારણે સારવારમાં વિલંબ કરે છે અથવા ટાળે છે. નવી શરૂ કરાયેલી હેલ્પલાઇન દિલ્હીના કેટલાક ટોચના નિષ્ણાતો સાથે મફત પરામર્શ, તેમના નિદાન અથવા સારવારની પુષ્ટી કરવા માંગતા દર્દીઓ માટે બીજા અભિપ્રાયનો વિકલ્પ અને મફત ટેલિફોન અને વીડિયો કન્સલ્ટિંગ દ્વારા ગ્રામીણ અને દૂરના વિસ્તારોમાં લોકો માટે સરળતાથી સારવાર મળશે.

આનો અર્થ એ છે કે ઉત્તરાખંડના પહાડી વિસ્તારોમાં રહેતા કોઈ પણ ગ્રામીણ, બિહારનો વિદ્યાર્થી અથવા રાજસ્થાનમાં ફેક્ટરી કામદાર હવે પોતાનું ઘર છોડ્યા વિના દિલ્હીના શ્રેષ્ઠ આંખના ડોકટરો સાથે સીધો સંપર્ક કરી શકે છે. તેમણે કહ્યું હતું કે ''ભારતમાં કોઈએ પણ ફક્ત એટલા માટે દ્રષ્ટિ ગુમાવવી જોઈએ નહીં કે તેઓ યોગ્ય સમયે યોગ્ય ડોક્ટર સુધી પહોંચી શક્યા નહીં. રાષ્ટ્રીય આંખ હેલ્પલાઇન ૯૯૯૦-૬૬૬-૮૭૨ સાથે અમે ભૌગોલિક અને ખર્ચની સીમાઓ ભૂંસી રહ્યા છીએ. એક ફોન કોલ હવે તમને દિલ્હીના કેટલાક શ્રેષ્ઠ આંખના ડોક્ટરો સાથે જોડી શકે છે. આ હેલ્પલાઇન ફક્ત દર્દીઓ માટે જ નહીં પરંતુ સારવારના નિર્ણયોમાં સ્પષ્ટતા ઇચ્છતા પરિવારો માટે પણ છે. અમે હેલ્પલાઇન દ્વારા બીજા અભિપ્રાય આપવા પર પણ ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છીએ. લોકો અમને કોલ કરી શકે છે, વીડિયો કન્સલ્ટિંગ મારફતે તેમના અહેવાલો શેર કરી શકે છે અને સ્પષ્ટતા મેળવી શકે છે. આ પહેલ ગ્રામીણ ભારત માટે ખાસ કરીને મહત્ત્વપૂર્ણ છે.''

વધુમાં તેમણે કહ્યું હતું કે ''ભારતની ગ્રામીણ વસ્તી આરોગ્ય સંભાળમાં સૌથી મુશ્કેલ પડકારોનો સામનો કરે છે. તેમના માટે આંખની તપાસ માટે સેંકડો કિલોમીટર મુસાફરી કરવી હંમેશાં શક્ય નથી. આ હેલ્પલાઇન દ્વારા, અમે દિલ્હીના ટોચના નિષ્ણાતોને વર્ચ્યુઅલી તેમના ઘરઆંગણે લાવી રહ્યા છીએ. કલ્પના કરો કે જ્યારે મધ્ય પ્રદેશનો ખેડૂત અથવા આસામમાં દાદીમા પોતાનું ગામ છોડ્યા વિના દિલ્હીના આંખના નિષ્ણાત સાથે સીધી વાત કરી શકે છે ત્યારે તે કેટલો પરિવર્તન લાવી શકે છે.'' ■

# ''ભારત અમેરિકાની મકાઈ નથી ખરીદતું'': વાણિજય પ્રધાન હોવર્ડ લટનિક

ન્યૂ યોર્ક /વૉશિંગ્ટન : ભારત એવી ડંફાસ મારે છે કે તે ૧.૪ અબજ લોકોનો દેશ છે, પરંતુ તે અમેરિકન મકાઈનો નાનો જથ્થો પણ ખરીદી શકે એમ નથી, એવી ટિપ્પણી વાણિજય પ્રધાન હોવર્ડ લટનિકે કરી હતી.

શનિવારે એક મુલાકાતમાં તેમને પૂછવામાં આવ્યું હતું કે શું અમેરિકા તેના ભારત, કેનેડા અને બ્રાઝિલ જેવા 'મહત્ત્વના સહયોગી ' સાથેના 'અતિશય મૂલ્યવાન સંબંધ'ને ખોટી રીતે હાથ ધરી રહ્યું છે. આના જવાબમાં લટનિકએ ઉક્ત ટિપ્પણી કરી હતી.

તેમણે કહ્યું હતું કે સંબંધો એકપક્ષી છે. ભારત અમને વસ્તુઓ વેચે છે અને અમારો લાભ ઉઠાવે છે. તેઓ તેમના અર્થતંત્રમાં અમને બ્લોક કરે છે. અમારું અર્થતંત્ર ખુલ્લું છે અને ભારત તેનો લાભ ઉઠાવે છે. પ્રમુખ કહે છે કે અમને વાજબી અને વળતો વેપાર જોઈએ છે.

તેમણે કહ્યું હતું કે પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ કહે છે કે ભારત તેનાા ટેરિફ ઓછા કરે. અમે તમારી સાથે જે વર્તાવ કરી રહી છીએ એ રીતે તમે અમારી સાથે વર્તાવ કરો. અમારી સાથેના ખરાબ વર્ષોને સરભર કરવાના છે. આથી આ ખરાબી ન જાય ત્યાં સુધી ટૅરિફ અમારા પક્ષમાં હોવા જોઈએ. આ અમારા પ્રમુખનું મૉડેલ છે. તમે તેને સ્વીકારો અથવા તો વિશ્વના સૌથી મોટા ગ્રાહક સાથે વેપાર કરવામાં આકરો સમય લાવો. (એજન્સી) ■

# ગુજરાતના ૧૯૪ માછીમાર પાંચ વર્ષથી પાકિસ્તાની જેલોમાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતના ૧૯૪ માછીમારો પાંચ વર્ષથી પાકિસ્તાની જેલમાં બંધ છે. આ મુદ્દે મત્સ્ય ઉદ્યોગ પ્રધાન પરષોત્તમભાઈ સોલંકીએ પણ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટલને રજૂઆત કરી હતી. પરષોત્તમ સોલંકીએ પ્રશ્ન રજૂ કરી સરકાર માછીમારો પ્રત્યે કેટલી ઉદાસિન છે તે વાત ઉજાગર કરી છે.

પરષોત્તમ સોલંકીએ માછિમારો મુદ્દે ગાંધીનગર ખાતે મુખ્ય પ્રધાનને રજૂઆત કરી હતી કે, ૧૯૪ માછીમારો પાંચ વર્ષથી વધુ સમયથી પાકિસ્તાનની જેલમાં સબડી રહ્યા છે. ■



**આગ :** ભરૂચના પાનોલી જીઆઈડીસી એરિયામાં એક કારખાનામાં આગ લાગી હતી. (પીટીઆઈ)

## એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ભારત-પાકિસ્તાન મેચના વિરોધમાં લોકો રસ્તા પર કેમ ના ઊતર્યા?

**એશિયા** કપ ૨૦૨૫માં રવિવારે દુબઈમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે મેચ થઈ ગઈ અને આ વાંચતા હશો ત્યારે મેચનું પરિણામ પણ આવી ગયું હશે. આપણે આ પરિણામ શું આવ્યું તેની વાત કરવી નથી પણ આ મેચના વિરોધમાં ઊભા કરાયેલા માહોલની વાત કરવી છે. મેચ પહેલાં મીડિયા અને સોશિયલ મીડિયા પર એવો જોરદાર પ્રચાર ચાલ્યો કે આ મેચનો દેશભરમાં વિરોધ થઈ રહ્યો છે અને ભારત પાકિસ્તાન સામે રમે તેની સામે લોકોમાં ભારે આક્રોશ છે.

કાશ્મીરમાં ૨૨ એપ્રિલે પહલગામ હુમલો થયો તેમાં ૩૦ ભારતીયોની હત્યા થઈ હતી. ભારતે આ હત્યાનો બદલો લેવા માટે ૭ મેના રોજ ઓપરેશન સિંદૂર હાથ ધરેલું. આપણા વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કહેલું કે, હજુ ઓપરેશન સિંદૂર ખતમ થયું નથી ને છતાં ભારત કેમ પાકિસ્તાન સામે રમી રહ્યું છે એવા સવાલ પણ ઊભા કરાયા. આ આક્રોશની નેતાઓ પર અસર પડી કે ના પ્રજા પર અસર પડી ને મેચ પતી પણ ગઈ કેમ કે ભારત પાકિસ્તાન સામે રમ્યું તેની સામે લોકોમાં આક્રોશ હોવાના દાવા થાય છે પણ આ આક્રોશ નેતાઓનાં નિવેદનો, મીડિયા અને સોશ્યલ મીડિયા સિવાય ક્યાંય દેખાતો નથી.

આ દેશમાં ૧૫૦ કરોડ લોકો છે અને પાકિસ્તાન સામે ભારત રમે તેનો વિરોધ હોય તો એક કરોડ લોકો તો બહાર નિકળીને તેનો વિરોધ કરે કે ના કરે ? સામાન્ય લોકો વિરોધ નથી કરી રહ્યાં તેનાં બે કારણ હોઈ શકે. પહેલું કારણ માનસિક નામર્દાનગી અને બીજું કારણ લોકોને ખરેખર ભારત-પાકિસ્તાન રમે તેની સામે વાંધો નથી. સાચું કારણ શું છે એ ખબર નથી પણ લોકો રસ્તા પર ના ઉતર્યા તેથી દેખીતો વિરોધ નથી એવું માનવું પડે. ચાર નેતા નિવેદનો આપે કે, સોશ્યલ મીડિયા પર ૪૦ લાખ લોકો કોમેન્ટ્સ કરીને કશું પણ કહે તેના કારણે ભારત-પાકિસ્તાન મેચ સામે દેશભરમાં વિરોધ છે એવો ના કાઢી શકાય. રવિવારે સાંજે ભારત-પાકિસ્તાનની મેચ ચાલતી હતી ત્યારે ઓછામાં ઓછા એક કરોડ લોકો તો લાઈવ મેચ જોતા જ હતા. એટલા લોકો મેચનો વિરોધ કરવા આખા દેશમાં પણ ભેગા થયા નથી.

અસાદુદ્દીન ઓવૈસીથી માંડીને અરવિંદ કેજરીવાલ સુધીના નેતાઓએ પાકિસ્તાન સામે રમવા બદલ મોદી સરકારની ઝાટકણી કાઢી. દેશ કરતાં પૈસો વધારે વહાલો છે કે શું એવા સવાલ કર્યા પણ આ નિવેદનોની બહુ કિંમત નથી કેમ કે આ બધા વિપક્ષી નેતા છે. વિપક્ષી નેતાઓનું કામ જ સરકારની ઝાટકણી કાઢવાનું છે ને અસાદુદ્દીન ઓવૈસીથી માંડીને અરવિંદ કેજરીવાલ સુધીના નેતા એ જ કરી રહ્યા છે. મોદી સરકારે પાકિસ્તાન સામે રમવાનો નિર્ણય લઈને દેશ સાથે ગદ્દારી કરી છે એવું સ્થાપિત કરીને રાજકીય ફાયદો મેળવવાનો તેમનો ઈરાદો છે તેથી નેતાઓ નિવેદન કરે તેને ગંભીરતાથી ના લેવાય.

સોશ્યલ મીડિયા પર પણ રાજકીય પક્ષો અને નેતાઓના પાલતુ કે ભક્તો વધારે હોય છે તેથી સોશ્યલ મીડિયા પર કશું ટ્રેન્ડ કરે એ જનાક્રોશ ના કહેવાય. સોશ્યલ મીડિયા મશીન છે ને મશીનને માણસો જ ઓપરેટ કરતા હોય છે તેથી ગમે તે મુદ્દાને ટ્રેન્ડ કરાવી શકાય છે. સોશ્યલ મીડિયા પર કરાતો વિરોધ નહીં પણ લોકો રસ્તા પર નિકળીને વિરોધ કરે એ જ અસલી વિરોધ છે ને અસર તેની જ પડે છે. નેપાળ તેનું તાજું ઉદાહરણ છે.

નેપાળમાં સરકારના ભ્રષ્ટાચાર, સગાંવાદ વગેરે સામે લાંબા સમયથી સોશ્યલ મીડિયા પર લોકો આક્રોશ વ્યક્ત કરતાં હતાં પણ તેની કોઈ અસર નહોતી પડતી. કે.પી. શર્મા ઓલીની સરકારે સોશ્યલ મીડિયા પરના વિરોધને બંધ કરવા માટે તેના પર પ્રતિબંધ મૂક્યો ને ભડકેલાં લોકો રસ્તા પર આવી ગયાં તેમાં તો ઓલીએ ઊભી પૂંછડીએ ભાગવું પડ્યું ને નેપાળમાં સત્તાપલટો થઈ ગયો. ભારત-પાકિસ્તાન સામે એવો કોઈ વિરોધ નથી તેથી બીજે ગમે ત્યાં વિરોધ કરાય તેની કોઈ અસર ના પડે.

ભારત-પાકિસ્તાન મેચ સામે કેટલાક ક્રિકેટરો અને પહલગામ હુમલામાં મોતને ભેટેલાં લોકોનાં સગાંએ પણ કર્યો છે. જેમણે પોતાનાં સ્વજનો ગુમાવ્યાં તેમનો આક્રોશ અને પીડા સમજી શકાય તેમ છે પણ તેમણે એક વાસ્તવિકતાને સ્વીકારવાની જરૂર છે કે, આ દેશની પ્રજામાં તમારી પીડાને સમજવા જેટલી સંવેદના નથી અને તમારા વિરોધમાં સાથ આપવા જેટલી મર્દાનગી પણ નથી.

આ દેશની પ્રજા બહુ બહુ તો સોશ્યલ મીડિયા પર પાકિસ્તાન સામે મર્દાનગી બતાવી શકે પણ તમારાં સ્વજનોની હત્યા કરનારા પાકિસ્તાન સામે મેચ રમવાનો નિર્ણય લેનારી સરકાર સામે બાંયો ચડાવીને મેદાનમાં ઉતરવાની અને સરકારને પાકિસ્તાન સામે નહીં જ રમવાની ફરજ પાડવા જેટલી મર્દાનગી નથી જ તેથી તેમણે પોતાની પીડા મીડિયા કે સોશ્યલ મીડિયામાં વ્યક્ત કરીને જ સંતોષ માનવો પડશે, આ દેશનાં લોકો એક મીણબત્તી સળગાવીને સહાનુભૂતિ બતાવવાથી વધારે કશું કરી શકે તેમ નથી. નસોમાં વહેવું લોહી સાવ પાણી થઈ ગયું હોય ત્યાં શું અપેક્ષા રાખવાની?

ઘણા ભૂતપૂર્વ ક્રિકેટરો પણ પાકિસ્તાન સામે ના રમવું જોઈએ એવું જ્ઞાન પિરસી રહ્યા છે પણ એ લોકોની વાતની કોઈ કિંમત નથી કેમ કે તેમનામાં સિદ્ધાંતનિષ્ઠા નથી. તેનું શ્રેષ્ઠ ઉદાહરણ ગૌતમ ગંભીર છે. ગૌતમ ગંભીર ભાજપનો સાંસદ હતો ત્યારે પાકિસ્તાન સામે ઝેર ઓકતો અને નિર્દોષ ભારતીયોની હત્યા કરનારા પાકિસ્તાન સાથે ના રમવું જોઈએ એવી સુફિયાણી વાતો કરતો. આ જ ગૌતમ ગંભીર અત્યારે ભારતીય ટીમનો કોચ છે ને ભારતની ટીમ પાકિસ્તાન સામે રમે તેની સામે તેને કોઈ વાંધો નથી.

હરભજનસિંહ ૨૦૦૮ના મુંબઈ પરના આતંકવાદી હુમલા પછી પાકિસ્તાન સામે ઓછામાં ઓછી ૨૫ મેચ રમ્યો હશે ને હવે પાકિસ્તાન સામે ના રમવું જોઈએ એવું ડહાપણ ડહોળી રહ્યો છે ત્યારે સો ચૂહે માર કે બિલ્લી હજ કો ચલી જેવું લાગે છે. ભજ્જીનો દેશપ્રેમ અચાનક જાગૃત થઈ ગયો છે કેમ કે અત્યારે આમ આદમી પાર્ટીનો રાજ્યસભાનો સભ્ય છે.

બીજા ક્રિકેટરોની પણ આ જ સ્થિતિ છે. પાકિસ્તાને પહલગામ કરતાં પણ ભીષણ આતંકવાદી હુમલા કર્યા છે ને ૧૯૯૯માં તો કારગિલમાં ઘૂસીને ભારતનો પ્રદેશ પચાવી પાડવા પ્રયત્ન કરેલો. આપણા ૫૦૦ કરતાં વધારે સૈનિકોના જીવ લીધા હતા ને છતાં પાકિસ્તાન સામે રમનારા ક્રિકેટરો હવે પાકિસ્તાન સામે ના રમવું જોઈએ એવું કહે ત્યારે વરવું લાગે છે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન – સૌર શરદઋતુ,
સોમવાર, તા. ૧૫-૯-૨૦૨૫, નવમી શ્રાદ્ધ, સૌભાગ્યવતીનું શ્રાદ્ધ,

- ભારતીય દિનાંક ૨૪, માહે ભાદ્રપદ, શકે ૧૯૪૭.
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, ભાદ્રપદ વદ-૯
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે ભાદ્રપદ, તિથિ વદ-૯
- પારસી શહેનશાહી રોજ ૨જો બેહમન, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨જો બેહમન, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૩૦મો અનેરાન, માહે ૭મો મેહેર, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૨૨મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૨૩મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૭
- નક્ષત્ર મૃગશીર્ષ સવારે ક. ૦૭-૩૧ સુધી, પછી આર્દ્રા.
- ચંદ્ર મિથુનમાં.
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મિથુન (ક, છ, ઘ).
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૨૭, અમદાવાદ ક. ૦૬ મિ. ૨૭, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૪૦, અમદાવાદ ક. ૧૮ મિ. ૪૨, સ્ટા. ટા.
- મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ ● ભરતીઃ સાંજે ક. ૧૭-૧૩,
- ઓટઃ બપોરે ક. ૧૨-૧૦, મધ્યરાત્રે ક. ૦૦-૧૯
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, ભાદ્રપદ કૃષ્ણ – નવમી. નવમી શ્રાદ્ધ, સૌભાગ્યવતીનું શ્રાદ્ધ, બુધ કન્યામાં સવારે ક. ૧૧-૦૮, સૂર્ય મહાનક્ષત્ર ઉત્તરા ફાલ્ગુની, વાહન શિયાળ. મુહૂર્ત વિશેષઃ શિવપૂજા વિશેષરૂપે, શ્રી સત્યનારાયણ દેવતા, સપ્તસતી પાઠ વાંચન, શ્રાદ્ધમાં સાંસારિક, માંગલિક કાર્યો વર્જ્ય, પરંતુ દેવપૂજા આદિ થઈ શકે છે. નિત્ય થતાં પશુ લે-વેંચના કામકાજ, હજામત, શ્રાદ્ધ નિમિત્તે નવાં વાસણ, વસ્રો. નિત્ય થતા શાંતિ પૌષ્ટિક, દુકાન-વેપારના કામકાજ.
- શ્રાદ્ધ પર્વઃ આજરોજ નવમી તિથિએ દિવંગતનું શ્રાદ્ધ કરવું. જે વિધવા નથી તે દિવંગત સૌભાગ્યવતીનું શ્રાદ્ધ આજરોજ કરવું. નવમી તિથિનું શ્રાદ્ધ સદગુણી સ્ત્રીની પ્રાપ્તિ કરાવે છે. પ્રતિભા ઐશ્વર્યમાં વૃદ્ધિ કરાવે છે.
- આચમનઃ ચંદ્ર-નેપ્ચૂન ચતુષ્કોણ અવ્યવહારું, મંગળ-શુક્ર અર્ધત્રિકોણ ઉદાર સ્વભાવ.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-નેપ્ચૂન ચતુષ્કોણ, મંગળ-શુક્ર અર્ધત્રિકોણ.
- ગ્રહગોચરઃ સૂર્ય-સિંહ, મંગળ-તુલા, માર્ગી બુધ-સિંહ/કન્યા, ગુરુ-મિથુન, શુક્ર-સિંહ, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચ્યુન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

# લખનઊ એરપોર્ટ પર મોટી વિમાન દુર્ઘટના ટળી

### ડિમ્પલ યાદવ સહિત ૧૫૧ મુસાફરનો આબાદ બચાવ

નવી દિલ્હીઃ ઉત્તર પ્રદેશની રાજધાની લખનઊમાં એક મોટી દુર્ઘટના ટળી ગઈ હતી. દિલ્હી જઈ રહેલી ઈન્ડિગોની એક ફ્લાઈટ ઉડાન ભરી શકી નહીં. આ પછી ફ્લાઈટના કેપ્ટને રનવે ખતમ થાય તે પહેલાં જ વિમાન રોકી દીધું હતું. વિમાનમાં સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવના પત્ની ડિમ્પલ યાદવ સહિત ૧૫૧ મુસાફરો સવાર હતા. મળતી માહિતી મુજબ, આ ઘટના શનિવારે (૧૩ સપ્ટેમ્બર) સવારે બની હતી. ઈન્ડિગોની ફ્લાઈટ નંબર ૬ઊ - ૨૧૧૧ લખનઊના ચૌધરી ચરણ સિંહ ઈન્ટરનેશનલ એરપોર્ટથી દિલ્હી જવાની હતી. ટેક ઓફ કરતા પહેલા તેમાં ટેકનિકલ ખામી સર્જાઈ હતી. રનવે દોડ્યા પછી પણ ફ્લાઈટ હવામાં ઊડી શકી નહીં. એન્જિનમાં થ્રસ્ટ એટલે કે ટેક ઓફ માટે તાકાત મળી નહીં. આ પછી ફ્લાઈટ કેપ્ટને સમજદારી દાખવી અને અંત પહેલા જ વિમાન રોકી દીધું અને એક મોટી દુર્ઘટના ટળી ગઈ હતી.

આ ફ્લાઈટમાં લગભગ ૧૫૧ મુસાફરો હતા, જેમાં સમાજવાદી પાર્ટીના સાંસદ ડિમ્પલ યાદવનું નામ પણ સામેલ છે. આ ઘટનાના કારણે મુસાફરો ડરી ગયા હતા. આ પછી બધા મુસાફરોને ફ્લાઇટમાંથી સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા. બાદમાં તેમને આગામી ફ્લાઇટ દ્વારા દિલ્હી મોકલવામાં આવ્યા હતા. ઇન્ડિગો તરફથી કોઈ ટિપ્પણી કરવામાં આવી નથી. ■

# ઈશાન ભારતમાં ભૂકંપ

ગૌહાટી : ૫.૮ પરિમાણ ધરાવતા ભૂકંપે દેશના ઈશાન ભારતના વિસ્તારને હચમચાવી નાખ્યો હતો, એવી માહિતી અધિકારીઓએ આપી હતી. રવિવારે સાંજના ૪.૪૧ કલાકે આવેલા ભૂકંપનું કેન્દ્રબિંદુ ઉદલગુરીમાં હતું. કેન્દ્રબિંદુની ઊંડાઈ પાંચ કિલોમીટરની હતી. આસામના મુખ્ય પ્રધાન હિમંતા બિસ્વા શર્માએ કહ્યું હતું કે ભૂકંપનું કેન્દ્રબિંદુ ઉદલગુરીની નજીક હતું. અમે પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખીએ છીએ.

આસામના ઉદલગુરી, નલબારી અને બીજા જિલ્લાઓમાં ભૂકંપના આંચકા અનુભવવામાં આવ્યા હતા. ગૌહાટીમાં લોકો ગભરાઈને ઘરની બહાર ધસી આવ્યા હતા. અરુણાચલ પ્રદેશની રાજધાની ઈટાનગરમાં પણ લોકો ઘર અને દુકાનની બહાર દોડી આવ્યા હતા. (એજન્સી) ■

# શંકરાચાર્ય બિહારની ચૂંટણીમાં પોતાના ઉમેદવારો ઊતારશે

પટણા : શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતીએ શનિવારે જાહેરાત કરી હતી કે બિહાર વિધાનસભાની ચૂંટણીમાં ગાયની કત્લેઆમ વિરુદ્ધ પ્રતિબદ્ધ રહેનાર અપક્ષ ઉમેદવારને હું ટેકો આપીશ. બિહારમાં પત્રકારો સાથે વાતચીત કરતા શંકરાચાર્યે કહ્યું હતું કે સાત દાયકા અને અનેક ખાતરી છતાં કોઈ પક્ષે ગાયની કત્લેઆમ વિરુદ્ધ પ્રતિબદ્ધતા દાખવી નથી. ■

# યુક્રેને રશિયાની સૌથી મોટી ઑઈલ રિફાઈનરી પર કર્યો ડ્રોન હુમલો

મોસ્કો : યુક્રેને રશિયાની સૌથી મોટી ઑઈલ રિફાઇનરીઓમાં એક પર ડ્રોન હુમલો કર્યો હતો. ડ્રોન હુમલાના કારણે રિફાઈનરીમાં આગ લાગી હતી. રશિયન અધિકારીઓ અને યુક્રેનિયન સૈન્યએ શનિવારે આ માહિતી આપી હતી.

રશિયાના ઉત્તરપશ્ચિમ લેનિનગ્રાદ ક્ષેત્રમાં સ્થિત કિરીશી રિફાઇનરી પર આ હુમલો કરવામાં આવ્યો હતો. આ એ જ રિફાઇનરી છે, જેને યુક્રેન છેલ્લા ઘણા અઠવાડિયાથી રશિયન ઓઈલ ઇન્ફ્રાસ્ટ્રક્ચરની મજબૂત કડી તરીકે જોઈ રહ્યું છે. યુક્રેનના મતે ઑઈલ પુરવઠો રશિયાની યુદ્ધ ક્ષમતાને મજબૂત બનાવી રહ્યો છે, તેથી આવા લક્ષ્યોને નિશાન બનાવવામાં આવી રહ્યા છે.

આ રિફાઇનરી દર વર્ષે લગભગ ૧૭.૭ મિલિયન મેટ્રિક ટન અથવા લગભગ ૩.૫૫ લાખ બેરલ ક્રૂડ તેલનું ઉત્પાદન કરે છે. યુક્રેનના જનરલ સ્ટાફના જણાવ્યા અનુસાર, ત્યાં અનેક વિસ્ફોટ અને આગના અહેવાલો મળ્યા હતા. તેમણે એક તસવીર પણ શેર કરી હતી, જેમાં રાત્રિના અંધારામાં જ્વાળાઓ અને ધુમાડાના વાદળો દેખાય છે.

લેનિનગ્રાદ પ્રદેશના ગવર્નર એલેક્ઝાન્ડર ડોઝડેનકોએ જણાવ્યું હતું કે કિરીશી વિસ્તારમાં ત્રણ ડ્રોન તોડી પાડવામાં આવ્યા હતા, પરંતુ તેમના પડવાથી રિફાઇનરીમાં આગ લાગી હતી. તેમણે કહ્યું હતું કે આ ઘટનામાં કોઈ ઘાયલ થયું નથી અને આગ પર કાબૂ મેળવી લેવામાં આવ્યો છે. આ મામલે રશિયન અધિકારીઓએ હજુ સુધી કોઈ ટિપ્પણી કરી નથી. રશિયા વિશ્વનો બીજો સૌથી મોટો તેલ નિકાસકાર દેશ છે. પરંતુ તાજેતરના અઠવાડિયામાં પેટ્રોલની વધતી માગ અને યુક્રેન દ્વારા વારંવાર કરવામાં આવતા ડ્રોન હુમલાઓને કારણે દેશના ઘણા ભાગોમાં પેટ્રોલની અછત સર્જાઈ છે. કેટલાક વિસ્તારોમાં પેટ્રોલ પંપ સંપૂર્ણપણે ખાલી થઈ ગયા છે. લોકો લાંબી કતારોમાં ઊભા રહેવા મજબૂર બન્યા છે અને અધિકારીઓએ પેટ્રોલના વેચાણને મર્યાદિત કરવા અથવા બંધ કરવા જેવા પગલાં લેવા પડ્યા છે.

આ કટોકટીનો સામનો કરવા માટે રશિયાએ પેટ્રોલ નિકાસ બંધ કરવાનો નિર્ણય લીધો છે. બુધવારે અધિકારીઓએ જાહેરાત કરી હતી કે પેટ્રોલ નિકાસ ૩૦ સપ્ટેમ્બર સુધી સંપૂર્ણપણે બંધ રહેશે અને વેપારીઓ અને વચેટિયાઓ પર આંશિક પ્રતિબંધો ૩૧ ઓક્ટોબર સુધી રહેશે. ■

# 'કૉંગ્રેસ આતંકવાદીઓનું સમર્થન કરે છે': મોદી

મંગલદોઈ (આસામ): વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે આરોપ લગાવ્યો હતો કે કૉંગ્રેસ દેશની સેનાનું સમર્થન કરવાના બદલે પાકિસ્તાન દ્વારા સમર્થિત આતંકવાદીઓને સમર્થન આપી રહી છે. આસામના દારંગ જિલ્લાના મંગલદઈ ખાતે એક કાર્યક્રમને સંબોધતા વડા પ્રધાન મોદીએ કૉંગ્રેસ પર ઘૂસણખોરો અને રાષ્ટ્રવિરોધી શક્તિઓને સમર્થન આપવાનો આરોપ લગાવ્યો હતો.

વડા પ્રધાને ભારપૂર્વક જણાવ્યું હતું કે ભાજપ ઘૂસણખોરોના જમીન કબજે કરવાના અને ડેમોગ્રાફી બદલવાના કાવતરાને નિષ્ફળ બનાવશે. રેલીને સંબોધતા મોદીએ કહ્યું હતું કે, ''ભારતીય સેનાને ટેકો આપવાને બદલે કોંગ્રેસ પાકિસ્તાન દ્વારા પોષાયેલા આતંકવાદીઓને સમર્થન આપે છે. તે ઘૂસણખોરો અને રાષ્ટ્રવિરોધી શક્તિઓને સમર્થન આપે છે.'' પીએમ મોદીએ કહ્યું હતું કે મારા માટે જનતા મારા ભગવાન છે, આ મારું રિમોટ કંટ્રોલ છે, અને બીજું કોઈ મારું રિમોટ કંટ્રોલ નથી. મને ગમે તેટલી ગાળો આપવામાં આવે. હું ભગવાન શિવનો ભક્ત છું, હું બધું ઝેર પી જાઉં છું.

તેમણે એવો પણ દાવો કર્યો હતો કે કૉંગ્રેસે દાયકાઓ સુધી આસામ પર શાસન કર્યું પરંતુ બ્રહ્મપુત્ર નદી પર ''ફક્ત ત્રણ પુલ'' બનાવ્યા, જ્યારે ભાજપના નેતૃત્વ હેઠળની સરકારે છેલ્લા૧૦ વર્ષમાં આવા છ પુલ બનાવ્યા છે. મોદીએ ''અતિક્રમણ કરાયેલી જમીન પરથી અતિક્રમણ કરનારાઓને હટાવવાના અને હવે ખેડૂતોને આ પ્લોટો પર ખેતી કરવાની મંજૂરી આપવા'' બદલ આસામના મુખ્ય પ્રધાન હિમંત બિસ્વા શર્માની પ્રશંસા કરી હતી.

વડા પ્રધાને ભારપૂર્વક કહ્યું હતું કે ભારત વિશ્વની સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થાઓમાંની એક તરીકે ઊભરી રહ્યું છે અને આસામનો વિકાસ દર ૧૩ ટકા છે. તેમણે કહ્યું હતું કે, 'ડબલ એન્જિન' સરકારના પ્રયાસોને કારણે આ શક્ય બન્યું છે. કેન્દ્ર અને રાજ્ય સરકારો આસામને આરોગ્યના કેન્દ્ર તરીકે વિકસાવી રહી છે. વિકસિત ભારતના સ્વપનને સાકાર કરવામાં પૂર્વોત્તરની ભૂમિકા મોટી છે. પીએમ મોદીએ કહ્યું હતું કે જે દિવસે ભારત સરકારે આ દેશના મહાન પુત્ર અને આસામના ગૌરવ ભૂપેન હજારિકાને ભારત રત્નથી સન્માનિત કર્યા હતા. તે જ દિવસે મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું હતું કે મોદી આ એવોર્ડ 'ગાયકો અને નર્તકો'ને આપી રહ્યા છે. વડા પ્રધાને કહ્યું હતું કે જ્યારે કૉંગ્રેસ પોતાના શાસનકાળ દરમિયાન આતંકવાદ ફેલાવતી હતી, ત્યારે તે (સેના) ચૂપ રહી. હવે આપણી સેના ઓપરેશન સિંદૂર ચલાવી રહી છે, પાકિસ્તાનના ખૂણે ખૂણેથી આતંકવાદને શોધીને મારી રહી છે, પરંતુ કૉંગ્રેસના લોકો પાકિસ્તાની સેના સાથે ઊભા છે. તેઓ તેમના એજન્ડાને આગળ ધપાવી રહ્યા છે. પાકિસ્તાનનું જૂઠ કૉંગ્રેસનો એજન્ડા બની જાય છે. તેથી જ તમારે હંમેશાં કૉંગ્રેસથી સાવધાન રહેવું જોઈએ. ■

# અમિત શાહે અમદાવાદમાં બનેલા રાજ્યના સૌથી મોટા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સનું ઉદ્ઘાટન કર્યું

અમદાવાદઃ કેન્દ્રીય ગૃહ અને સહકારિતા પ્રધાન અમિત શાહે અમદાવાદમાં નારણપુરામાં રૂ. ૮૨૪ કરોડના ખર્ચે તૈયાર થયેલા ગુજરાતના સૌથી મોટા અને અત્યાધુનિક ૧.૧૮ લાખ ચોરસમીટરના વિસ્તારમાં ફેલાયેલા આંતરરાષ્ટ્રીય સ્પોર્ટસ કોમ્પ્લેક્સનું ઉદઘાટન કર્યું હતું. આ સાથે જ તેમણે જણાવ્યું હતું કે, કોમનવેલ્થ ૨૦૩૦માં અમદાવાદમાં રમાશે અને ઓલિમ્પિકના પ્રયાસ થઈ રહ્યા છે. અમિત શાહે વડા પ્રધાન નરેન્દ્ર મોદીનો આભાર માનતા કહ્યું હતું કે, વર્ષ ૧૯૬૦થી ગ્રીન બેલ્ટ બનેલો હતો. હું અહીંયા નારણપુરામાં રહ્યો છું. આ જગ્યાનો સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ તરીકે ઉદ્ધાર થયો નહીં. વર્ષ ૨૦૧૯ પછી હું વડા પ્રધાન નરેન્દ્ર મોદી પાસે ગયો અને કહ્યું મારા ઘરથી ૪૦૦ મીટર દૂર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ બનાવવું છે. બાદમાં મને વડા પ્રધાને સામેથી બોલાવીને કહ્યું સ્પોર્ટ્સ કોમ્પલેક્સ બનાવો પરંતુ વર્લ્ડ ક્લાસ સ્પોર્ટ્સ કોમ્પલેક્સ બનાવો.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, આ દુનિયાનું સૌથી આધુનિક અને ભારતનું સૌથી મોટું સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ છે. બે વર્લ્ડ ક્લાસ પ્રતિયોગિતા યોજાઈ ગઈ અને તેના પ્રતિનિધિમંડળે કહ્યું હતું કે આ સૌથી આધુનિક સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ છે. તમામ રમતવીરો માટે સુવિધાઓ છે. રમતોને સ્લો મોશનમાં જોવા માટે થિયેટર પણ બનાવવામાં આવ્યું છે જેથી રમતવીરો તેમની રમતોને આગળ વધારી શકે છે. સંપૂર્ણ ગ્રીન સ્પોર્ટ્સ કોમ્પલેક્સની રચના ભારત અને રાજ્ય સરકારે કરી છે. અલગ અલગ રમતો સહિત તમામ સુવિધાઓ છે. ફિટ ઇન ઈન્ડિયા ઝોન પણ છે. બધી રમતોનો વિકાસ કરવાની સુવિધા છે. ભારત સરકારના વિભાગે છેલ્લા ૧૦ વર્ષમાં ખૂબ પરિવર્તન કર્યા છે. મોદી સરકારે રમતગમત પાછળ ફાળવેલા બજેટ અંગે માહિતી આપતા અમિત શાહે જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૧૪માં રમતગમતનું બજેટ ૧૬૪૩ કરોડ હતું. મોદી સરકારે ૫૩૦૦ કરોડનું બજેટ રમતગમત માટે કર્યું છે. નવું ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ખેલો ઈન્ડિયા વગેરે પરિપૂર્ણ કરી છે. નવી રમતગમત નીતિ લાવી છે. મોદી વડા પ્રધાન બન્યા પછી દેશને ૧૫ મેડલ મળ્યા છે. પોલીસ અને ફાયર ગેમ્સ ૨૦૨૯માં ભારતમાં થવાની છે. કોમનવેલ્થ ૨૦૩૦માં અમદાવાદમાં રમાશે. ૨૦૩૬માં ઓલિમ્પિક માટે ભારત પ્રયાસ કરી રહ્યું છે. હું આ સ્પોર્ટ્સ કોમ્પલેક્સ માટે ગુજરાત વતી ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. ભારતને મેડલ અપાવવું એ આપણો લક્ષ્ય હોવો જોઈએ.

આ પ્રસંગે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે ગુજરાત વતી કેન્દ્રીય ગૃહપ્રધાનનો આભાર માન્યો હતો. ■

## પહેલા પાનાનું ચાલુ

### લંડનમાં

આસિસ્ટન્ટ કમિશ્નર મેટ ટ્વિસ્ટે જણાવ્યું કે ઘણા લોકો શાંતિપૂર્ણ રીતે આવ્યા હતા, પરંતુ મોટી સંખ્યામાં લોકો હિંસા ભડકાવવાના ઇરાદે પહોંચ્યા હતા. તેઓએ પોલીસ પર હુમલો કર્યો અને સુરક્ષા ઘેરો તોડવાનો પ્રયાસ કર્યો હતો. આ રેલીમાં ૧,૧૦,૦૦૦ થી ૧,૫૦,૦૦૦ લોકોએ ભાગ લીધો હતો. જ્યારે તેના જવાબમાં માર્ચ અગેન્સ્ટ ફાસિઝમ નામથી આયોજિત રેલીમાં લગભગ ૫૦૦૦ લોકો જોડાયા હતા.

લંડનની રેલીમાં મોટી સંખ્યામાં લોકો યુરોપિયન અને બ્રિટિશ ધ્વજ અને સેન્ટ જ્યોર્જ ક્રોસ લઇને ઉમટી પડ્યા હતા. એકઠા થયેલા લોકોએ 'અમને અમારો દેશ પાછો જોઇએ છે' અને 'અમને અમારી વાણી સ્વતંત્રતા પાછી જોઇએ છે' જેવા નારા લગાવ્યા હતા. રેલીનું આયોજન સરકાર ગેરકાયદે ઇમિગ્રેશન અટકાવે, દેશમાં અભિવ્યક્તિની સ્વતંત્રતા પુનઃસ્થાપિત કરે અને બ્રિટિશ સંસ્કૃતિ અને ઓળખનું રક્ષણ કરે તેવી માગને લઇને કરવામાં આવ્યું હતું.

રેલીમાં પ્રદર્શનકારીઓએ અમેરિકન કન્ઝર્વેટિવ નેતા ચાર્લી કિર્કને યાદ કર્યા હતા. તાજેતરમાં થયેલી તેમની હત્યા અંગે શોક પણ વ્યક્ત કર્યો હતો. તેમની યાદમાં એક મિનિટનું મૌન પાળવામાં આવ્યું હતું. ટોમી રોબિન્સનનું સાચું નામ સ્ટીફન યેક્સલી-લેનન છે. તેમણે આ કૂચને અભિવ્યક્તિની સ્વતંત્રતા તરીકે રજૂ કરી છે. રોબિન્સન પોતાને પત્રકાર ગણાવે છે. તેઓ સરકારી ખામીઓને ઉજાગર કરે છે અને અમેરિકન અબજોપતિ એલોન મસ્ક જેવા પ્રભાવશાળી લોકોને પોતાના સમર્થકો ગણાવે છે.

હાલ બ્રિટનમાં સ્થળાંતરનો મુદ્દો ભારે ચર્ચામાં છે. દેશની નબળી પડી રહેલી અર્થવ્યવસ્થા છતાં લોકો આ મુદ્દા પર ધ્યાન આપી રહ્યા છે. આ વર્ષે અત્યાર સુધીમાં ૨૮૦૦૦થી વધુ લોકો નાની હોડીઓમાં ઇંગ્લિશ ચેનલ પાર કરીને બ્રિટન પહોંચ્યા છે. દેશમાં રસ્તાઓ પર લાલ-સફેદ અંગ્રેજી ધ્વજ વધુ જોવા મળી રહ્યા છે. સમર્થકો તેને દેશભક્તિ ગણાવે છે, જ્યારે વિરોધીઓ તેને વિદેશી લોકો સામે નફરત ફેલાવવાનું ગણાવી રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે તાજેતરમાં નેપાળ અને ફ્રાન્સમાં પણ મોટા પાયે રાજકીય અને સામાજિક ઉથલ-પાથલ જોવા મળી છે. બ્રિટનની જેમ અમેરિકામાં પણ ઇમિગ્રેશનના મુદ્દાને લઇને રાજકીય ધ્રુવીકરણ વધી રહ્યું છે. ટ્રમ્પની હાજરીમાં એમએજીએ સમર્થક જૂથો ઊભરી રહ્યા છે. જે ઇમિગ્રન્ટ્સનો વિરોધ કરે છે. લંડનમાં આ રેલી ચાર્લી કિર્કની હત્યા બાદ આયોજિત કરવામાં આવી હતી.

### એલોન મસ્કે વીડિયો લિંકના માધ્યમથી રેલીમાં ભાગ લીધો

લંડનમાં યોજાયેલા પ્રદર્શનમાં અમેરિકન ટેક અબજોપતિ એલોન મસ્કે પણ વીડિયો લિંકના માધ્યમથી ભાગ લીધો હતો. તેમણે ભીડને સંબોધતા બ્રિટિશ સંસદનું વિસર્જન અને સરકાર બદલવાની માગ કરી હતી. મસ્કે જણાવ્યું કે બ્રિટનની સુંદરતા હોવા છતાં દેશ સ્થળાંતરની એક ભીષણ લહેરથી ધીમે-ધીમે નાશ પામી રહ્યો છે. જો આ ચાલુ રહેશે તો લોકોએ 'કાં તો લડવું પડશે અને કાં તો મરવું પડશે.'

મસ્કે અમેરિકન કન્ઝર્વેટિવ નેતા ચાર્લી કિર્કની હત્યાનો ઉલ્લેખ કરતાં ડાબેરી પક્ષોને હત્યાનો ઉત્સવ ઉજવતી પાર્ટીઓ ગણાવી હતી. તેમજ સ્થાનિક લોકપ્રિય મીડિયા સંસ્થાઓ પર અભિવ્યક્તિની સ્વતંત્રતાને ખતમ કરવામાં મદદ કરવાનો આરોપ પણ લગાવ્યો હતો. મસ્કની આ હાજરી અને કટ્ટરપંથી વલણ સ્પષ્ટ કરે છે કે અમેરિકન એમએજીએ વિચારધારાના સમર્થકો બ્રિટિશ જમણેરી ચળવળોમાં જોડાઇ રહ્યા છે. ■

### ગુજરાતની

વાડીનારની રિફાઈનરીમાં દિવસના ૪,૦૦,૦૦૦ બેરલના રનરેટમાં અગાઉ જ મોટો ઘટાડો કર્યો છે. આ કંપની ઑગસ્ટથી રશિયન બેરલ પર જ આધાર રાખી રહી છે.

ઑગસ્ટમાં મોસ્કોએ કરેલી જહાજની વ્યવસ્થાની મદદથી ૨,૪૨,૦૦૦ બેરલ્સ પર ડે (બીપીડી) રશિયન તેલ આ કંપનીને મળ્યું હતું. કંપનીને સપ્ટેમ્બરના પૂર્વાર્ધમાં ૩,૩૨,૦૦૦ બીપીડી રશિયન તેલ મેળવ્યું હતું, એવી આંકડાકીય માહિતી ગ્લોબલ ટ્રેડ એનાલિટિક્સ કેપ્લરે આપી હતી. નાયરા કંપનીએ બીજા ચાવીરૂપ સોર્સ ઈરાક અને સઉદી અરેબિયા પાસેથી રિફાઈનરી માટે ખનીજ તેલ મળ્યું જ નથી.

જુલાઈમાં આ બે દેશો તરફથી ૧,૨૦,૦૦૦ બીપીડી તેલ મળ્યું હતું. કેપ્લરના રીસર્ચ એનાલીસ્ટે કહ્યું હતું કે નાયરાની સ્થિતિ હાલના પ્રતિબંધને લીધે પડકારરૂપ છે.

રીફાઈનરીનો બધો આધાર રશિયન ખનીજ તેલ પર રહ્યો છે. રિફાઈનરીને શિપિંગ પેમેન્ટ ચેનલ અને ક્રૂડની નીચી આયાતની સમસ્યા થઈ રહી છે. (એજન્સી) ■

### વીમા ક્ષેત્રે

સત્રમાં વીમા ક્ષેત્રમાં એફડીઆઈમાં વધુ છૂટ આપતો ખરડો રજૂ થશે એવા સવાલના જવાબમાં તેમણે કહ્યું હતું કે હું આશા રાખું છું.

નાણાપ્રધાને આ વર્ષના બજેટમાં નાણાકીય ક્ષેત્રના નવી પેઢીના સુધારાના ભાગરૂપે વીમા ક્ષેત્રમાં વિદેશી રોકાણની મર્યાદા ૭૪ ટકાથી ૧૦૦ ટકા કરવાનું સૂચવ્યું હતું.

તેમણે કહ્યું હતું કે આ વધારેલી મર્યાદા જે કંપની તેનું બધું પ્રીમિયમ ભારતમાં જ રોકશે તેને મળશે. વિદેશી રોકાણની માર્ગદર્શિકા અને શરતો નક્કી કરાશે.

અત્યાર સુધી વીમા ક્ષેત્રમાં (એફડીઆઈ) ૮૨,૦૦૦ કરોડ રૂપિયાનું ફોરેન ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટ આવ્યું છે. (એજન્સી) ■

# હિંદી વિજ્ઞાન, કોર્ટ અને પોલીસની ભાષા બનવી જોઈએઃ અમિત શાહ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે રવિવારે પાંચમા અખિલ ભારતીય રાજભાષા સંમેલનનું ઉદઘાટન કર્યું હતું. ગાંધીનગરના મહાત્મા મંદિરમાં આયોજિત થયેલા અખિલ ભારતીય રાજભાષા સમેલનમાં ઉપસ્થિત લોકોને સંબોધતા તેમણે લોકોને ભારતીય ભાષાઓને સંરક્ષિત કરવાનો અનુરોધ કર્યો હતો. તેમણે ઉપસ્થિત લોકોને પણ તેમનાં બાળકો સાથે માતૃભાષામાં વાત કરવાની અપીલ કરી હતી. આ ઉપરાંત તેમણે હિંદી અને અન્ય ભારતીય ભાષાઓ વચ્ચે કોઈ સંઘર્ષ ન હોવાનું જણાવ્યું હતું, તેમણે ભારપૂર્વક કહ્યું હતું કે, હિંદી માત્ર બોલચાલની ભાષા ન હોવી જોઈએ પરંતુ વિજ્ઞાન, ટેકનોલોજી, કોર્ટ અને પોલીસની પણ ભાષા બનવી જોઈએ.

તેમણે કહ્યું હતું કે, હિન્દી અને અન્ય ભારતીય ભાષાઓ વચ્ચે કોઈ સંઘર્ષ નથી. દયાનંદ સરસ્વતી, મહાત્મા ગાંધી, કે.એમ. મુનશી, સરદાર વલ્લભભાઈ પટેલ અને અન્ય ઘણા વિદ્વાનોએ હિન્દી સ્વીકારી અને તેનો પ્રચાર કર્યો હતો. ગુજરાત, જ્યાં ગુજરાતી અને હિન્દી સહઅસ્તિત્વ ધરાવે છે, તે બંને ભાષાઓના વિકાસનું ઉત્તમ ઉદાહરણ છે. હિન્દી ફક્ત વાતચીત કે વહીવટની ભાષા નથી. હિન્દી વિજ્ઞાન, ટેકનોલોજી, ન્યાય અને પોલીસની ભાષા પણ બનવી જોઈએ. જ્યારે આ બધાં કાર્યો ભારતીય ભાષાઓમાં થશે, ત્યારે જનતા સાથે આપમેળે જોડાણ સ્થાપિત થશે.

તેમણે કહ્યું હતું કે, માતાપિતાએ હંમેશાં બાળકો સાથે તેમની માતૃભાષામાં વાત કરવી જોઈએ. તે બાબત બાળકના ભવિષ્ય માટે આ ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે, કારણ કે ઘણા મનોવૈજ્ઞાનિકો અને શિક્ષણવિદોએ તે બાબતને સમર્થન આપ્યું છે કે, બાળક તેની માતૃભાષામાં વિચારે છે. જેમ જેમ તમે બાળક પર તેની માતૃભાષા સિવાયની કોઈ ભાષા લાદશો, તેમ તેમ તેની માનસિક ક્ષમતાના ૨૫ થી ૩૦ ટકા તેનો અનુવાદ કરવા માટે ઉપયોગમાં લેવાશે.

તેમણે વધુમાં કહ્યું હતું કે, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ વિવિધ પ્રકારની ટેકનોલોજી દ્વારા સ્થાનિક ભાષાઓને મજબૂત બનાવવાનું કામ કર્યું છે અને ગૃહ મંત્રાલયે ભારતીય ભાષા વિભાગ (ભારતીય ભાષા વિભાગ) બનાવ્યો છે, જે હિન્દી અને અન્ય ભાષાઓને પ્રોત્સાહન આપશે.

અમિત શાહે વધુમાં કહ્યું હતું કે, ૫૧,૦૦૦ શબ્દોથી શરૂ થયેલો હિન્દી શબ્દ સિંધુ હવે સાત લાખ શબ્દોને વટાવી ગયો છે અને ૨૦૨૯ સુધીમાં તે વિશ્વની બધી ભાષાઓનો સૌથી મોટો શબ્દકોશ બની જશે. હું તમને ખાતરી આપું છું કે ૨૦૨૯ સુધીમાં આ હિન્દી શબ્દ સિંધુ વિશ્વની બધી ભાષાઓનો સૌથી મોટો શબ્દકોશ બની જશે. આ શબ્દકોશ દ્વારા અમે હિન્દીને લવચીક પણ બનાવી છે. ઘણા હિન્દી વિદ્વાનો આગ્રહ રાખે છે કે હિન્દી સંસ્કૃતથી સમૃદ્ધ હોવી જોઈએ. આ સામે કોઈને કોઈ વાંધો નથી. પરંતુ આ ખાલી જગ્યા ભારતીય ભાષાઓથી ભરવી પડશે. ત્યારે જ હિન્દી ભારતના તમામ લોકોને પરિચિત લાગશે. અને હિન્દી ત્યારે જ બોલાતી ભાષા બની શકે છે જ્યારે તે લવચીક બનશે. ■

# મહેસાણામાં સલ્ફર પ્લાન્ટમાં ભીષણ આગ, બે શ્રમિકનાં મોત, બે ઈજાગ્રસ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મહેસાણા-બહુચરાજી હાઈવે પર આવેલા સામેત્રા ગામ નજીક આવેલા એપીએન સલ્ફર પ્લાન્ટમાં શનિવારે મોડી રાત્રે ભીષણ આગ ફાટી નીકળતાં ભારે અફરાતફરી મચી ગઈ હતી. આ દુર્ઘટનામાં પ્લાન્ટમાં કામ કરી રહેલા બે શ્રમિક ગંભીર રીતે દાઝી જતા કરુણ મોત નિપજ્યાં હતાં, જ્યારે બે લોકોને ઈજાઓ પહોંચતા તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. બે મૃતકોમાં મનીષ નામનો મજૂર બિહારનો હતો જ્યારે ફુલચંદ મહારાષ્ટ્રનો હતો. મળતી માહિતી અનુસાર, મહેસાણાના સામેત્રા ગામ નજીક ફર્ટિલાઈઝરનું ઉત્પાદન કરતી આ ખાનગી કંપનીમાં રાત્રે બે વાગે અચાનક આગ લાગી હતી. આગ એટલી વિકરાળ હતી કે તેની લપેટમાં આસપાસ કામ કરતા શ્રમિકો આવી ગયા હતા. ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. જોકે, ફાયર ટીમ પહોંચે તે પહેલાં જ પ્રાથમિક વિગતો મુજબ કંપનીના કર્મચારીઓ અને સ્થાનિક લોકોની મદદથી આગ પર કાબૂ મેળવી લેવામાં આવ્યો હતો. આગ પર કાબૂ મેળવ્યા બાદ જ્યારે પ્લાન્ટની અંદર તપાસ કરવામાં આવી, ત્યારે બે શ્રમિકના મૃતદેહ મળી આવ્યા હતા. એક અન્ય શ્રમિક પણ ઈજાગ્રસ્ત હાલતમાં મળી આવ્યા હતા. તેમને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતી. આ ઘટનાથી સમગ્ર વિસ્તારમાં શોકનું મોજું ફરી વળ્યું હતું.

આ દુર્ઘટનનાની જાણ થતાં જ મહેસાણા પોલીસ અને ઉચ્ચ અધિકારીઓનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે બંને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યા હતા. કયા કારણોસર લાગી જાણવા માટે પોલીસે ઘટનાસ્થળે પહોંચી ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરી છે. ફેક્ટરીમાં સલામતીના નિયમોના પાલન અંગે પણ તપાસ શરૂ કરવામાં આવી છે. તે ઉપરાંત પ્લાન્ટના મેનેજમેન્ટની પણ પૂછપરછ કરવામાં આવી રહી છે. ■

# સુરત જિલ્લામાં લોક અદાલત યોજાઈ

## ૯૫,૩૬૯ કેસનો નિકાલ થયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કાનૂની સેવા સત્તામંડળના પ્રયાસોથી સુરત જિલ્લામાં યોજાયેલી નેશનલ લોક અદાલતને અભૂતપૂર્વ સફળતા મળી હતી. નેશનલ લીગલ સર્વિસીસ ઓથોરિટી અને ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તામંડળના માર્ગદર્શન હેઠળ સુરત જિલ્લાની તમામ અદાલતોમાં આ લોકઅદાલતનું આયોજન કરવામાં આવ્યું હતું. આ એક જ દિવસમાં કુલ ૯૭,૩૩૧ કેસ હાથ ધરવામાં આવ્યા હતા, જેમાંથી ૯૫,૩૬૯ કેસનો સફળતાપૂર્વક નિકાલ થયો. એક કોમર્શિયલ સ્યૂટમાં રૂ. ૩૬ કરોડથી વધુના દાવામાં સમાધાન થયું હતું, જ્યારે મોટર અકસ્માતના એક કેસમાં રૂ.૧,૮૦,૦૦,૦૦૦નું વળતર ચૂકવવામાં આવ્યું હતું. સુરત જિલ્લાએ સતત બીજી વખત લોકઅદાલતમાં કેસોના નિકાલમાં સમગ્ર રાજ્યમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. આ લોકઅદાલતનો પ્રારંભ જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ, સુરતના અધ્યક્ષ અને મુખ્ય જિલ્લા ન્યાયાધીશ રાહુલ એ. ત્રિવેદીના આદેશ અનુસાર થયો હતો. લોકઅદાલતમાં ફોજદારી સમાધાનપાત્ર કેસો, ચેક રિટર્નના કેસો , બેન્કના નાણાં વસૂલાતના કેસો, મોટર અકસ્માતના કેસો, મજૂર વિવાદના કેસો, પાણી અને વીજળી બિલના કેસો, લગ્ન સંબંધિત વિવાદો, મહેસૂલ અને સિવિલ કેસો સહિતના અનેક પ્રકારના કેસોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. પક્ષકારો અને વકીલોના પ્રયાસોથી લાંબા સમયથી ચાલતા વિવાદોનો સુખદ અંત આવ્યો હતો. ■

# અમદાવાદમાં નૈશલ ઠાકોર હત્યા કેસમાં સાત આરોપી ઝડપાયા

## પરિવારે ફાંસીની માગણી કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદના પાલડીમાં નૈશલ ઠાકોરની થયેલી હત્યા કેસમાં પોલીસને મોટી સફળતા મળી હતી. આ કેસમાં પોલીસે સાત આરોપીઓને ઝડપી પાડ્યા હતાં. જેમાંથી ત્રણ આરોપી રાજસ્થાનના માઉન્ટ આબુમાંથી જ્યારે ચાર આરોપી ગાંધીનગરમાંથી ઝડપાયા હતા. પાલડી પોલીસ અને એલસીબી ઝોન સાતની ટીમે સંયુક્ત ઓપરેશન ચલાવી આરોપીઓને ઝડપી પાડ્યા હતાં. શુક્રવારે વહેલી સવારે પાલડીના ભઠ્ઠા વિસ્તારમાં નૈશલ ઠાકોરની ગાડીમાં આવી તીક્ષ્ણ હથિયારોથી હત્યા કરવામાં આવી હતી. આ ઘટનાની પાછળ અંગત અદાવત હોવાનો પ્રાથમિક અંદાજ હતો. નૈશલની હત્યા બાદ પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે મુખ્ય આરોપી જયેશ ઠાકોર, ભાવિક મકવાણા સહિત સાતની ધરપકડ કરી હતી. નૈશલ ઠાકોરના મોતથી પરિવારજનોમાં ભારે શોકનો માહોલ જોવા મળ્યો હતો. પોતાના એકના એક સંતાનને ગુમાવનારા પરિવારજનો આરોપીઓની ફાંસીની સજા માટે માગ સાથે જાહેરમાં સરઘસ કાઢે અને કાયદાનો પાઠ ભણાવે તેવી પણ અપીલ કરી હતી. મૃતક નૈશલ લોકોને મદદરૂપ થતો અને સમાજસેવી સ્વભાવ ધરાવતો યુવાન હતો. તમામ આરોપીઓની ઉંમર ૨૦ થી ૨૫ વર્ષની છે, પોતાની જાતને ડોન સમજીને બેઠેલા આ હત્યારાઓનું જાહેરમાં સરઘસ કાઢી કાયદાનો પાઠ ભણાવવામાં આવે તેવી સ્થાનિકોએ પણ માગણી કરી હતી. ■

# નમો લક્ષ્મી યોજના હેઠળ ₹૧000 કરોડથી વધુની અને નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના અંતર્ગત ₹૧૬૧ કરોડથી વધુની આર્થિક સહાયની ચુકવણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યના વિદ્યાર્થીઓને ઉચ્ચ ગુણવત્તાયુક્ત ભવિષ્યલક્ષી શિક્ષણ મળી રહે તે માટે ગુજરાત સરકાર દ્વારા માર્ચ ૨૦૨૪માં બે નવી યોજનાઓ નમો લક્ષ્મી યોજના અને નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના જાહેર કરવામાં આવી હતી. સરકારે આપેલી માહિતી મુજબ નમો લક્ષ્મી યોજના હેઠળ અત્યાર સુધીમાં ૧૦.૪૯ લાખથી વધુ વિદ્યાર્થિનીઓને રૂ.૧૦૦૦ કરોડથી વધુની આર્થિક સહાય અને નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના અંતર્ગત ૧.૫૦ લાખથી વધુ વિદ્યાર્થીઓને રૂ. ૧૬૧ કરોડથી વધુની સહાય ચૂકવવામાં આવી છે.

પ્રાથમિક શિક્ષણ પૂર્ણ કર્યા પછી આર્થિક અક્ષમતાઓને કારણે રાજ્યની દીકરીઓને શિક્ષણ છોડી ન દેવું પડે અને વધુ ને વધુ દીકરીઓ પોતાનું સંપૂર્ણ શાળાકીય શિક્ષણ પૂર્ણ કરે તેવા ઉદ્દેશથી રાજ્ય સરકારે નમો લક્ષ્મી યોજનાની શરૂઆત કરી હતી. યોજના હેઠળ, રાજ્યની ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ અને કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માન્યતા પ્રાપ્ત શાળાઓમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓને આ સહાય મળવાપાત્ર છે. જો વિદ્યાર્થિનીઓને સરકારની અન્ય કોઈ યોજના હેઠળ સ્કોલરશિપનો લાભ મળતો હોય તો પણ આ યોજનાનો લાભ વધારાના લાભ તરીકે મળવાપાત્ર છે.

નમો લક્ષ્મી યોજના હેઠળ ધોરણ ૯થી ૧૨માં અભ્યાસ કરવા માટે વિદ્યાર્થિનીઓને આ ચાર વર્ષ દરમિયાન કુલ રૂ.૫૦ હજારની આર્થિક સહાય આપવામાં આવે છે. નમો લક્ષ્મી યોજના શરૂ થયેથી અત્યારસુધીમાં રાજ્યની ૧૦.૪૯ લાખથી વધુ વિદ્યાર્થીનીઓને રૂ.૧૦૦૦ કરોડથી વધુની આર્થિક સહાયની ચુકવણી કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, રાજ્યની વિવિધ શાળાઓ દ્વારા આ યોજનાના સુચારૂ સંચાલન માટે અલાયદું 'નમો લક્ષ્મી પોર્ટલ' અમલી કરવામાં આવ્યું છે.

નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજનાનો લાભ પ્રવાહમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને મળે છે

રાજ્યના વિદ્યાર્થીઓને ધોરણ ૧૧-૧૨માં વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરવા માટે પ્રોત્સાહન આપવાના ઉદ્દેશથી રાજ્ય સરકાર દ્વારા નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના અમલી બનાવવામાં આવી છે. જે વિદ્યાર્થીઓ ધોરણ-૧૦ની બોર્ડ પરીક્ષામાં ૫૦ ટકા કે તેથી વધુ ગુણ મેળવીને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ અથવા કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા પ્રાપ્ત રાજ્યની સરકારી, અનુદાનિત અને સ્વ-નિર્ભર શાળાઓમાં ઉચ્ચતર માધ્યમિકમાં વિજ્ઞાન પ્રવાહમાં પ્રવેશ મેળવે તેવા વિદ્યાર્થીઓને આ યોજના હેઠળ આર્થિક સહાય મળવાપાત્ર છે.

નમો સરસ્વતી યોજના હેઠળ ધો-૧૧ અને ૧૨માં વિજ્ઞાન પ્રવાહમાં ભણતા વિદ્યાર્થીઓને બે વર્ષ દરમિયાન કુલ રૂ.૨૫,૦૦૦ની આર્થિક સહાય આપવામાં આવે છે. ઉલ્લેખનીય છે કે, 'નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના' શરૂ થયેથી અત્યારસુધીમાં રાજ્યના ૧.૫૦ લાખથી વધુ વિદ્યાર્થીઓને રૂ.૧૬૧ કરોડથી વધુની સહાયની ચુકવણી કરવામાં આવી છે. ગુજરાતની શાળાઓ દ્વારા આ યોજનાના સુચારૂ સંચાલન માટે 'નમો સરસ્વતી પોર્ટલ' અમલી કરવામાં આવ્યું છે. ■

# વડોદરામાં શિવસેના કાર્યકરોએ ભારત-પાકિસ્તાન મેચનો પોસ્ટરો બાળી ઉગ્ર વિરોધ કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરામાં ભારત-પાકિસ્તાન વચ્ચે દુબઈમાં રમાનારી એશિયા કપની મેચને લઈને શિવસેના કાર્યકરો દ્વારા ઉગ્ર વિરોધ નોંધાયો હતો. ક્રિકેટરોના શહેર વડોદરામાં શિવસેનાના કાર્યકરો મોટી સંખ્યામાં ભેગા થયા હતા અને પાકિસ્તાન વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરી વિરોધ પ્રદર્શન યોજ્યું હતું. કાર્યકરો પાકિસ્તાનના ધ્વજને પગ નીચે કચડીને પોતાનો રોષ ઠાલવ્યો હતો.

ગાંધીનગર ગૃહ નજીક શિવસેના કાર્યકરો પાકિસ્તાન વિરુદ્ધ આક્રોશ વ્યક્ત કરતા દેખાયા હતા. કાર્યકરોએ 'પાકિસ્તાન હાય હાય'ના નારા લગાવીને પાકિસ્તાનના ખેલાડીઓના પોસ્ટરો પણ બાળ્યા હતા. તેમનું કહેવું હતું કે, 'પાકિસ્તાન સતત ભારત વિરુદ્ધ આતંકવાદી પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપે છે, તેથી તે દેશ સાથે ક્રિકેટ મેચ રમવાનો નિર્ણય ભારત માટે શરમજનક છે'.શિવસેના કાર્યકરોની માગ હતી કે, ભારતના શહીદોના બલિદાનને યાદ રાખીને સરકાર તથા ક્રિકેટ બોર્ડે પાકિસ્તાન સામેના તમામ રમતોનો બહિષ્કાર કરવો જોઈએ. આ વિરોધને લઈ પોલીસ તંત્ર દ્વારા ભારે બંદોબસ્ત ગોઠવાયો હતો જેથી કોઈ અણધારી ઘટના સર્જાય નહીં. ■

# અમદાવાદમાં બિલ્ડરની હત્યા, મર્સિડિઝ કારની ડિકીમાંથી મળી લાશ, ત્રણ આરોપી ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદ શહેરમાં વધતી જતી ગુનાહિત પ્રવૃત્તિઓ શહેર પોલીસ સામે પડકાર સમાન છે. બે દિવસ પહેલા પાલડીમાં યુવકની હત્યા બાદ શહેરના પૂર્વ વિસ્તારમાં ફરીથી એક ચોંકાવનારો બનાવ બન્યો હતો. વિરાટનગર ઓવરબ્રિજ નીચે પાર્ક કરેલી સફેદ રંગની મર્સિડિઝ કારની ડિકીમાંથી બિલ્ડરની લાશ મળી આવતા શહેરમાં ખળભળાટ મચ્યો હતો. મૃતકની ઓળખ પાટીદાર અગ્રણી અને બિલ્ડર હિંમત રૂડાણી તરીકે થઈ હતી.

મોડી રાતે કારમાંથી આવતી તીવ્ર દુર્ગંધને પગલે રહેવાસીઓએ પોલીસને જાણ કરી હતી. ઓઢવ પોલીસે ઘટના સ્થળે પહોંચી તપાસ કરતાં કારની ડિકીમાંથી એક લાશ મળી આવી હતી. પ્રાથમિક તપાસ પ્રમાણે તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકીને હત્યા કરવામાં આવી હોવાનું પ્રકાશમાં આવ્યું હતું. હિંમતભાઈ પોતાના કન્સ્ટ્રક્શન સાઇટ પર જવા માટે નીકળ્યા હતા, પરંતુ પાછા ફર્યા ન હતા. મોબાઈલ કોલ ડિટેલ્સ અને સીસીટીવી ફૂટેજના આધારે પોલીસે ઝડપી તપાસ શરૂ કરી હતી. પોલીસે ગણતરીના કલાકોમાં જ ત્રણ આરોપીની ધરપકડ કરી લીધી હતી. પોલીસે હત્યાના આરોપમાં હિમાંશુ ઉર્ફે રાહુલ રાઠોડ, પપ્પુ મેઘવાલ અને એક સગીર એમ ત્રણની ધરપકડ કરી લીધી હતી. પ્રાથમિક તપાસમાં પૈસાની લેવડ-દેવડના વિવાદને કારણે આ હત્યા થઈ હોવાની આશંકા છે. જો કે, આરોપીઓની પૂછપરછ કરીને પોલીસે હત્યાનો ભેદ ઉકેલવા માટે કાર્યવાહી શરૂ કરી દીધી હતી. ■

# નવરાત્રિ માટે વડોદરા પોલીસની સંપૂર્ણ તૈયારી

## ચણિયા-ચોળીમાં ફરજ બજાવશે મહિલા પોલીસ

અમદાવાદઃ નવરાત્રિ ૨૦૨૫ને ધ્યાનમાં રાખીને વડોદરા જિલ્લા પોલીસ તંત્ર દ્વારા સુરક્ષા, સલામતી અને ટ્રાફિક વ્યવસ્થાનું ખાસ આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લા એસપી સુશીલ અગ્રવાલે જણાવ્યું કે મોટા કોમર્શિયલ ગરબા સ્થળો તેમ જ શેરી ગરબાઓનું મેપિંગ અને સ્થળ વિઝિટ પૂર્ણ કરી દેવામાં આવ્યું છે. સુરક્ષાવ્યવસ્થાને લઈને કોઈ ખામી ન રહે તેની પૂરી તકેદારી પોલીસ તંત્ર રાખી રહ્યું છે. આ વર્ષે એક અનોખી પહેલ તરીકે મહિલા પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ પરંપરાગત ચણિયા-ચોળી તેમ જ અન્ય વેશભૂષામાં ગરબા મેદાનોમાં ફરજ બજાવશે. આ પગલાનો હેતુ ખેલૈયાઓ સાથે ભળી જઈને સુરક્ષા પર સીધી નજર રાખવાનો છે, જેથી કોઈ અણબનાવ ઊભો થાય તો તરત જ કાર્યવાહી થઈ શકે. આ વ્યવસ્થાથી ખેલૈયાઓ વધુ સુરક્ષિત અને નિર્ભયતાનો અનુભવ કરી શકશે.

સુરક્ષા સાથે ખેલૈયાઓની સુવિધા પર પણ ખાસ ધ્યાન આપવામાં આવ્યું છે. નવરાત્રિ દરમિયાન વિશેષ ટ્રાફિક પ્લાન અમલી બનાવાશે જેથી ખેલૈયાઓને ઘરે જવા-આવવામાં મુશ્કેલી ન પડે. ઉપરાંત, ગરબા આયોજકો સાથે પોલીસ સતત બેઠકો યોજી રહી છે અને દરેક મોટા સ્થળે પોલીસ હેલ્પ ડેસ્ક ઊભા કરવામાં આવશે. નવરાત્રિ માત્ર આનંદ જ નહીં પરંતુ આપણાં ગુજરાતની આગવી સાંસ્કૃતિક ઓળખ છે, તેથી નિયમોનું પાલન કરીને તહેવારની ઉજવણી શાંતિપૂર્ણ બનાવવા સૌ સહકાર આપે. ■

# અંકલેશ્વરની પાનોલી જીઆઈડીસીમાં કેમિકલ કંપનીમાં ભીષણ આગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અંકલેશ્વરની પાનોલી જીઆઈડીસી વિસ્તારમાં આવેલી સંઘવી ઓર્ગેનિક્સ કંપનીમાં ભીષણ આગ ફાટી નીકળી હતી.

કેમિકલ વિભાગમાંથી લાગેલી આગે જ્વલનશીલ પદાર્થોને કારણે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. ભયંકર આગના કારણે દૂર દૂર સુધી ધુમાડાના ગોટેગોટા દેખાતા લોકોમાં ભયનું વાતાવરણ છવાઈ ગયું હતું.

આગની જાણ થતાં જ અંકલેશ્વર, ઝઘડિયા અને આસપાસની જગ્યાઓમાંથી ફાયરબ્રિગેડની છ ગાડીઓ ઘટનાસ્થળે દોડી આવી હતી. અગ્નિશામક દળના જવાનો દ્વારા આગને કાબૂમાં લેવા પાણી અને ફોમનો સતત મારો ચાલુ રાખવામાં આવ્યો હતો. આગની ઘટના અંગે ફાયર અધિકારીઓએ જણાવ્યું હતું કે, આગે ગંભીર સ્વરૂપ ધારણ કર્યું હતું તેના કારણે તેને કાબૂમાં લેવા લાંબો સમય લાગ્યો હતો.

આગને કારણે નજીકના સંજાલી ગામના ગ્રામજનો પોતાના ઘર છોડીને સુરક્ષિત સ્થળે પહોંચી ગયાં હતાં. સદ્‌ભાગ્યે આ આગની ઘટનામાં કોઈ જાનહાનિના અહેવાલ મળ્યા નહોતા, પરંતુ કંપનીને મોટા પાયે આર્થિક નુકસાન થયું હોવાનું અનુમાન છે. આ સમગ્ર મામલે પોલીસ અને જીઆઈડીસી અધિકારીઓએ ઘટનાસ્થળે પહોંચી તપાસ શરૂ કરી દીધી હતી. પ્રાથમિક તપાસ પ્રમાણે આગ શોર્ટ સર્કિટ કે કેમિકલ રિએક્શનથી લાગી હશે. ■

# પાણીમાં બેક્ટેરિયા હોવાથી એએમસીએ મિનરલ પાણીના ૭૫ એકમ સીલ કર્યાં

અમદાવાદઃ શહેર મહાનગરપાલિકા દ્વારા શનિવારે પાણીના જગ વેચતા કુલ ૭૫ એકમને સીલ કરવામાં આવ્યાં હતા. આ મિનરલ પ્લાન્ટમાં બેક્ટેરિયા જોવા મળ્યાં હોવાથી એએમસી દ્વારા કાર્યવાહી કરવામાં આવી હતી. આ મિનરલ પ્લાન્ટ અમદાવાદ શહેરમાં લગ્નપ્રસંગમાં, બેસણામાં અને અન્ય કાર્યક્રમમોમાં પાણીના જગનું વેચાણ કરતા હતાં. અમદાવાદ શહેરમાં છેલ્લા બે મહિનામાં જ પાણીજન્ય રોગચાળાના ૧૩૮૪ જેટલા કેસ સામે આવ્યા છે, જેમાં ઝાડા ઊલટીના ૪૧૭, કમળાના ૫૭૪, ટાઇફોઇડના ૫૨૯, કોલેરાના ૧૦ કેસ નોંધાયા હોવાથી એએમસી દ્વારા સઘન તપાસ શરૂ કરવામાં આવી હતી.

અમદાવાદ મહાનગરપાલિકાએ શહેરના દક્ષિણ ઝોનમાં સૌથી વધારે મિનરલ પાણીના પ્લાન્ટ સીલ કર્યાં છે. ખાસ કરીને ઠક્કરબાપાનગર અને સરખેજમાં કેટલાક એકમોમાં મહિનામાં બીજી વખત તપાસ કરતાં ફરી પાણીનાં સેમ્પલ ફેઇલ થયા હતાં. જેથી એએમસીએ આ કાર્યવાહી હાથ ધરી હતી. એએમસી દ્વારા ઉત્તર ઝોનમાં ૧૦ એકમ, પૂર્વ ઝોનમાં નવ એકમ, પશ્ચિમ ઝોનમાં પાંચ એકમ, દક્ષિણ ઝોનમાં ૩૪ એકમ, ઉત્તર પશ્ચિમ ઝોનમાં ૧૧ એકમ, દક્ષિણ પશ્ચિમ ઝોનમાં પાંચ એકમ સીલ કરવામાં આવ્યાં છે.

આ સાથે જય ભવાની વોટર જગ, એસપી વોટર જગ, પવન બેવરેજીસ જગ, રવિ વોટર જગ, ઓક્સિજન વોટર જગ, ટીજીબી વોટર જગ, જય લેમ્બોજ મા વોટર જગ, નેહલ બેવરેજીસ, અમર મિનરલ, ક્રિષ્ના મિનરલ વોટર જગ, મહાલક્ષ્મીનગર, શિવ શક્તિ મિનરલ, સિકોતર વોટર પ્લાન્ટ, શ્રીજી મિનરલ વોટર, શ્રીનાથ વોટર પ્લાન્ટ, હરેકૃષ્ણ વોટર જગ સપ્લાયર્સ, આર વોટર જગ સપ્લાય, હિતાક્ષી વોટર સપ્લાય, બાબુભાઇ બરફવાળા, જસવંતભાઈ મકવાણા, એવરગ્રીન વોટર સપ્લાય, મિકેશભાઈ દરબાર, જયેશ પટેલ, એસપી વોટર, શ્રી હરી વોટર જગ વિક્રેતા, સ્ટાર વોટર જગ સપ્લાયર્સ, બાબુભા વોટર જગ, આઈઆર વોટર જગ, બાણગંગા પ્રા. વોટર, સીતારામ મિનરલ વોટર અને ઓમ વોટર પ્લાન્ટના પાણીમાં બેક્ટેરિયા મળી આવ્યાં હતા.■

# સુરતની હૉટેલમાં ચાલતા હાઈ-પ્રોફાઈલ સેક્સ રેકેટનો પર્દાફાશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત પોલીસે હાઈ-પ્રોફાઈલ સેક્સ રેકેટનો પર્દાફાશ કર્યો હતો. જહાંગીરપુરા વિસ્તારમાં આવેલી પાર્ક પેવેલિયન હૉટેલમાં હાઈ-પ્રોફાઈલ સેક્સ રેકેટ ચાલતું હોવાની બાતમી મળતા પોલીસે રેડ પાડી હતી. સુરત પોલીસે પાર્ક પેવેલિયન હૉટેલમાંથી૧૩ વિદેશી મહિલા અને નવ પુરુષ સહિત કુલ ૨૨ લોકોની અટકાયત કરી છે. પ્રાથમિક તપાસ પ્રમાણે આ હાઈ-પ્રોફાઇલ સેક્સ રેકેટ વૉટ્સઍપ દ્વારા ચાલતું હતું.

પોલીસ જ્યારે હૉટેલના ચોથા માળે પહોંચી ત્યારે દરવાજો બંધ હોવાથી લોક તોડી અંદર પ્રવેશ કર્યો હતો. અંદર સાત લોકો મળ્યા હતા જેમાંથી મેનેજર તરીકે કામ કરતો રૂપેશ ઉર્ફે મેક્સી રમેશ મિશ્રાએ સ્વીકાર્યું કે તે ગ્રાહકો પાસેથી રૂપિયા લઈને મહિલાઓને મોકલતો હતો. આ સાથે જ પોલીસે સંજય હિંગડે, રાહુલ સોલંકી અને બિપીન ઉર્ફે બંટી બાબરિયા પણ આ ગેરકાયદેસર પ્રવૃત્તિમાં સામેલ હોવાનું સામે આવ્યું હતું. આ રેકેટનો મુખ્ય સંચાલક વિજય મોહન કસ્તુરે હોવાનું ખૂલ્યું છે, જે હોટલના ખર્ચા અને સ્ટાફના પગારનું સંચાલન કરતો હતો.

રૂપેશ મિશ્રાએ પૂછપરછમાં ખુલાસો કર્યો હતો કે એક ગ્રાહક પાસેથી મળતા ૩,૫૦૦ રૂપિયામાંથી ૨,૦૦૦ રૂપિયા કમિશન તરીકે રાખવામાં આવતા અને ૧,૫૦૦ રૂપિયા મહિલાઓને આપવામાં આવતા હતાં. પોલીસે આ મામલે ઇમોરલ ટ્રાફિક પ્રિવેન્શન ઍક્ટ ૧૯૫૬ તથા ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી હતી. પોલીસે હૉટેલના સંચાલકો અને ગ્રાહકો સહિત કુલ નવ આરોપીની ધરપકડ કરી હતી. ■

# ઈન્ડિગોની અમદાવાદ-ગુવાહાટી ફ્લાઈટને રદ કરી હોવા છતાં મુસાફરોને અઢી કલાક સુધી પ્લેનમાં બેસાડી રાખ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદ એરપોર્ટ પરથી ગુવાહાટી જતી ઈન્ડિગોની ફ્લાઈટ ૬ઈ-૬૪૪૧ ટેકનિકલ ખામીના કારણે રદ કરવામાં આવી હતી. ફ્લાઇટ રદ કરવામાં આવી હોવાથી મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

સવારે ૮:૨૦ વાગ્યે ટેક-ઓફ થનારી ફ્લાઈટ એન્જિનમાં ખામી દેખાતાં રદ કરવામાં આવી હતી. આ દરમિયાન મુસાફરોને બહાર કાઢવાને બદલે લગભગ અઢી કલાક સુધી એરક્રાફ્ટની અંદર જ બેસાડી રાખવામાં આવ્યા હતા.

બોઈંગ એરક્રાફ્ટ ગુવાહાટી માટે ઉડાન ભરવા તૈયાર હતું, પરંતુ પાયલટે એન્જિનમાં ખામી જણાતાં તાત્કાલિક ફ્લાઈટ અટકાવી દેવી પડી હતી. મુસાફરોને સવારે ૧૦:૪૫ વાગ્યે જ વિમાનમાંથી ઉતારી દેવામાં આવ્યા હતા. આથી મુસાફરોમાં ભારે નારાજગી જોવા મળી હતી, કારણ કે અઢી કલાક સુધી ફ્લાઈટની અંદર અટવાઈ રહેવું પડ્યું હતું.

ઇન્ડિગો એરલાઈન્સે આ અંગે સ્પષ્ટતા કરતાં જણાવ્યું હતું કે, મુસાફરોને નિરાશ ન કરાય તેના માટે વૈકલ્પિક વ્યવસ્થા તાત્કાલિક કરવામાં આવી હતી. અંતે બપોરે એક વાગ્યાની આસપાસ ફ્લાઈટે ઉડાન ભરી હતી, પરંતુ પહેલા ફ્લાઇટ રદ કરી હોવાથી છતાં પણ મુસાફરોને અઢી કલાક સુધી ફ્લાઇટમાં બેસાડી રાખ્યા હોવાથી લોકો ઈન્ડિગો એરલાઈન્સ પર રોષે ભરાયા હતા. ■

# ગુજરાતમાં સરેરાશ ૧૦૮.૦૨ ટકા વરસાદ નોંધાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં કચ્છ અને ઉત્તર ગુજરાત સહિતના વિસ્તારોમાં ભારે વરસાદ નોંધાયો હતો. ગુજરાતમાં અત્યાર સુધીમાં સરેરાશ વરસાદની સામે ૧૦૮.૦૨ ટકા વરસાદ નોંધાયો છે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે આગામી છ દિવસ રાજ્યભરમાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદ થઈ શકે છે. તારીખ ૧૬ સપ્ટેમ્બર સુધીમાં ગુજરાતના તમામ જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે.

વરસાદની આગાહી હોવાના કારણે દરિયાકાંઠામાં વિસ્તારોમાં માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી હતી.

રાજ્યના જળાશયોની સ્થિતિની વાત કરવામાં આવે તો, ૨૦૬ જળાશયો કુલ ક્ષમતા સામે ૯૦.૨૦ ટકા ભરાયા છે. ૧૦૮ જળાશયો ૧૦૦ ટકા ભરાયા, ૬૪ જળાશયો ૭૦ ટકાથી ૧૦૦ ટકા વચ્ચે ભરાયા, ૧૬ જળાશયો ૫૦ ટકાથી ૭૦ ટકા ભરાયા અને ૧૮ જળાશયો ૨૫ ટકા કરતા પણ ઓછા ભરાયા છે.

૧૪૪ જળાશયો અત્યારે હાઈ અલર્ટ પર, ૧૩ જળાશયો અલર્ટ પર અને ૧૫ જળાશયો વોર્નિંગ પર છે. ■

નવમાં પાનાનું ચાલુ

## ભારત-પાકિસ્તાન

તેમણે કર્યો હતો. મહારાષ્ટ્ર ભાજપ મીડિયા સેલના વડા નવનાથ બાને પણ ઠાકરે અને તેમના નજીકના સહાયક અને સેના (યુબીટી) સાંસદ સંજય રાઉત પર પ્રહારો કર્યા, અને તેમના રાષ્ટ્રવાદના વલણને ''દંભી'' ગણાવ્યું. તેમણે કહ્યું કે પહેલા તમારા પોતાના પક્ષના સાથીદાર મિલિંદ નાર્વેકરનું રાજીનામું માગો, જે મુંબઈ ક્રિકેટ એસોસિએશનની સર્વોચ્ચ સમિતિમાં છે. વાસ્તવિક રાષ્ટ્રવાદ ઘરેથી શરૂ થવો જોઈએ, પરંતુ ઠાકરે ક્યારેય એવું નહીં કરે; તેના બદલે, તેઓ પોકળ વિરોધમાં ભાગ લેશે. મુંબઈ ભાજપ પ્રમુખ અમિત સાટમે પણ ઠાકરે પર નિશાન સાધ્યું, એક્સ પર નાર્વેકર સાથેનો ઠાકરેનો ફોટો શેર કરીને લખ્યું કે શું ભારત-પાકિસ્તાન મેચ અંગે તેમના મંતવ્યો પર ઠાકરે સવાલ ઉઠાવશે?

શનિવારે, ઠાકરેએ તેમના પિતા, શિવસેનાના સ્થાપક સ્વર્ગસ્થ બાલ ઠાકરેની પાકિસ્તાની ક્રિકેટર જાવેદ મિયાંદાદ સાથેની મુલાકાતનો ઉલ્લેખ કરતા કહ્યું કે, તેમના પિતાએ મિયાંદાદને સ્પષ્ટપણે કહ્યું હતું કે જ્યાં સુધી પાકિસ્તાનથી આતંકવાદી હુમલા બંધ ન થાય ત્યાં સુધી ક્રિકેટ રમી શકાય નહીં. તેમણે લોકોને મેચ ન જોવાની અપીલ કરી અને કહ્યું કે તેમની પાર્ટીની મહિલા કાર્યકરો સિંદૂર એકત્રિત કરીને વડા પ્રધાન કાર્યાલયમાં મોકલશે.

પરંપરાગત હરીફ ભારત અને પાકિસ્તાન રવિવારે સાંજે દુબઈમાં ટકરાયા. મે મહિનામાં સરહદ પર થયેલા સંઘર્ષ બાદ બંને પક્ષો વચ્ચેનો આ પહેલો મુકાબલો હશે. સરકારની નવી રમત નીતિ અનુસાર, ભારત પાકિસ્તાન સામે દ્વિપક્ષીય સ્પર્ધાઓ રમશે નહીં પરંતુ ચાલુ એશિયા કપ અને આઈસીસી ઇવેન્ટ્સ જેવી બહુપક્ષીય ટૂર્નામેન્ટમાં તેમનો સામનો કરવાનું ચાલુ રાખશે. (પીટીઆઈ).

## મુંબઈ એરપોર્ટ પર

આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર આવ્યા હતા. ડીઆરઆઇના અધિકારીઓએ શંકાને આધારે બંને પ્રવાસીને તાબામાં લીધા હતા. બંને જણના સામાનની તલાશી લેવામાં આવતાં પેકેટ્સ મળી આવ્યાં હતાં, જેમાં કુલ ૪૦ કિલો ઉચ્ચ ગુણવત્તાનો ગાંજો છુપાવવામાં આવ્યો હતો અને તેની કિંમત ૪૦ કરોડ રૂપિયા થાય છે. દરમિયાન પ્રવાસીની પૂછપરછમાં મોહંમદ શફીર મદારીનું નામ સામે આવ્યું હતું, જે ગાંજો લેવા માટે આવવાનો હતો. ડીઆરઆઇના અધિકારીઓ બાદમાં મદારીની પણ ધરપકડ કરી હતી. ત્રણેય જણ વિરુદ્ધ એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો દાખલ કરાયો હતો. અધિકારીના જણાવ્યા અનુસાર તપાસ પ્રારંભિક તબક્કામાં છે અને આરોપીઓના મુખ્ય આકાઓને ઓળખવા તથા તેમને ઝડપી પાડવા માટેના પ્રયાસ ચાલી રહ્યા છે.

## શરદ પવારના

આયોજન કર્યું છે. આ અધિવેશનમાં પક્ષની આગામી રૂપરેખા નક્કી કરવામાં આવશે, એમ પક્ષના અધ્યક્ષ શરદ પવારે જણાવ્યું હતું. આ પ્રસંગે બોલતા, શરદ પવારે ઘણા મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ટિપ્પણી કરી. તેમણે ખેડૂતોના મુદ્દા પર કેન્દ્ર સરકાર પર નિશાન સાધતાં કહ્યું કે કેન્દ્ર સરકાર ખેડૂતોના વિવિધ મુદ્દાઓ, ખાસ કરીને ડુંગળી નિકાસ પ્રતિબંધ, અનામતનો ઉકેલ શોધી રહી નથી અને આ મુદ્દાઓ પર ધ્યાન દોરવા માટે તેમણે કહ્યું કે આજે નાસિકમાં ખેડૂત વિરોધ કૂચ યોજાશે.

રાજ્યમાં હાલની અસ્થિર પરિસ્થિતિ પર ચિંતા વ્યક્ત કરતા પવારે કહ્યું કે સામાજિક એકતા મહારાષ્ટ્રની ઓળખ છે, પરંતુ હવે તે ઓળખ ધોવાઇ રહી છે. તેમણે એવી પણ અપીલ કરી કે સમાજમાં કડવાશ ન ઊભી થાય તેની ખાતરી કરવી જરૂરી છે. મરાઠા અનામતનો ઉકેલ શોધવા માટે બધાએ સાથે આવવું જોઈએ. મરાઠા અનામત જેવા સંવેદનશીલ મુદ્દા પર બોલતા શરદ પવારે સરકારને વ્યાપક દૃષ્ટિકોણ અપનાવવાની સલાહ આપી.

''આ આના માટે, તે તેના માટે, આવું સરકાર તરીકે યોગ્ય નથી. સરકાર કોઈ એક જાતિ કે સમાજની હોતી નથી, તે સૌની હોય છે,'' તેમણે કહ્યું. વિવિધ સમુદાયોની સમિતિઓ બનાવવાને બદલે, તેમણે એવો મત વ્યક્ત કર્યો કે બધાએ ભેગા થઈને ચર્ચા કરવી જોઈએ અને કોઈ રસ્તો કાઢવો જોઈએ. તેમણે એ પણ સ્પષ્ટ કર્યું કે કોઈ એક જાતિની સમિતિઓ ન હોવી જોઈએ. ઓબીસી અને મરાઠાઓ વચ્ચે સંઘર્ષ પેદા કરવાના પ્રયાસોના મુદ્દા પર બોલતા તેમણે કહ્યું કે તેઓ સામાજિક એકતા ઇચ્છે છે અને આ માટે એક વ્યાપક કાર્યક્રમ હાથ ધરવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. છગન ભુજબળના નિવેદન પર પ્રતિક્રિયા આપતા પવારે કહ્યું કે, ''અમે જાતિનું રાજકારણ નથી કરતા. સમાજમાં તિરાડ ઊભી થાય તેવી ટિપ્પણીઓ કરવી યોગ્ય નથી.''

## મુંબઈ મેટ્રો લાઈન

મેટ્રો લાઈન-ટુબી બે તબક્કામાં બની રહી છે. મેટ્રો લાઈન-ટુબીમાં પહેલા તબક્કાનું કામ પૂરું થઈ ગયા બાદ હવે બીજા તબક્કાનું કામ ઝડપભેર કરવામાં આવી રહ્યું છે. એક વખત આ પટ્ટામાં કામ થઈ જશે અને આખો મેટ્રો રૂટ તૈયાર થઈ જશે પછી આ લાઈનમાં મેટ્રો મંડાલેથી ડીએન નગર વચ્ચે દોડશે.

મેટ્રો લાઈન-ટુબીના પહેલા તબક્કામાં પાંચ સ્ટેશન વચ્ચે સુરક્ષા સર્ટિફિકેટ મળવાની સાથે જ મેટ્રો રેલ ચાલુ કરવામાં આવશે, જેમાં મંડાલે, માનર્ખુદ, બીએસએનએલ, શ્રી છત્રપતિ શિવાજી મહારાજ ચોક અને ડાયમંડ ગાર્ડન સ્ટેશનનો સમાવેશ થાય છે. પહેલા તબક્કામાં ચાલુ કરવામાં આવનારી મેટ્રોના રૂટ અગાઉ બુધવારે મેટ્રો રેલવે સેફટી કમિશનર (સીએમઆરએસ)ની ટીમે ઈન્સ્પેકશન કર્યું હતું. બહુ જલદી સીએમઆરએસની પાસેથી સુરક્ષાને લગતી તમામ સેફટી સર્ટિફિકેટ મળી જશે એ સાથે આ મેટ્રો લાઈન-ટુબીમાં મંડાલે-ચેમ્બુર ૫.૩૯ કિલોમીટરના પટ્ટા પર મેટ્રો દોડાવવાનું ચાલુ કરી દેવામાં આવશે એવો દાવો મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ)ના કમિશનર સુબ્રોતો બેનર્જીએ કર્યો હતો.

ઈન્સ્પેકશનના આ રાઉન્ડ પહેલા પણ ચાર જુલાઈના રોજ સુરક્ષાની તપાસ કરવામાં આવી છે ત્યારે સીએમઆરએસની ટીમે લાઈન ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સાધનોનું નિરીક્ષણ કર્યું હતું. એ દરમ્યાન અધિકારીઓએ ઓવરહેડ ઈલેક્ટ્રિક ઉપકરણ, સિગ્નલ અને કમ્યુનિકેશન સિસ્ટમને લગતું પણ ઈન્સ્પેકશન કરવામાં આવ્યું હતું. જુલાઈના ઈન્સ્પેકશન બાદ સીએમઆરએસ દ્વારા ઈન્સ્પેકશન સમયે જે મુદ્દા ધ્યાનમાં આવ્યા હતા તેની યાદી એમએમઆરડીએને સોંપવામાં આવી હતી. તે મુજબ સુધારાનું કામ હાથ ધરવામાં આવ્યું હતું. આ સુધારા અમલમાં લાવ્યા બાદ ફરી ઈન્સ્પેકશન કર્યા બાદ જ મેટ્રો લાઈન ટુ-બીને મંજૂરી આપવામાં આવવાની હોવાનું ઉચ્ચ અધિકારીએ જણાવ્યું હતું.

આખી મેટ્રો લાઈન તૈયાર થઈ ગયા પછી તે મંડાલેથી ડીએન નગર વચ્ચે દોડશે. આ મેટ્રોને કારણે પ્રવાસનો સમય ૫૦થી ૭૫ ટકા બચી જશે. પૂર્વ અને પશ્ચિમ વચ્ચેની કનેક્ટિવિટીમાં વધારો થશે. રસ્તા પરના ટ્રાફિકમાં તથા પ્રદૂષણમાં ઘટાડો થશે. મેટ્રો-ટુબી અન્ય ટ્રાન્સપોર્ટેશન સાથે એટલે કે મેટ્રો લાઈન ફોર, મોનોરેલ સહિત મધ્ય અને પશ્ચિમ રેલવે સાથે જોડાયેલી હશે.

## વર્સોવા ડિસેલિનેશન

ખર્ચ કરવાની નથી પણ પ્રોજેક્ટમાં મળનારું પાણી પાલિકા વેચાતું લેવાની છે. ૨૦૦ મિલ્યન લિટર ક્ષમતાના પ્રોજેક્ટ માટે પાલિકાએ ૨૬ જુલાઈના રોજ કંપનીઓને આમંત્રી હતી. આ પ્લાન્ટ સાત એકરના પ્લોટ પર ઊભો કરવામાં આવવાનો છે. ડિઝાઈન, બિલ્ડ, ફાઈનાન્સ, ઓપરેટર અને ટ્રાન્સફર મૉડલ હેઠળ વિકસાવવામાં આવનારા આ પ્રોજેક્ટમાં અનેક મોટી કંપનીઓએ રસ દર્શાવ્યો હતો. બિડરોએ સબમિટ કરતા પહેલા પ્રોજેક્ટની વિશિષ્ટતાઓનો અભ્યાસ કરવા માટે વધુ સમય માંગ્યો હતો. એ બાદ બિડરોની વિનંતીને ધ્યાનમાં રાખીને ટેન્ડર સબમીટ કરવાની અંતિમ તારીખ નવેમ્બર સુધી લંબાવવામાં આવી છે. એક વખત આ પ્રોજેક્ટ ચાલુ થયા બાદ પાલિકા પસંદ કરેલી કંપનીને પ્રતિ કિલોલીટર પાણી માટે ચુકવણી કરશે.

## ૫૦-૫૦ અને

૨૦૦૯ના આંકડા પર આધાર રાખવો જોઈએ? એવો પ્રશ્ન ઠાકરે સેના દ્વારા ઉઠાવવામાં આવી રહ્યો છે.

૨૦૧૭ની મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં શિવસેનાએ ૮૪ બેઠક જીતી હતી. તે સમયે શિવસેના નંબર વન પાર્ટી તરીકે ઊભરી આવી હતી. જ્યારે મનસેને માત્ર સાત બેઠકો મળી હતી, પરંતુ છે આઠ વર્ષમાં ઠાકરેનો પક્ષ વિભાજિત થઈ ગયો છે. તેમના અડધાથી વધુ ભૂતપૂર્વ કોર્પોરેટરો શિંદેમાં ગયા છે. આ કારણે, પક્ષની તાકાત ઘટી ગઈ છે. જ્યારે વિપક્ષ ભાજપની તાકાત યથાવત્ છે. શિંદેની સેના તેમની સાથે છે. તેમને સરકારનો ટેકો છે તેથી ઉદ્ધવ સામે એક મોટો પડકાર છે.

## બોરીવલી, મલાડ

યુનિટનો સ્ટાફ શનિવારે મલાડ પશ્ચિમમાં સાંઇનાથ રોડ પર માર્કેટ નજીક પેટ્રોલિંગ કરી રહ્યો હતો ત્યારે શખસ પર તેમની નજર પડી હતી. શખસની હિલચાલ શંકાસ્પદ જણાતાં તેને તાબામાં લેવાયો હતો. તેની ઝડતી લેવામાં આવતાં ૩૬.૮૦ લાખ રૂપિયાનું ડ્રગ્સ મળી આવ્યું હતું.

દરમિયાન વરલી યુનિટના અધિકારીઓએ શનિવારે સાયન પશ્ચિમમાં પેટ્રોલિંગ દરમિયાન બસ સ્ટોપ નજીકથી ૬૨.૭૫ લાખ રૂપિયાના મેફેડ્રોન ડ્રગ્સ સાથે યુવકને પકડી પાડ્યો હતો. યુવકે આ ડ્રગ્સ ક્યાંથી મેળવ્યું હતું અને તે કોને વેચવા માટે અહીં આવ્યો હતો, તેની તપાસ કરવામાં આવી રહી છે, એમ અધિકારીએ જણાવ્યું હતું.

## રાહદારીને કાર નીચે

હજી નાજુક છે, એમ તેમણે કહ્યું હતું.

તેમણે દારૂ ક્યાં પીધો હતો તે અંગે પૂછપરછ કરવા તેમની કસ્ટડીની માગણી કરી હતી. પોલીસ હજી પણ તેમના બ્લડ આલ્કોહોલ રિપોર્ટની રાહ જોઇ રહી છે.

પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે દારૂ પીને વાહન હંકારવા સંબંધિત અન્ય કલમો ઉપરાંત તેમણે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૧૦ (સદોષ મનુષ્યવધનો પ્રયાસ) પણ ઉમેરી છે. પ્રથમદર્શી આરોપી દારૂના નશામાં હોય એવું અમને લાગતું હતું, પરંતુ અમને કારમાં દારૂની બોટલ મળી આવી હતી, જેને આધારે આ કલમ ઉમેરવામાં આવી હતી.

પોલીસના જણાવ્યા અનુસાર ઘાટકોપર પશ્ચિમમાં એલબીએસ રોડ પર બીએમસીના પાણી ખાતા નજીકની એક્સેલ આર્કેડ ઇમારત સામે શનિવારે વહેલી સવારે ૬.૧૫ વાગ્ય આ ઘટના બની હતી. ગુજરાતનું પાસિંગ ધરાવતી કિયા કાર ભાવિકા હંકારી રહી હતી. ઘાટકોપરના અસલ્ફા વિલેજ ખાતે રહેતી કોરમને ઘરે છોડીને ભાવિકા તેના મિત્ર અનિકેત બનસોડે સાથે ફિનિક્સ મોલમાં નાસ્તો કરવા જવાની હતી. ભાવિકા ગરબાના ક્લાસીસ ચલાવતી હતી અને ઘરે કોઇ ન હોવાથી ભાવિકાના ભાનુશાલી વાડી સ્થિત ઘરમાં પાર્ટી કરવામાં આવી હતી.

રાતભર પાર્ટી ચાલ્યા બાદ ત્રણેય જણ કારમાં નીકળ્યાં હતાં. એલબીએસ રોડ પરથી પસાર થતી વખતે ભાવિકાએ સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવ્યો હતો, જેને કારણે કાર રાહદારીને કચડ્યા બાદ ફૂટપાથ પર ચઢી ગઇ હતી અને બાદમાં બિલ્ડિંગનાં પગથિયાં તોડીને દુકાન સાથે ભટકાઇ હતી. આ ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઇ હતી.

## પોલીસ મુખ્ય તહેવારોમાં

લાગુ કરાશે. મહારાષ્ટ્રના ડિરેક્ટર જનરલ ઓફ પોલીસ રશ્મી શુકલા અને એડિશનલ ડિરેક્ટર જનરલ ઓફ પોલીસ (કાયદો અને વ્યવસ્થા) નિખિલ ગુપ્તાએ પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ અને પોલીસ કમિશનરો સહિત જિલ્લાના દરેક યુનિટ કમાન્ડરને તહેવાર શરૂ થયો તે પૂર્વે દરેક ગણેશ મંડળ માટે એક પોલીસ કોન્સ્ટેબલ નીમવા માટે નિર્દેશ આપ્યા હતા. અનેક ગામમાં બહુસમુદાય ગણેશમૂર્તિઓ હતી, જેથી એક કોન્સ્ટેબલે ત્રણથી ચાર મંડળો સાથે સમન્વય સાધી રાખવાનં કામ પાર પાડ્યું હતું. દરરોજ મંડળોની મુલાકાત લેવી, આયોજકો સાથે મીટિંગ અને પ્રશાસન પાસેથી જરૂરી પરવાનગીઓ મેળવવામાં મદદ થવા સહિત કોન્સ્ટેબલોએ કોઓર્ડિનેટરની ઉત્તમ કામગીરી બજાવી હતી, એમ વરિષ્ઠ અધિકારીએ કહ્યું હતું.

કોન્સ્ટેબલોએ ઘણા બધા સંવેદનશીલ વિસ્તારોમાં વિખવાદોનું સમાધાન કરવા અને કોમી ભાઇચારો જાળવવામાં મદદ કરી હતી. અમુક સ્થળે મુસ્લિમોનું વર્ચસ હોય તેવા વિસ્તારોમાં ગણેશમૂર્તિ લઇ જવાય ત્યારે મધ્યસ્થી કરી શાંતિ જળવાઇ રહે તેની તકેદારી રાખી હતી. રાજ્યમાં જૂજ નજીવી ઘટનાઓ બની હતી.

ગણેશ વિસર્જનની શોભાયાત્રાના માર્ગ મંડળના પ્રતિનિધિઓ સાથે સલાહમસલત કરીને નક્કી કરાયા હતા. કોન્સ્ટેબલો સતત વિસર્જન યાત્રા, રોજના કાર્યક્રમો, કાનૂની પરવાનગીઓ માટે સતત મંડળના સંપર્કમાં હતા, એમ અધિકારીએ કહ્યું હતું.

ધાર્મિક સ્થળ નજીકથી સરઘસ પસાર થતું હોય ત્યારે કોઓર્ડિનેટરોએ લાઉડસ્પીકરનો અવાજ ઓછો કરવા અથવા સંગીત બંધ કરવા અને ધાર્મિક ભાવનાઓનો આદર કરવા માટે મંડળને સમજાવ્યા હતા. આ પહેલને જબરદસ્ત સફળતા મળી હોવાથી હવે આગામી તહેવારોમાં પણ તેનો અમલ કરાશે. જિલ્લાઓ અને શહેરોમાં પોલીસ પ્રમુખોને આગામી સપ્તાહમાં આ સંબંધમાં નિર્દેશો મોકલવામાં આવશે. આનાથી તહેવારો પૂર્વે સાવચેતીનાં પગલાં લેવામાં મદદ થશે, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઇ)

## રાજનો હાથ ઉપર

બીએમસીને રૂપિયા દોહવાની ગાય તરીકે વાપર્યાનો આક્ષેપ પણ કર્યો.

મરાઠી ભાષાના નામ પર શાળાઓમાં ત્રણ ભાષાની નીતિના વિરોધમાં અંતે બંને ભાઈઓ એક થયા તેમાં રાજકીય મજબૂરી હોઈ શકે છે.

૧૯ એપ્રિલના રોજ ફિલ્મ નિર્માતા-અભિનેતા મહેશ માંજરેકર સાથેના પોડકાસ્ટમાં, રાજે કહ્યું હતું કે તેઓ મરાઠી ઓળખ અને મહારાષ્ટ્રના કલ્યાણ માટે તેમના અને ઉદ્ધવ વચ્ચે જૂનું ''બધું ભૂલી જવા'' તૈયાર છે. તે જ દિવસે, ઉદ્ધવે મતભેદો ઉકેલવાની તૈયારી દર્શાવીને પ્રતિક્રિયા આપી.

એમએનએસના આંતરિક સૂત્રોએ દાવો કર્યો હતો કે, ઉદ્ધવના પક્ષની નાજુક સ્થિતિ રાજ જાણે છે, એટલે તાકાતથી વાટાઘાટો કરે છે. ઉદ્ધવ, રાઉત અને અનિલ પરબ ગયા અઠવાડિયે શિવતીર્થમાં રાજને મળ્યા હતા. રાજના નિવાસસ્થાને બે કલાકથી વધુ સમય વિતાવ્યા પછી પણ, રાઉતે સૂર બદલીને કહ્યું કે તે પારિવારિક મુલાકાત હતી. તેનો સ્પષ્ટ અર્થ એ થયો કે રાજ ઠાકરે તરફથી કોઈ મજબૂત વલણ હશે જેના કારણે આવું વિધાન આપવું પડ્યું, એમ વિશ્લેષકે જણાવ્યું.

ભૂતપૂર્વ પત્રકાર સંદીપ આચાર્યએ અભિપ્રાય આપ્યો હતો કે બંને પિતરાઈ ભાઈઓને એકબીજાની જરૂર છે પરંતુ બંને ભાઈઓનો જનાધાર લગભગ સમાન છે. ભૂતકાળમાં એવા કિસ્સાઓ બન્યા છે જ્યારે રાજે ઉદ્ધવ સાથે હાથ મિલાવવાની તૈયારી વ્યક્ત કરી હતી, પરંતુ બાદમાં તેમને અવગણ્યા હતા, તેમણે ઉમેર્યું.

ભાજપ નેતા આશિષ શેલારે વર્લી સંયુક્ત રેલીને ''પારિવારિક પુનઃમિલન'' ગણાવી હતી, જ્યારે પ્રવીણ દરેકરે કહ્યું હતું કે વર્તમાન ઘટનાઓમાં ઉદ્ધવની ''લાચારી''. ઉદ્ધવે ૨૦ વર્ષ સુધી રાજને અવગણ્યા હતા. (પીટીઆઈ)

## અમારે અહીં રહેવું

ગાડીતળ ચોક ખાતે સુનિયોજિત ટ્રાફિક અંગે રૂબરૂ મુલાકાત લઇ નિરીક્ષણ કર્યું, પરિસ્થિતિની સમીક્ષા કરી અને સંબંધિત વિભાગો અને અધિકારીઓને યોગ્ય પગલાં લેવા નિર્દેશ આપ્યો હતો.

આ નિરીક્ષણ પ્રવાસ દરમિયાન, અજિત પવારને સ્થાનિક લોકોના પ્રશ્નોનો સામનો કરવો પડ્યો હતો. મુંઢવા અને કેશવનગર વિસ્તારની કેટલીક સોસાયટીઓમાં નાગરિકોએ પીવાના પાણીની અછત, રસ્તાઓની સ્થિતિ અને મોટા પાયે ટ્રાફિક જામની ફરિયાદ કરી. એટલું જ નહીં, પરંતુ એક સ્થાનિક મહિલાએ અજિત પવારને સલાહ આપી કે તેઓ તેમને કહ્યા વિના ન આવે, જેમ ગોવાના ભૂતપૂર્વ મુખ્યપ્રધાન મનોહર પર્રિકર તેમને કહ્યા વિના ટ્રાફિકની સમીક્ષા લેતા હતા.

સ્થાનિક નાગરિકોએ અજિત પવારને પૂછ્યું કે અહીંની સમસ્યાઓને ધ્યાનમાં રાખીને તેમણે અહીં રહેવું જોઈએ કે નહીં. આના પર અજિત પવારે કહ્યું કે આ વિસ્તાર પીએમઆરડીએ અને મ્યુનિસિપલ કોર્પોરેશન વચ્ચે વિવાદમાં ફસાયેલો છે અને તેમણે અધિકારીઓને બોલાવીને ચર્ચા કરી હતી કે અહીંના નાગરિકોને સુવિધાઓ પૂરી પાડવા માટે શું કરી શકાય. જોકે, દરરોજ સવારે આ વિસ્તારનો પ્રવાસ કરીને વિકાસ કાર્યોનું નિરીક્ષણ કરતા અજિત પવાર પર પુણેના રહેવાસીઓના પ્રશ્નોનો વરસાદ થયો હતો.

## નવરાત્રીમાં

જેટલો વરસાદ તો રાતના માત્ર ૧૧.૩૦ વાગ્યાથી મોડી રાતના ૨.૩૦ વાગ્યા સુધીના ત્રણ કલાકમાં જ નોંધાયો હતો. જોકે તેની સામે દક્ષિણ મુંબઈમાં બિલકુલ વરસાદ નહોતો પડયો હતો.

મુંબઈમાં શનિવાર મોડી રાતના ભારે વરસાદ રહ્યો હતો. જોકે વરસાદનું જોર માત્ર પૂર્વ ઉપનગર અને પશ્ચિમ ઉપનગરમાં રહ્યું હતું. દક્ષિણ મુંબઈમાં નહીંવત વરસાદ રહ્યો હતો. હવામાન વિભાગના જણાવ્યા મુજબ સાંતાક્રુઝમાં રવિવાર સવાર સુધીમાં સરેરાશ ૮૭ મિ.મી. વરસાદ નોંધાયો હતો. જોકે કોલાબા અને ભાયખલા વિસ્તારમાં અનુક્રમે ૧૯.૪ મિ.મી. અને ૧૫.૫ મિ.મી. સરેરાશ વરસાદ નોંધાયો હતો. ઉપનગરમાં વરસાદને પગલે ઝાડ અને ઘરની દીવાલ તૂટી પડવાના બનાવ નોંધાયા હતા.

મુંબઈમાં છેલ્લા કેટલાય દિવસોથી વરસાદની ગેરહાજરીમાં ગરમી અને ઉકળાટ વધી ગયો હતો. જોકે શનિવારથી ફરી વરસાદ ચાલુ થયો છે. હવામાન વિભાગે ૧૫ સપ્ટેમ્બર માટે વાવાઝોડા, વીજળી સાથે ભારે વરસાદની આગાહી કરી છે. તો ૧૬થી ૧૮ સપ્ટેમ્બર દરમ્યાન મધ્યમ વરસાદની આગાહી કરી છે.

## એમવીએ કે મનસે

આઘાડી સાથે લડવું જોઈએ કે મનસે સાથે ગઠબંધન કરવું જોઈએ તે અંગે તાત્કાલિક નિર્ણય લે. ઉદ્ધવ ઠાકરેએ જિલ્લા પ્રમુખોને સ્થાનિક સ્તરે તાકાત ઓળખવા અને આ સંદર્ભમાં શું નિર્ણય લેવો જોઈએ તે સૂચવવા આદેશ આપ્યો છે. ઉદ્ધવ ઠાકરેએ તેમના જિલ્લા પ્રમુખોને કહ્યું કે તેમણે શક્ય તેટલી વહેલી તકે ગઠબંધન સાથે ચૂંટણી લડવા અંગે પોતાનાં મંતવ્યો વ્યક્ત કરવા જોઈએ જેથી નિર્ણય લઈ શકાય.

નગર પંચાયત અને પંચાયત સમિતિની ચૂંટણીઓ ગમે ત્યારે જાહેર થઈ શકે છે. તેથી ઉદ્ધવ ઠાકરેએ તેમના પક્ષના જિલ્લા પ્રમુખોને કામે લાગી જવા સૂચના આપી છે.

ઉદ્ધવ ઠાકરેએ કહ્યું હતું કે મતદાર યાદીઓમાં થયેલી અનિયમિતતાઓની તપાસ હવે થવી જોઈએ અને પ્રશ્નો પૂછવા જોઈએ જેથી પછીથી કોઈ મૂંઝવણ ન થાય.

## અનામતનો મુદ્દો

સંગઠન ગોર સેનાના પ્રમુખ સંદેશ ચવ્હાણે જણાવ્યું હતું. ચવ્હાણે એવો પણ દાવો કર્યો હતો કે ધારાશિવના ૩૨ વર્ષીય બંજારા સ્નાતકે શનિવારે આત્મહત્યા કરી હતી અને તેણે એસટી અનામતની માગ કરતી એક નોંધ છોડી દીધી હતી. ૧૧ સપ્ટેમ્બરથી બંજારા યુવાનો જાલના કલેક્ટર ઓફિસની બહાર અનિશ્ચિત સમય માટે ભૂખ હડતાળ પર છે, જ્યારે વરિષ્ઠ નેતા હરિભાઉ રાઠોડે ૧૫ સપ્ટેમ્બરે જાલના અને બીડમાં મોરચાની જાહેરાત કરી છે. જોકે, આદિવાસી સંગઠનોએ બંજારા સમુદાયની આ માગનો વિરોધ કર્યો છે અને દાવો કર્યો છે કે વિમુક્ત જાતિ અને વિચરતી જનજાતિ (વિજેએનટી) વિભાગ હેઠળ તેઓ ત્રણ ટકા ક્વોટાનો લાભ પહેલાથી જ મેળવે છે.

ઓબીસી કાર્યકરો નવનાથ વાઘમારે અને સતુસંગ મુંઢેએ ચેતવણી આપી હતી કે ક્વોટાનો વિસ્તાર કરવાથી ઓબીસી શ્રેણી હેઠળ પહેલાથી જ સૂચિબદ્ધ ૩૭૪ જાતિઓના અધિકારો જોખમમાં મુકાશે. ઓબીસી નેતાઓએ ૧૦ ઓક્ટોબરે નાગપુરમાં એક વિશાળ મોરચો યોજવાનો નિર્ણય લીધો છે, એમ તેમણે ઉમેર્યું. ઐતિહાસિક રીતે, મરાઠવાડા પ્રદેશ હૈદરાબાદના નિઝામ હેઠળ હતો, જેના વહીવટીતંત્રે ગેઝેટમાં જાતિઓ અને વ્યવસાયોનું દસ્તાવેજીકરણ કર્યું હતું. ૧૯૧૮માં, મરાઠાઓને શિક્ષણ અને નોકરીઓમાં અનામત આપવામાં આવી હતી, જેનો ઉપયોગ હવે તેમના ઓબીસી દાવાને સમર્થન આપવા માટે કરવામાં આવી રહ્યો છે. તે સમયે, નિઝામે ૧૭ જિલ્લાઓ પર શાસન કર્યું હતું, જેમાંથી પાંચ, એટલે કે ઔરંગાબાદ, બીડ, નાંદેડ, પરભણી અને ઉસ્માનાબાદ, પાછળથી મહારાષ્ટ્રનો ભાગ બન્યા. નોંધનીય છે કે, મરાઠા ક્રાંતિ મોરચાના રાજ્ય સંયોજક સંજય લાખે પાટીલે પણ જરાંગે સામે અવાજ ઉઠાવ્યો છે અને દાવો કર્યો છે કે તેમને ગેઝેટનું કોઈ ''ઊંડું જ્ઞાન'' નથી. ''ફક્ત કુણબી રેકોર્ડ ધરાવતા મરાઠાઓને જ ફાયદો થશે. સરકાર મરાઠાઓને છેતરી રહી છે,'' તેમણે આરોપ લગાવ્યો. (પીટીઆઈ)

## પારસી મરણ

જીમી શાવકશાહ અંકલેશ્વરીયા તે બેપસીના ખાવીંદ. તે મરહુમ બાનુબાઇ તથા મરહુમ શાવકશાહના દીકરા. તે મરહુમ ચાડુ તથા હોમી ગાંધીના જમાઇ. તે ઝરીના અને આદીલના બાવાજી. તે જાલ બલસારા અને પીન્કી અંકલેશ્વરીયાના સસરાજી. તે દારા તથા મરહુમ કેટી, ડોલી ને જરૂના ભાઇ. (ઉં. વ. ૮૬) રે. ઠે. ૭/૪૦૪, શાહ બહેરામ બિલ્ડિંગ, બહેરામ બાગ, પારસી કોલોની, જોગેશ્વરી (વેસ્ટ), મુંબઇ-૪૦૦૧૦૨. ઉઠમણાંની ક્રિયા: તા. ૧૫-૯-૨૫ના ૩.૪૫ વાગે બહેરામ બાગની અગિયારીમાં.

મેહરૂ નવરોઝ વાંદ્રીવાલા તે મરહુમો નવરોઝ સોહરાબજી બાંદ્રીવાલાના ધણીયાની. તે મરહુમો બપઇમાય તથા મરહુમો ફરેદુન બુચીયાના દીકરી. તે મરહુમો શેહરૂ, દોલી, નરગીસના બહેન. તે મરહુમો પરવેઝ, રૂસી, ફિરોઝ તથા નરગીશ, ઝીનોબ્યા, ગવેર તથા મરહુમો શેરનાઝના ભાભી. તે કરીશમાના કાકી. તે જીમી સરોશ જમશેદના માસી. (ઉં. વ. ૮૧) રે. ઠે. વીના બીના, સી. એચ.એસ. ફ્લેટ નં. જી/૪૦૩, આચાર્ય ડોન્ડે માર્ગ, શીવરી બસ સ્ટોપની સામે, શીવરી, વેસ્ટ, મુંબઇ-૪૦૦૦૧૫. ઉઠમણાંની ક્રિયા: તા. ૧૬-૯-૨૫ને ૩.૪૦ વાગે બનાજી લીમજી અગિયારીમાં છેજી.

## જૈન મરણ

વાંકાનેર નિવાસી. હાલ નાસિક સ્વ. કાંતાબેન ચંદુલાલ કે.શાહના પુત્ર સ્વ. વિજયકુમારભાઈ તા. ૧૨-૯-૨૫ ના અરિહંતશરણ પામેલ છે. તરૂલતાબેનના પતિ. અમિતા ભાગ્યેશ મેહતા. રાખી શાહ કલ્પેશના પિતા. પ્રવિણાબેન સ્વ. નીલાબેન, સ્વ. બીપીન ભાઈ સ્વ. સરયુબેન ઉર્મિલાબેન અને છાયાબેનના ભાઈ. સ્વ. દેવીબેન પ્રભુદાસ શાહના જમાઈ. રાજ પલક વેલીના ના નાના, સ્વ. ચંદ્રિકાબેન, સ્વ. ઈલાબેન, પુનિતાબેન તથા સ્વ. જયંતભાઈના બનેવી. લૌકિક વ્યવહાર બંધ છે.

### ઘોઘારી વિશા શ્રીમાળી જૈન

હાથસણી નિવાસી હાલ મુલુંડ સ્વ. સોમચંદ ઠાકરશી દોશીના સુપુત્ર રાજકુમારના ધર્મપત્ની અ. સૌ. અમિતાબેન (ઉં.વ.૬૬) તે ભાવિક, પાયલ યશેષ પારેખ, રુચિતા મિહિર કોઠારીના માતુશ્રી. અંકિતાના સાસુ. તે સરોજબેન, હસમુખભાઇ, સ્વ. રંજનબેન કીર્તિભાઇ, નીતાબેન દિલીપકુમારના દેરાણી. તે યુગ, હીધાના નાની. તે સુભદ્રાબેન રમેશચંદ્ર મહેતા, નિર્મળાબેન શાંતિલાલ શાહ તથા રમાબેન ગુણવંતરાય ગાંધીના ભાભી. સાવરકુંડવા નિવાસી હાલ અમેરિકા સ્વ. શાંતિલાલ પાનાચંદ દોશીના દીકરી તા. ૧૩-૯-૨૫ના અરિહંતશરણ પામેલ છે. સાદડી તા. ૧૫-૯-૨૫ સોમવારના સાંજે ૫થી ૭. ઠે. કલબ હાઉસ કોનાર્ક ઇન્દ્રપ્રસ્થ સોસાયટી, જૈન મંદિર રોડ, સર્વોદય નગર, મુલુંડ (પશ્ચિમ).

### વિશા શ્રીમાળી ૧૦૮ ગોળનું જૈન

લિંચ નિવાસી, હાલ વિલેપારલા (વે) સ્વ. હીરાબેન શીવલાલ ધરમચંદ મહેતાના સુપુત્ર મહેન્દ્રભાઈ શીવલાલ મહેતા (ઉં. વ. ૮૫) તા. ૧૩-૦૯-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તેઓ સ્વ. ઉર્મિલાબેનના પતિ. ચંપકભાઈ, રમણભાઈ, સેવંતીભાઈ, સુભદ્રાબેન અને ભાનુબેનના ભાઈ. નીરૂપમાબેનના જેઠ. પ્રકાશ, વિપુલ, હર્ષિકા અને વર્ષાના પિતાશ્રી. રેખાબેન, અર્ચનાબેન, નિલેશકુમાર અને દેવાંગકુમારના સસરા. પિયર પક્ષે સ્વ. વિઠ્ઠલદાસ બાલચંદના જમાઈ. પ્રાર્થના સભા અને લૌકિક વ્યવહાર રાખેલ નથી.

### કચ્છી વિશા ઓશવાળ જૈન

નરેડીના હાલે મલાડના મયુર દામજી ભવાનજી વોરા (ઉં. વ. ૪૫) તા. ૧૩/૯/૨૫, શનિવારના અવસાન પામેલ છે. વેજબાઇ ભવાનજી વોરાના પૌત્ર. ગં.સ્વ. કસ્તુર દામજીના પુત્ર. સ્વ. પંકજ (બીટુ)ના ભાઇ. ચાંગડાઇના રાણબાઇ તેજપાલ લાલજીના દોહિત્ર. પ્રાર્થના રાખેલ નથી. ઠે. કસ્તુરબેન દામજી, બી/૨, સત્ય નીવાસ નં. ૧, નડીયાદવાલા, કોલોની નં.૨, મલાડ (વે.), મું. ૬૪.

ભોરારાના રતીલાલ (બાબુલીન) દેઢિયા (ઉં. વ. ૫૪) તા. ૧૧/૯/૨૫ના આણંદમાં અવસાન પામેલ છે. સ્વ. સુશીલાના પતિ. સ્વ. સાકરબેન નાગજીના પુત્ર. પ્રદિપ, રેખા, મીના (પ્રીયલ)ના ભાઇ. પ્રાર્થના રાખેલ નથી. એ.: પ્રદિપ દેઢિયા, ૬૪-સી, મ્હાત્રે નિવાસ, પરેલ વિલેજ, મું. ૧૨.

દેઢિયા હાલે સાંગલીના અ.સૌ. કસ્તુર પ્રતાપ પાસડ (ઉં. વ. ૭૩) તા.૧૧-૯-૨૫ના અવસાન પામેલ છે. મુલબાઈ ભાણજી ઘેલાના પુત્રવધૂ. પ્રતાપના પત્ની. અમિત, બીનાના માતા. વાલબાઈ માવજીના પુત્રી. ચંદ્રકાંત, પ્રવિણના બેન. પ્રા : હીરાવતી બેંકવેટ હોલ, સ્ત્રીમંડળ, ટાગોર રોડ, પોદ્દાર સ્કુલની બાજુમાં, સાંતાક્રુઝ (વેસ્ટ). ટા.૩ થી ૪.૩૦.

ભુજપુરના મોણશી (બચુભાઈ) લખમશી શાહ/દેઢિયા (ઉં. વ. ૮૮) તા. ૧૨.૯.૨૫ ના અવસાન પામ્યા છે. મેઘબાઈ લખમશી ધનાના પુત્ર. પ્રભાબેનના પતિ આરતી, ભરત, હિમાંશુના પિતા. કરમશી, નેણશી, રણશી, પાનબાઈ વિજપાર શેઠીયા, મણીબેન કેશવજી છાડવાના ભાઈ. ભુજપુર ઉમરબાઈ ડુંગરશી કાંઈયાના જમાઈ. પ્રા : શ્રી માટુંગા ક.શ્વે.મૂ.જૈન સંઘની નારાણજી શામજી વાડી (ટા. ૪ થી ૫.૩૦)

### દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન

મોટી પાનેલી (રાજકોટ) નિવાસી હાલ મલાડ મુંબઈ અ. સૌ. મીનાક્ષીબેન (ઉં.વ.૮૩), શનિવાર ના રોજ ૧૩/૯/૨૫ ના અરિહંતશરણ પામેલ છે. તે યશવંતરાય પોપટલાલ શેઠ ના ધર્મપત્ની. તે સ્વ. અસ્મીનભાઈ તથા હેમંતભાઈના માતુશ્રી, તે વૈશાલી અસ્મીન શેઠ ના સાસુ, તે નિયંત્રિ સાગરકુમાર પટેલ તથા ભાવિ રાહુલકુમાર આહુજાના દાદી, તે સ્વ. શાંતાબેન જમનાદાસ કોઠારીના દીકરી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

## આચાર્ય દેવવ્રત

દેવી સાથે અમદાવાદથી તેજસ એક્સપ્રેસ દ્વારા શહેરમાં આવ્યા હતા.

રાજ્યપાલને મુંબઈ સેન્ટ્રલ સ્ટેશન પર રેલવે પોલીસ દ્વારા ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું અને મુંબઈ પોલીસે તેમને રાજભવન ખાતે ગાર્ડ ઑફ ઓનર આપ્યું હતું.

દેવવ્રત સોમવારે સવારે ૧૧ વાગ્યે રાજભવનના દરબાર હોલમાં મહારાષ્ટ્રના રાજ્યપાલ તરીકે શપથ લેશે, એમ નિવેદનમાં જણાવાયું છે.

## હિન્દુ મરણ

### મોઢ વિશા અડાલજા

નવીનભાઇ શાહના ધર્મપત્ની અ. સૌ. મીતાબેન નવીનભાઇ શાહ (ઉં.વ. ૬૮) તા. ૧૨-૯-૨૫ શુક્રવારના રોજ શ્રીજીચરણ પામેલ છે. તે પૂર્વી, પૂજાના મમ્મી. તે મેહુલભાઇ, સચીનભાઇના સાસુજી. તે અશ્વિનભાઇ, કૃષ્ણકાંતભાઇના ભાભી. તે મોતીલાલજી નીમાના પુત્રી. તે કૃષ્ણદાસ, દ્વારકાદાસ, વિજયભાઇના બહેન. લૌકિક પ્રથા બંધ છે.

### હાલાઇ ભાટીયા

કૃષ્ણકુમાર વેદ (દાવલિયા) મુંબઇ (બોરીવલી) (ઉં. વ. ૬૯) સ્વ. મધુરીબેન વલ્લભદાસ વેદના પુત્ર. સ્વ. કલ્પના વેદના પતિ. સ્વ. દેવીબેન ગોવિંદ ભાટીયાના જમાઇ. સ્વ. રાજકુમાર વેદના ભાઇ. રૂપા રાજકુમાર વેદના જેઠ. સ્વ. રેખાબેન, પન્નાબેન, સંધ્યાના ભાઇ. અમૃતા પીયુષ ચંદા, મીરાં ભાવિક ઉદેશી, દીપના પિતાજી. ભૂમિના નાના. રાધા હાર્દિક કાપડિયાના કાકા. તા. ૧૦-૯-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક પ્રથા બંધ છે.

### ઘોઘારી મોઢ વણિક

મૂળ રાજકોટ હાલ મુલુંડ લક્ષ્મીકાંત રતિલાલ મહેતા (ઉં. વ. ૮૯) તે સ્વ. મંજુલાબેનના પતિ શનિવાર, તા. ૧૩-૯-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે યોગેશ તથા યતીનના પિતા. આશિતા તથા કલ્પાના સસરા. આદિત્ય, ધવલ, ભૂમિતના દાદા. વિજયાબેન, સ્વ. શાંતીભાઇ, જયુભાઇ, પુષ્પાબેન, પ્રવીણભાઇ, સ્વ.ઉષાબેન તથા કિરીટભાઇના ભાઇ. લૌકિક પ્રથા બંધ છે.

### દશા સોરઠીયા વણિક

હાલ અંધેરી ગં. સ્વ. સુધાબેન (ઉં. વ. ૮૬) શનિવાર તા. ૧૩-૯-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. ચંદ્રકાન્ત અમૃતલાલ પારેખના ધર્મપત્ની. ઉમેશ, માધવી, સોહિણીના માતુશ્રી. હીના, હેમંત, મહેશના સાસુ. મિલોની, ઊર્જાના દાદી. લૌકિક વ્યવહાર બંધ છે.

### હાલાઇ લોહાણા

ગં. સ્વ. કાંતાબેન (ઉં. વ. ૭૫) સ્વ. રમેશકુમાર તન્નાના ધર્મપત્ની. હાલ કાંદિવલી મૂળ ગામ ખંભાડિયા. તે સ્વ. કેસરબેન કેશવજી લખાણી (જાંબુવાળા)ના દીકરી. તે અમીત, અ. સૌ. પ્રિતી સુરેશકુમાર પટેલ, અ. સૌ. સીમ્પલ હિતેશકુમાર માનસેતા તથા હેમા દિલીપકુમાર માવાણીના મમ્મી. તે અ. સૌ. મીનાક્ષીના સાસુ. તે રીષીતા, વ્રિતીકાના દાદી. અ. સૌ. સલોની મેહુલકુમાર પટેલ, દેવાંશી, પ્રાન્સુ, જૈનમના નાની. તે તા. ૧૩-૯-૨૫ શનિવારના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનસભા તા. ૧૫-૯-૨૫ સોમવારના સાંજે ૫થી ૭. ઠે. હાલાઇ લોહાણા મહાજનવાડી, એસ. વી. રોડ, કાંદિવલી (વેસ્ટ), ૧લે માળે.

### કચ્છી લોહાણા

સ્વ. પ્રફુલચંદ્ર વિસનજી અડઠક્કર (ઉં. વ. ૭૫) કચ્છ ગામ (ભદ્રેશ્વર) હાલ મુલુંડ કેશવ પાડા તા. ૧૪-૯-૨૫ના રામચરણ પામેલ છે. તે સ્વ. કંકુબાઇ વિસનજી ઠક્કરના પુત્ર. સ્વ. ચંદ્રબાલા (લક્ષ્મીબેન)ના પતિ. મીતા (પપ્પી) નિલેશ અને હિતેશ અડઠક્કરના પિતા. પ્રીતીબેન, હર્ષિદાબેન, વિનય ચંદેના સસરા. બીજલ અડઠક્કરના દાદા. અક્ષય ચંદેના નાના. પુષ્પાબેન ચોથાણી, નીમા ભગદવે, સ્વ. ચંદાબેન કોટકના ભાઇ. પ્રાર્થનાસભા તા. ૧૫-૯-૨૫ સોમવારના ૫થી ૭. ઠે. મુક્તેશ્વર મંદિરમાં રાખેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

### કચ્છી લોહાણા

ગામ ઢોરી હાલે મુલુન્ડના સ્વ. રાધાબેન ભગવાનદાસ નરસીંહભાઈ સચદેના સુપુત્ર દિપકભાઈ (ઉં.વ.૬૩) તા.૧૩/૦૯/૨૦૨૫ ને શનિવારે રામ શરણ થયેલ છે. તે વર્ષાબેનના પતિ, તે મનિષ અને મિતી મેહુલ ભદ્રાના પિતા, તે ગ્લેનીસના સસરા, તે સ્વ.રમેશના નાના ભાઈ, તે ગં.સ્વ.મધુરીબેનના દેર. સ્વ. શાંતાબેન હિરજી કતીરા ગામ નેત્રા હાલે પુનાવાળાના જમાઈ, તે કનૈયાલાલ હિરજી કતીરાના બનેવી. તેમની બન્ને પક્ષની પ્રાર્થનાસભા સોમવાર તા.૧૫/૦૯/૨૦૨૫ નાં સાંજે ૫.૩૦ થી ૭. ઠે. પદમાવતી બેન્કવેટ હોલ, બી-૫૦૧/૬૦૧, પ્રણવ કમર્શિયલ પ્લાઝા, શિવસેના ઓફીસની ઉપર, એમ.જી. રોડ, મુલુન્ડ (વેસ્ટ), તેમ જ લૌકીક વ્યવહાર બંધ છે.

### શિહોર સંપ્રદાય ઔ.અગ્યારસે બ્રાહ્મણ

વાળુકડ નિવાસી હાલ બોરીવલી પ્રવિણાબેન અરવિંદભાઈ દવે (ઉં.વ. ૬૫), તે અરવિંદભાઈ પ્રતાપરાય દવે ના ધર્મપત્ની, પ્રિયકાંતભાઈ રતિલાલ દવેના નાનાભાઈના પત્ની, હર્ષદા, ઈલા, ધનશ્યામ ના ભાભી, દિશા તથા પ્રેરણાના માતુશ્રી, જીગ્નેશ તથા ભૂમિકના સાસુ, તે ધાંધલી નિવાસી લીલાવતી હિમંતલાલ પંડ્યાના સુપુત્રી. તા. ૧૨/૯/૨૫ ના રોજ અક્ષર નિવાસી થયા છે. તેમની બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૫/૯/૨૫ ના રોજ સાંજે ૫.૩૦ થી ૭. સ્થળ : બી - ૨, મેઘદૂત બિલ્ડીંગ, શિમ્પોલી નાકા, એસ. વી. રોડ, બોરીવલી વેસ્ટ.

### મોઢ ખીજડીયા સમવાય બ્રાહ્મણ

મુળ ગામ વાશિયાળી હાલ કાંદિવલી મુંબઈ સ્વ . સવીતાબેન હરનારાયણ મહેતાના પૌત્ર, સ્વ . ઉષાબેન નીરંજનભાઈ મહેતાના પુત્ર ચિ . નીલેષ નીરંજન મહેતા (ઉં.વ. ૪૮) શુકવાર તા. ૧૨-૦૯-૨૫ ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ . લાભુબેન ગીરધરદાસ શાહના દોહિત્ર, મહેશ હરનારાયણ મહેતાના ભત્રિજા તથા અતુલભાઈ અને મીનાબેનના શૈલેન્દ્ર પટણી રાજેશ ભુપતરાય મહેતા તથા મુકેશ ભુપતરાય મહેતાના નાના ભાઈ, શૈલેન્દ્ર કુમાર વીરેન્દ્ર ભાઈ પટણીના સાળા. તેમની પ્રાર્થનાસભા તા. ૧૫/૦૯/૨૫ ના સોમવારે ૪ થી ૬. ઠે. પાવનધામ મહાવીર નગર કાંદિવલી (વેસ્ટ).

### લુહાર સુતાર જ્ઞાતિ

સ્વ દેવજીભાઈ માવજીભાઈ પરમારના ધર્મ પત્ની. સ્વ. લાભુબેન દેવજીભાઈ પરમાર (ઉં.વ. ૮૨) રાજુલાવાળા હાલ દહીસર (મુંબઈ) તેઓ દિનેશભાઈ દેવજીભાઈ પરમાર, ચંદ્રિકાબેન ઈશ્વરલાલ પીઠવા, પ્રવિણાબેન અશોકકુમાર મકવાણા, નીતાબેન, રમેશભાઈ વાઘેલાના માતૃશ્રી, સ્વ જયંતીભાઈ માવજીભાઈ પરમાર, સ્વ ઓત્તમબેન પરસોત્તમભાઈ કવા, સ્વ તારાબેન હરગોવિંદ દાસ પીઠવાના ભાભી, દક્ષાબેનના સાસુ, મયુર, વિશાલ, મિત્તલ, પૂજાના દાદી, અંકિતા મયુર પરમાર, જીનલ વિશાલ પરમારના દાદી સાસુ. ગામ માંડળ વાળા સ્વ વેલજીભાઈ નારાયણભાઈ વાઘેલાની દીકરી.તેમની પ્રાર્થનાસભા તા. ૧૫-૯-૨૫ના સાંજે ૫ થી ૭ રાખેલ છે સ્થળ- લુહાર સુથાર જ્ઞાતિ હિતેશછક મંડળ, અંબાજી મંદિર પાસે, દત્તપાડા રોડ, બોરીવલી ઇસ્ટ મુંબઈ ૪૦૦૦૬૬


### પરજીયા સોની

ગામ જસદણ હાલ બોરીવલી સ્વ. કંચનબેન જયંતીભાઈ થડેશ્વર (ઉં.વ.૮૨) તે દીપકભાઈ તથા રેખાબેન કિશોરભાઈ ધકાણ, રીટાબેન સતિકુંવર, રશ્મિબેન ચેતનભાઈ જીણાદ્રાના માતુશ્રી, દક્ષાના સાસુ, યશ તથા પૂજાના દાદી, સ્વ. શામજીભાઈ વસતાભાઈ જગડાના દીકરી. તેમની પ્રાર્થનાસભા તા. ૧૫/૯/૨૫ ના રોજ ૫ થી ૬ કલાકે સોનિવાડી, શીમ્પોલી સિગ્નલ, બોરીવલી વેસ્ટ રાખેલ છે.

---

**મરણ ખબર માટેની સૂચના** | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક

# ધર્મતેજ



## અક્ષરં પરમં બ્રહ્મ સ્વભાવો અધ્યાત્મ ઉચ્યતે

મનન

હેમંત વાળા
feedback@bombaysamachar.com

ગીતાના આઠમા અધ્યાયના ત્રીજા શ્લોકમાં ભગવાન શ્રીકૃષ્ણ સ્વયં આધ્યાત્મની વ્યાખ્યા નિર્ધારિત કરે છે. અર્જુનના પૂછવાથી તેઓ જણાવે છે કે જે અક્ષર અવિનાશી તત્ત્વ છે તે પરમ બ્રહ્મ છે અને તેનો સ્વભાવ આધ્યાત્મ કહેવાય. અહીં તેમણે કર્મની વ્યાખ્યા પણ કરી છે. આ શ્લોકમાં આગળ જણાવ્યાં પ્રમાણે ભૂતમાત્રની ઉત્પત્તિ જેનાથી થાય છે તે વિસર્ગ - સર્જન ક્રિયાને કર્મ કહેવાય. માનવ ઇતિહાસમાં આધ્યાત્મ અને કર્મની આટલી સચોટ વ્યાખ્યા બીજે કશે જ જોવાં નથી મળતી. સનાતની સંસ્કૃતિની માનવ જાતને આ અમૂલ્ય ભેટ છે.

આધ્યાત્મ શબ્દ 'અધિ' અને 'આત્મ'નાં સંયોજનથી બનેલો છે. અધિનો અર્થ થાય છે ઉપર અને આત્મનો અર્થ થાય છે પોતાની અંદર રહેલું સચ્ચિદાનંદ સ્વરૂપ ચૈતન્ય. તેથી એમ કહી શકાય કે આધ્યાત્મ એટલે આત્માની ઉન્નત સ્થિતિની પ્રતીતિ કરાવનાર બાબત. આધ્યાત્મ થકી આત્માની ઓળખ થઈ શકે, આત્માની પ્રતીતિ થઈ શકે અને 'આત્મસ્થ' થવાની સંભાવના ઊભી થાય. અસ્તિત્વને નીચેના સ્તરેથી મુક્ત કરી ઉચ્ચ સ્તરે લઈ જવા માટેનું આ માધ્યમ બની શકે. અસ્તિત્વ, જે સ્થૂળ અને સૂક્ષ્મ કારણો વડે બંધાયેલું હોય છે તેનાથી મુક્ત થવાની આ વાત છે. શરીર, મન, અહંકાર, ભાવના, સુખ-દુ:ખ, રાગદ્વેષ જેવાં બંધનકારક પ્રકૃતિનાં ગુણોથી પર થઈ આત્માના સ્વરૂપને ઓળખવાની આ રીત છે. નામ - રંગ - રૂપનો ત્યાગ કરી શુદ્ધ ચૈતન્ય સાથે એકાકાર થઈ જવા માટે આધ્યાત્મ એક સચોટ, સિદ્ધ, સ્થાપિત માર્ગ છે.

અહીં વ્યક્તિને 'હું કોણ છું' તેની વાસ્તવિક પ્રતીતિ થાય છે. તે સમજી શકે છે કે પોતાનું વાસ્તવિક સ્વરૂપ તો શુદ્ધ, સાત્ત્વિક, પવિત્ર, નિર્દોષ, નિર્લેપ, શાશ્વત આત્મા છે - ચૈતન્ય છે. વળી તે પણ તેની જાણમાં આવે છે કે આ ચૈતન્ય તો માત્ર સાક્ષી સ્વરૂપ છે. તેને નથી કોઈ કર્મની અપેક્ષા કે નથી કોઈ પરિસ્થિતિની કામના. તેને નથી કોઈ પણ પ્રકારની પરતંત્રતા કે નથી સ્વતંત્રતાની ઈચ્છા. તેને નથી કોઈ બાબત પ્રત્યે રાગ કે નથી દ્વેષ. તેને નથી સમયનું બંધન કે નથી સ્થળની સીમિતતા. નથી તેને અહંકાર કે નથી કોઈ પણ પ્રકારનો મોહ. 'હું અને મારું'થી તે સર્વથા મુક્ત છે. તેને નથી પ્રવૃત્તિ માટેનું કોઈ કારણ કે નથી નિવૃત્તિ માટેનું કોઈ પ્રયોજન. તે તો સાક્ષીભાવે બધું નિહાળે છે. આ આત્માની ઓળખ અપાવનાર જ્ઞાન એટલે આધ્યાત્મ. જન્મ-મરણના ચક્રમાંથી શાશ્વત મુક્તિ માટે આ એકમાત્ર જ્ઞાન છે - ઉપાય છે.

આધ્યાત્મ એ ક્રિયાકાંડ નથી, પૂજાપાઠ નથી, ભજન-કીર્તન નથી, મંત્ર-તંત્ર નથી, તપ-જપ નથી. આધ્યાત્મ એવી એક પણ ક્રિયા નથી કે જે શરીરનાં સ્તરે કરવામાં આવે. કામ, ક્રોધ, લોભ, મોહ પર કાબૂ મેળવવો, તે પણ આધ્યાત્મ નથી. સત્ય અને ધર્મના પાલન થકી આધ્યાત્મની સમજમાં ફાયદો થઇ શકે, પરંતુ તે પણ આધ્યાત્મ નથી. યોગ, ભક્તિ, ધ્યાન, સેવા, જ્ઞાન, નિષ્કામ કર્મ જેવાં કાર્યો પ્રાથમિક સ્તરે સ્વીકાર્ય છે. એક રીતે જોતાં આ બધી 'શુદ્ધીકરણ'ની પ્રક્રિયા છે, જેનાથી આધ્યાત્મની ભૂમિકા સ્થાપિત થવામાં સરળતા રહે. આધ્યાત્મના માર્ગ પર શુદ્ધિ અને પવિત્રતાની ખૂબ આવશ્યકતા છે.

આધ્યાત્મના જ્ઞાનથી ચોક્કસ મુક્તિ મળે, પરંતુ તે સ્થિતિમાં મુક્તિની પણ કામના ન હોય. આધ્યાત્મ-જ્ઞાનની પ્રાપ્તિ બાદ જે પરિસ્થિતિ પ્રવર્તમાન હોય તેની સર્વથા પૂર્ણરૂપે સ્વીકૃતિ હોય. અહીં કશાની ફરિયાદ ન હોય કે કશાની અપેક્ષા ન હોય. આ પ્રકારની વ્યક્તિને ખબર હોય છે કે મુક્તિ તો મળી ચૂકી છે, ત્યાં સુધી પ્રકૃતિનાં નિયમ અનુસાર જીવન વ્યતીત કરવાનું છે. આત્મજ્ઞાની વ્યક્તિ તે સમયગાળામાં અદ્‌ભુત શાંતિ, શાશ્વત સ્થિરતા, સંપૂર્ણ નિર્વિકલ્પતા, અપાર પ્રેમ અને કરુણા, પૂર્ણ આનંદ તથા પવિત્ર અસ્તિત્વની સ્થિતિમાં રહે.

જીવનમાં આધ્યાત્મિક પ્રગતિનું ખૂબ મહત્ત્વ છે અને હોવું પણ જોઈએ. જીવન-મરણનાં ચક્રથી કાયમી મુક્તિ એ જીવનનો એક માત્ર ધ્યેય હોવો જોઈએ. આધ્યાત્મના માર્ગ થકી જ જીવનનો આ ધ્યેય પૂરો થઈ શકે. આની માટે આધ્યાત્મિક પ્રગતિની આવશ્યકતા રહે. આધ્યાત્મિક પ્રગતિ એટલે ચૈતન્યની અનુભૂતિ કરવા તરફની ગતિ, બાહ્ય પરિસ્થિતિથી છુટકારો મેળવી ઇન્દ્રિયોને અંદરની તરફ વાળવાની ક્રિયા, સંન્યાસ અને વૈરાગ્ય જેવાં માધ્યમ થકી જે અનિત્ય છે તેનાંથી મુક્ત થવાનો પ્રયત્ન, ઇન્દ્રિયોની ખુશી બાબતે પ્રયત્નશીલ રહેવાને બદલે પરમ આનંદ પ્રાપ્ત કરવાની શરૂઆત, આત્મા - બ્રહ્મ જેવી વાસ્તવિકતાને શાસ્ત્રો દ્વારા સમજવાનો પ્રયત્ન, વિવેક અને સંયમથી આંતરિક શાંતિ માટેનાં પુરુષાર્થમાં લગાવ, તેમજ મુક્તિની ભૂમિકા સ્વરૂપ સંસારની મોહમાયાથી દૂર જવાની શરૂઆત.

આધ્યાત્મિક રીતે ઉન્નતિ પામેલી વ્યક્તિ દુ:ખ કે સુખ બંનેમાં સમભાવ જાળવી રાખે, ઉચ્ચ પ્રકારનો સંતોષ અને પરમ શાંતિ અનુભવે, મૂલ્યનિષ્ઠ જીવન વ્યતીત કરે, સત્ય અહિંસા અપરિગ્રહ જેવી બાબતોનું પાલન કરે, જીવનમાં સંતુલન જાળવી રાખે, નિમિત્ત તેમજ સ્વાભાવિક કર્મમાં જ સંલગ્ન થાય, વિવેક અને સંયમને દરેક પરિસ્થિતિમાં જાળવી રાખે, સર્વજીવ-હિતની ભાવના સાથે જગતના કલ્યાણ માટે કાર્યરત રહે, યોગ્યતા અનુસાર વ્યક્તિને માર્ગદર્શન આપે, અહંકાર અને મોહથી દૂરી રાખે, અવિદ્યા કે માયાના પ્રપંચથી દૂર રહે, સંતુલિત તેમજ સાત્ત્વિક જીવન જીવતાં જીવતાં બ્રહ્મચર્યનું પાલન કરે, ધીરજપૂર્વક તટસ્થતા જાળવી રાખે, સૃષ્ટિના નિયમોનું પાલન કરતાં કરતાં સૃષ્ટિના રચયિતા પર વિશ્વાસ જાળવી રાખે, મન વચન કર્મની શુદ્ધતા જાળવે, અને તે બધાં સાથે આધ્યાત્મના માર્ગમાં પ્રગતિ કરવાં સતત પ્રયત્નશીલ રહે.

આધ્યાત્મની સ્થિતિમાં સ્થિત વ્યક્તિ બ્રહ્મ સમાન છે. તેને નથી કોઈ બંધન કે નથી મુક્તિની માટેની કોઈ ધારણા. તે તો સત્-ચિત્-આનંદ સ્વરૂપ અસ્તિત્વ છે. તે જ કહી શકે કે ચિદાનંદ રૂપઃ શિવોહમ્ શિવોહમ્. ■

## રસ પડે તેવો એક પ્રશ્ન છે કે શું આપણાં ખરાબ કર્મો ભગવાનને અર્પણ કરાય?





માનસ મંથન

મોરારિબાપુ
feedback@bombaysamachar.com

કોઈપણ વ્યક્તિના મૂળમાં કર્મ છે. કર્મ વગર અહીં કોઈ વ્યક્તિ રહી શકતી નથી. ગઈકાલે આપણે ગીતાના સૂત્રની વાત કરેલી જેમાં ભગવાન એમ કહે છે કે મારે કોઈ કર્મ કરવાનું નથી, છતાં હું કર્મમાં પ્રવૃત્ત રહું છું. આપણા જીવનના મૂળમાં કર્મ છે. સાધન એટલે કર્મ, કોઈપણ સાધન તમે કરો તે કર્મ છે, અને અંતે તે કર્મનું ફળ છે. બહુ જ મોટો સિદ્ધાંત તુલસીદાસજી અહીં મૂકે છે. પણ જ્યારે જ્યારે આવે ત્યારે ત્રણ દ્રષ્ટિથી જોવાની પદ્ધતિ છે. કર્મયોગી ફળને ભોગવે છે. કેવળ કર્મના સિદ્ધાંતમાં ચાલે છે, તે ફળ ભોગવે છે. ભક્તિમાં થોડો ફરક છે, ભક્તિમાં પણ કર્મ ફળ તો મળે છે, પરંતુ એ આપણે ભોગવવાનું નથી એ ફળ ભગવાનને અર્પણ કરી દેવાનું છે. મારી પાસે જે આવ્યું તે હું તને અર્પણ કરું છું. ભક્તિની દ્રષ્ટિ આટલી ભિન્ન છે, કર્મ દ્વારા જે ફળ ઉત્પન્ન થાય છે, કર્મયોગમાં એને ભોગવતો માણસ પોતે જ ભોગવી લે, અહીં ભક્તિમાં એ ભગવાનને સમર્પિત થાય છે. નામયોગમાં બધા કર્મો સમાપ્ત થઈ જાય. જ્ઞાનમાં એક જાગૃતિ છે કે એમાં બધા કર્મો સમાપ્ત થઈ જાય, પછી એને કંઈ કરવાનો રહે નહીં. કર્મના સિદ્ધાંતની બાબતમાં મહાપુરુષો એ ભિન્ન ભિન્ન વાતો કરી છે. ક્રમમાં ફળ ભોગવવાની વાત છે, જ્ઞાનમાં ફળને જાણી લે એટલે બધાં ફળો સમાપ્ત થઈ જાય, ખલાસ થઈ જાય. જ્ઞાન એટલે જાગી જવું. આપણી જૂની વાર્તા હું કહ્યા કરું.

એક માણસને સવારના ૦૫:૦૦ વાગ્યાની ગાડીમાં બહારગામ જવાનું હતું. રાત્રે ૧૦:૦૦ વાગે ઘેર આવી બેગ તૈયાર કરી અને સૂઈ ગયો. સવારે વહેલા ઊઠવાનું છે. પતિ સૂઈ ગયો, થાકેલો હતો. પત્ની થોડું કામ કરતી હતી. ઊંઘમાં રાત્રે પતિને સપનું આવ્યું. સપનામાં તેને બૅંક તોડી, એમાં એ પકડાઈ ગયો. કેસ ચાલ્યો કોર્ટમાં ગુનો સાબિત થયો. સપનામાં એને દસ વર્ષની જેલ થઈ. ૧૦ માંથી ત્રણ વર્ષ પૂરા કર્યા, ૭ વર્ષ બાકી હતા. તેમાં કોણ જાણે તેને શું થયું કે તે ખૂબ કંટાળી ગયો હતો અને તેણે જેલના સિપાઈઓને પોલીસને માર્યા. તેથી જેલના સિપાઈઓ અને પોલીસ તેને સામેથી મારવા લાગ્યા. ખૂબ દંડા અને ચાબુક મારવા લાગ્યા. ખૂબ મારવા લાગ્યા ત્યારે તે ઓચિંતો જાગી ગયો અને રાડો પાડવા લાગ્યો મને બચાવો, મને બચાવો ! એની પત્નીએ કહ્યું કે તમે સૂઈ જાવ કેમ બૂમો પાડો છો ? તે તો આભો જ બની ગયો. પત્નીએ પૂછ્યું શું થયું ? ત્યારે કહે છે કે સપનું આવ્યું, એમાં મેં ગુનો કર્યો, બેંક તોડી, પકડાઈ ગયો, ૧૦ વર્ષની જેલ થઈ, ત્રણ વર્ષ ભોગવ્યા, પાછો ગુનો કર્યો એમાં મને માર્યો. પતિએ બહુ સરસ પ્રશ્ન કર્યો કે ત્રણ વર્ષની જેલ મેં ભોગવી લીધી પણ સાત વર્ષની જેલનું શું? પત્નીએ કહ્યું કે આમને આમ સુતા રહ્યા હોત તો દસ વર્ષની સજા ભોગવવી પડત, પણ જાગી ગયા તો સજા સમાપ્ત થઈ ગઈ. આમ જ્ઞાન એટલે જાગવું. જ્ઞાન એટલે સાવધાન થઈ જવું.

કર્મની અદાલતમાં એના હિસાબનો ફેંસલો થાય, ત્યારે બધા રડતા દેખાય છે કે આ ફળ આવ્યું, આ ફળ આવ્યું. એટલે કર્મ તો ભોગવવા જ પડે, પછી રડતા રડતા કે હસતા હસતા. કર્મ અને એનું ફળ પ્રભુને અર્પણ કરીએ. તુલસીદાસજી મધ્યમ માર્ગ દર્શાવે છે. કહે છે કે તમે આ કર્મ અને કર્મ ફળ બધું પરમાત્માને અર્પણ કરી દો. ભગવાનને બહુ ગમશે. હવે પ્રશ્ન એ થાય કે આપણા કર્મો ખરાબ હોય તોય ભગવાનને અર્પણ કરી દેવા ? નૈમિષારણ્યમાં હું કથા કરતો હતો ત્યારે એક મહાત્માએ બહુ સુંદર વાત કરી, જે મને ગમી. આપણે ખરાબ કર્મો અર્પણ કરવા કે નહીં ? અને એ અર્પણ કરીએ તો પ્રભુ સ્વીકારે કે નહીં ? હા સ્વીકારે. મંદિરમાં તમે જાઓ છો ત્યારે ફૂલ ફેંકો છો, શું તે શું બધા તાજા જ ફેંકો છો? બજારમાંથી લાવેલા વાસી, પહોંચવાયેલા તુલસીના પાન, બધું જ ફેંકો છો છતાં પરમાત્મા ના નથી પાડતા, બધું સ્વીકારે છે. ચંદનના છાંટા નાખો, વાસી ફૂલ નાખો, જે નાખો એ ભગવાનના મંદિરમાં સ્વીકાર્ય છે. તો સારું કે ખરાબ જે કંઈ તમારી પાસે આવ્યું, ગમે તેવો કચરો ગંગાજીમાં નાખો, એ ગંદું પાણી ગંગામાં જ પરિવર્તિત થાય. એમ ઈશ્વરને અર્પણ કરવાનો આપણે ત્યાં ભક્તિભાવ છે. ભક્તિમાં નિષ્ઠા નો સિદ્ધાંત પ્રતિપાદિત કરવાની આ ચેષ્ટા છે એવું નથી. આ સમજપૂર્વક બોલાઈ રહ્યું છે કે આ માર્ગ અતિ સરળ છે.

જે અર્પણ કરી દે છે, બધું જ અર્પણ કરી દે છે. આવો સરળ માર્ગ ક્યાં મળશે ?? ખરાબમાં ખરાબ કર્મો તું મને આપી દે, જેથી તારા સગા વ્હાલા કે તારે કોઈને ભોગવવું ન પડે. તું તારા કર્મનું ફળ તારા પરિવાર પર નહીં લાગતો. એના ફળનો ભોગ બીજાના બની જાય. આપણા કર્મનું ફળ આપણે તો ભોગવીએ પણ જ્યારે આપણે ભોગવતા હોઈએ ત્યારે પરિવાર દુ:ખી નથી થતો? ગુનો તમે કરો, ચોરી તમે કરો, પકડાવો તમે. પાંચ વર્ષની જેલ પડી હોય તો મા બાપ, છોકરાઓ રડતા હોય. દુ:ખી કોણ થાય? આપણાં કર્મોના ફળનો ભોગ આખો પરિવાર બને છે. એટલા માટે મહાપુરુષો, શંકરાચાર્ય જેવા એ કહ્યું છે કે સાધુ પુરુષે શુદ્ધ હોય તોય લોક વિરુદ્ધ કાર્ય ન કરવું... કારણ કે એની અસર આખા સમાજ પર થાય, પરિવાર પર થાય. કર્મનો સિદ્ધાંત જ છે કે એનું ફળ કર્મઠ ભોગવેજ, પરંતુ એ ફળ ભક્તિમાર્ગમાં પ્રભુને અર્પણ કરી લેવાનું હોય છે. તેથી કર્મ અને કર્મનું ફળ જે કંઈ છે તે જો હરીને અર્પણ કરી દઈએ, એને સમર્પિત કરીએ, તો વાત સરળ બની જશે. હું અને તમે હળવાં થઈ શકશું. ભક્તિનો આ માર્ગ છે.

(સંકલનઃ જયદેવ માંકડ) ■

## આધ્યાત્મિક ખજાનાને ખોલવાની ચાવી છે કુંડલિની શક્તિ...

અલૌકિક દર્શન

ભાણદેવ
feedback@bombaysamachar.com

(ગતાંકથી ચાલુ)

હવે આપણે જોઈએ કે યોગવિષયક શાસ્ત્રીય ગ્રંથોમાં પ્રાણાયામ વિશે શું કહેવામાં આવ્યું છે.

(अ) योगसूत्र -

तस्मिन् सति श्वासप्रश्वासयोर्गतिविच्छेद: प्राणायाम:। - योगसूत्र, २-४९

'તેમાં (આસનમાં) સ્થિત થઈને શ્વાસપ્રશ્વાસની ગતિમાં વિચ્છેદ એટલે પ્રાણાયામ'

बाह्याभ्यन्तरस्तम्भवृत्ति: देशकाल संख्यामि परिदृष्टो दीर्घसूक्ष्म:। - योगसूत्र, २-५०

'(પ્રાણાયામ) બાહ્ય, આંતર અને સ્તંભવૃત્તિ એક (ત્રણ પ્રકારના) દેશ, કાળ અને સંખ્યાથી જોવાયેલા, લાંબા કે ટૂંકા હોય છે.'

बाह्याभ्यान्तर विषयाक्षेपी चतुर्थ:। -योगसूत्र, २-५१

'બાહ્ય અને આંતર વિષયથી નિરપેક્ષ એવો ચતુર્થ પ્રકારનો (પ્રાણાયામ) છે.'

तत: क्षीयते प्रकाशावरणम्। - योगसूत्र, २-५२

'તેનાથી પ્રકાશના આવરણનો નાશ થાય છે.'

धारणासु च योग्यता मनस:। - योगसूत्र, २-५३

'અને ધારણાઓમાં મનની યોગ્યતાનું નિર્માણ થાય છે.'

(ब) गोरक्षशतकम्

प्राणो देहस्थितोवायुरायामस्तन्निबंधनम्। - गो.श., ४२

'પ્રાણ એટલે દેહસ્થવાયુ અને આયામ એટલે તેનું નિયમન'

आसनेन रुजो हन्ति प्राणायामेन पातकम्। - गो.श., ५८

'આસનથી રોગ અને પ્રાણાયામથી પાપ નાશ પામે છે.'

(क) वसिष्ठ संहित

प्राणापान समायोग: प्राणायाम प्रकीर्तित:। - व.सं., २-२

પ્રાણ અને અપાનના સંયોગને પ્રાણાયામ કહેવાય છે.'

प्राणसंयमनं नाम देहे प्राणादि धारणं। - व.सं., २-३२

'દેહમાં પ્રાણ વગેરે વાયુઓને ધારણ કરવા તેને પ્રાણસંયમ અર્થાત્ પ્રાણાયામ કહે છે.

चले वाते चलं चितं चितं निश्चले निश्चलं भवेत।
योगी स्थाणुत्वामाप्नोति ततो वायुं निरोधयेत।। - ह.प्र.; २-२

'વાયુની ગતિથી ચિત્તમાં ગતિ ઉત્પન્ન થાય છે અને વાયુ નિશ્ચલ થતાં ચિત્ત નિશ્ચલ થાય છે અને તેનાથી યોગી સ્થિરતા (અથવા ઈશત્વ) પામે છે. તેથી વાયુનો નિરોધ કરવો.'

(इ) घेरण्ड संहिता

प्राणायामाल्लाधवं च
ध्यानात्मप्रत्यक्षमात्मनि - घे.सं १-११

'પ્રાણાયામથી લાઘવ અને ધ્યાનથી આત્માનું પ્રત્યક્ષીકરણ થાય છે.'

ઉપરોક્ત પાંચ ગ્રંથોમાં પ્રાણાયામ વિશે જે કહેવાયું, તેમાં મુખ્ય ત્રણ બાબતોનો સમાવેશ થાય છે.

(૧) પ્રાણાયામની વ્યાખ્યા
(૨) પ્રાણાયામનું વર્ગીકરણ
(૩) પ્રાણાયામનું ફળકથન

### ૫. પ્રાણાયામ શું છે?

પ્રાણાયામ = પ્રાણ + આયામ = પ્રાણનું નિયમન. પ્રાણાયામ માટે પ્રાણસંયમ, પ્રાણસંયમન આદિ શબ્દોનો ઉપયોગ પણ થાય છે. બધા શબ્દોનો અર્થ સરખો જ છે.

આપણે જોઈ ગયા છીએ કે પ્રાણ શરીર અને ચિત્ત જોડનારી કડી છે. ચિત્તની વૃત્તિઓનો ચિત્તની જ ભૂમિકા પર નિરોધ સાધવો દુષ્કર છે. તેથી જો પ્રાણનો નિરોધ સાધી શકાય તો તેના દ્વારા ચિત્તનો નિરોધ હાથવગો બને છે; પરંતુ પ્રશ્ન એ છે કે પ્રાણનો નિરોધ સાધવો કેવી રીતે? આપણા શરીરમાં સતત વહેતો શ્વાસ શરીરની અંદર રહેલા પ્રાણ સાથે ગાઢ રીતે સંકળાયેલો છે. એટલું જ નહિ પણ બાહ્ય શ્વાસ શરીરની અંદર રહેલ પ્રાણનો બાહ્ય છેડો છે, એમ કહી શકાય. જો શ્વાસરૂપી બાહ્ય છેડો પકડી શકાય તો તેના દ્વારા અંદરનો પ્રાણ હાથમાં આવી શકે તેમ છે. યોગવિદ્યાની, વિશેષતઃ પ્રાણાયામની આ એક રહસ્યપૂર્ણ ચાવી છે.

પ્રાણાયામ દ્વારા સાધક પ્રથમ શ્વાસનો સંયમ સિદ્ધ કરે છે; શ્વાસના સંયમ દ્વારા તે પ્રાણનો સંયમ સાધે છે અને તેનાથી એક ડગલું આગળ વધીને પ્રાણસંયમ દ્વારા ચિત્તવૃત્તિઓનો નિરોધ સિદ્ધ કરે છે. આમ, પ્રાણાયામમાં બહિરંગ રીતે શ્વાસનો નિરોધ સાધવામાં આવતો હોય છતાં, તે માત્ર શ્વાસનિરોધ કે શ્વાસાયામ નથી, પરંતુ ચિત્તનિરોધ સિદ્ધ કરવાની સાધના છે. પ્રાણાયામને સમજવાની ચાવી અહીં છે. કોઈ પણ સમજદાર વ્યક્તિ જો આ સરળ પણ મહત્ત્વપૂર્ણ હકીકત સમજી લે તો પ્રાણાયામની મહત્તા અને સ્વરૂપ તેના મનમાં સ્પષ્ટ બની શકે.

પ્રાણાયામના સ્વરૂપને સમજવાની વાત અહીં પૂરી થતી નથી. હજુ એક મહત્ત્વપૂર્ણ હકીકત સમજવી આવશ્યક છે.



હઠયોગ શરીરને એક ખૂબ મૂલ્યવાન અને ખૂબ રહસ્યપૂર્ણ સાધન માને છે. આ પંચભૂતાત્મક શરીર ચૈતન્યનું અધિષ્ઠાન છે અને આત્મપ્રાપ્તિનું સાધન બની શકે તેમ છે. હઠયોગમાં શરીરને તિરસ્કારની દૃષ્ટિથી નહિ; પરંતુ રહસ્યોદ્‌ઘાટનના દ્વાર તરીકે જોવામાં આવે છે.

હઠયોગની મૂળભૂત ધારણાઓમાંની એક ધારણા એ છે કે સામાન્યતઃ આપણા શરીરમાં સુષુપ્ત અવસ્થામાં રહેલ કુંડલિની શક્તિનું જો જાગરણ થાય તો સાધકના જીવનમાં તેનાથી આમૂલ ક્રાન્તિ આવી શકે તેમ છે, આધ્યાત્મિક રૂપાંતર સિદ્ધ થઈ શકે તેમ છે; જે અમૂલ્ય ખજાનાથી આપણે વંચિત રહીએ છીએ તે ખજાનો હાથવગો બની શકે તેમ છે. કુંડલિની શક્તિનું જાગરણ આધ્યાત્મિક ખજાનાને ખોલવાની ચાવી છે. કુંડલિની પ્રાણશક્તિ છે. પ્રાણાયામના અભ્યાસથી આ પ્રાણસ્વરૂપ સુષુપ્ત કુંડલિનીનું જાગરણ થાય છે અને સાધક સમક્ષ ચેતનાના ઉદ્‌ઘાટનનું દ્વારા ખુલ્લું થાય છે.

પ્રાણાયામ શું છે, શા માટે છે અને પ્રાણાયામનું ખરું સ્વરૂપ શું છે, તે હકીકતનો ખ્યાલ ઉપરોક્ત હકીકતથી આવશે.

ઉપરોક્ત બંને ધારણાઓમાંથી પ્રથમ ધારણા પ્રાણાયામ વિશેની રાજયોગની ધારણા છે અને બીજી ધારણા પ્રાણાયામ વિશેની હઠયોગની ધારણા છે. એક જ સાધનને જોવાનાં આ બે દૃષ્ટિબિંદુ છે. બંને વચ્ચે કોઈ વિરોધ નથી. આમ છતાં દૃષ્ટિબિંદુની ભિન્નતાને કારણે સાધનાના સ્વરૂપમાં, માનસિક વલણમાં અને સાધનનાં સ્થાન, તીવ્રતા અને મહત્તામાં પણ જે ભિન્નતા આવશે તે તો આવશે જ.

### ૬. પ્રાણાયામનું સ્વરૂપ

પ્રાણાયામમાં ત્રણ પ્રક્રિયાઓનો સમાવેશ થાય છે:

(૧) પૂરકમાં શ્વાસ અંદર લેવામાં આવે છે.
(૨) આંતર કુંભક કે બહિર્કુંભકમાં શ્વાસને અંદર કે બહાર રોકવામાં આવે છે.
(૩) રેચકમાં શ્વાસ બહાર કાઢવામાં આવે છે. એ વાત સ્પષ્ટ રીતે સમજી લેવી જોઈએ કે શ્વાસ અંદર લેવાથી, રોકવાથી કે બહાર કાઢવાથી પૂરક, કુંભક અને રેચક બનતા નથી. તે માટે તેમાં બીજાં ત્રણ તત્ત્વો ઉમેરવા જોઈએ. (ક્રમશઃ) ■

અલખનો ઓટલો

ડૉ. નિરંજન રાજ્યગુરુ
feedback@
bombaysamachar.com

# અખંડ બ્રહ્મ કું ડાઘ ન લાગે...



સંતોની શબ્દસાધના એ તદ્દન આગવો ઈલાકો છે. એમાં જ્યારે નાદ ઉપાસના ભળે છે ત્યારે એના ગાન દ્વારા ગૂઢ અધ્યાત્મ શબ્દાવલિ કોઈક કોઈક માટે પિંડગત- અપાર્થિવ-અલૌકિક અર્થાનુભૂતિ જરૂર કરાવે પણ એની માત્રા વ્યક્તિએ વ્યક્તિએ જુદી જુદી હોય. ભારતીય યોગસાધનાના ત્રણ પ્રવાહોમાં (૧) પાતંજલ શૈવ- યોગદર્શનના અનુયાયી.(૨) તાંત્રિક શાક્ત-યોગના અનુયાયી.(૩) બૌદ્ધ, જૈન, સંતમત તથા સૂફી વગેરે અવૈદિક ધારાના યોગના અનુયાયી...એમ ત્રણ સ્પષ્ટ ધારાઓ જોવા મળે.

જો કે પાછળથી આપણે ત્યાં ગુજરાતીમાં તરી આવેલા સંતસાહિત્યમાં - સાધનાત્મક સાહિત્યમાં તો આ ત્રણે પ્રવાહોનો ત્રિવેણીસંગમ થયો હોય એવું જોવા મળે છે. એકનો એક સંતકવિ યોગી પણ હોય, ભક્ત પણ હોય, જ્ઞાની-વેદાન્તી પણ હોય અને કર્મમાર્ગી પણ હોય. એ ઉપરની ત્રણે ધારાઓની સાધનાત્મક પારિભાષિક શબ્દાવલિનો પ્રયોગ પોતાની અનુભવવાણીમાં કરતો હોય પરંતુ એ દરેક શબ્દ વિશે પોતાનો આગવો, મૌલિક સાંકેતિક અર્થ હોય.

સંત કે ભક્ત પોતાની અધ્યાત્મયાત્રા કઈ રીતે આગળ વધારે છે? (૧) પોતાનાં દરેક દૈનિક કાર્યોમાં ઈશ્વર શરણાગતિથી સેવાધર્મ બજાવતાં બજાવતો રહે, (૨) હરિકથા કહે અને સાંભળે, (૩) પૂજા કરે અને પૂજા થતી જોયા કરે, (૪) જપ કરે,(૫) ધૂપ-દીપ-પૂષ્પ-નૈવેદ્ય ધરાવે, (૬) આરતી કરે, અને આરતી લઈને સૌની આગળ ફેરવે, (૭) પરમાત્માને, ગુરુને અને સંત-સાધુઓને દંડવત્ પ્રણામ કરે, (૮) ફૂલ અને તુલસીપત્ર ચૂંટે, (૯) ભગવાન માટે નૈવેદ્ય-ભોગ બનાવે, (૧૦) ભગવાનનો પ્રસાદ મેળવે અને કોઈકને આપે, (૧૧) તિલક કરે- કરાવે, (૧૨) માળા-કંઠી બનાવે, પહેરે, કોઈને પહેરાવે, (૧૩) ગુરુજનો- વડીલો- યાત્રાળુઓની ચરણસેવા કરે, (૧૪) સંત-સાધુ-બ્રાહ્મણ-અતિથિને દક્ષિણા આપે, (૧૫) ભોજન-પાણી પીરસે, વાસણ સાફ કરે, બળતણ લાવે, (૧૬) મંદિર-આશ્રમ-રસ્તાની સાફસફાઈ કરે, (૧૭) ધૂન-ભજન-કીર્તન ગાય અને જયકાર બોલાવે, (૧૮) રોગી-વૃદ્ધ- અશક્ત-દીનજનોની તમામ પ્રકારની સેવા કરે, (૧૯) જીવમાત્ર ઉપર દયા કરે, (૨૦) કોઈપણ નાત-જાત-ધર્મ-પંથને જોયા વિના મૃતદેહને અવલમંજિલ પહોંચાડે, (૨૧) તીર્થયાત્રા કરે, (૨૨) આવાં અનેક-તમામ પ્રકારનાં સેવાકાર્યો કરતાં કરતાં ભક્ત-સાધકની સુરતા અહર્નિશ પરમાત્મામાં લાગી રહે અને દ્વૈતભાવ છૂટતો જાય, સમાધિભાવ- બ્રહ્મભાવમાં જ રમમાણ રહે ત્યારે સહજ રીતે જ આપોઆપ આત્મસાક્ષાત્કારની-સંતત્ત્વની ભૂમિકાએ ભક્ત પહોંચી જાય.

'ગુજરાતી સંતસાહિત્ય/ સંતકવિતા/સંતવાણીની પરિભાષાઓ' વિશે એક પણ શબ્દ પાડતાં પહેલાં આપણે બૌદ્ધસિદ્ધોના દોહાકોશ, ચર્યાપદો, નાથયોગીઓના મત્સ્યેન્દ્રનાથ અને ગોરક્ષનાથ પ્રણીત દાર્શનિક ગ્રંથો, હિન્દુ, જૈન તથા બૌદ્ધ ધર્મોના તંત્રગ્રંથો, ષડ્દર્શન ગ્રંથો, પાતંજલ યોગદર્શન, યોગવાશિષ્ઠ, શાંકર વેદાન્ત, રામાનુજ, મધ્વ, નિમ્બાર્ક, રામાનંદના ભાષ્યો, શૈવ-શાક્ત-વૈષ્ણવ-તંત્રના ગ્રંથોમાં વર્ણિત સાધના પરંપરાઓની શબ્દાવલિ ઉપરાંત વેદાચાર, વૈષ્ણવાચાર, શૈવાચાપ, દક્ષિણાચાપ, કૌલાચાપ, સિદ્ધંતાચાર, વામાચાર, મંત્ર, તંત્ર,યંત્ર, સ્વરોદય, શબ્દ સાધના કે નાદબ્રહ્મ ઉપાસના... વગેરેનું વર્ણન કરતાં સંસ્કૃત, પ્રાકૃત,અપભ્રંશની સાથોસાથ પાલિ, માગધી, બંગાળી, તિબેટીઅન, નેપાળી, બોડો, હિન્દવી, વ્રજભાષા, સધુક્કડી, સિંધી-કચ્છી, મરાઠી, કાશ્મીરી, પંજાબી, રાજસ્થાની ઉપરાંત દક્ષિણભારતની વિવિધ પ્રાન્તિય ભાષાઓ ઉપરાંત ફારસી અને અરબી ભાષાઓમાં લખાયેલા ગ્રંથો અને જૂના ગુજરાતી ગ્રંથો ઉપર આપણી પહોંચ પ્રમાણે અવશ્ય નજર નાખવી જ જોઈએ.

કોઈ એક જ સાધનાપરંપરામાં લૌકિક રીતે આપણા પ્રદેશમાં પ્રચલિત થયેલા શબ્દાર્થને આપણે અધિકૃત માનીને એના વિશે વાત માંડીએ એ તો અત્યંત ઉપરચોટિયું અર્થઘટન કર્યું ગણાય. હજારો વર્ષોથી તરી આવેલી ભારતીય અધ્યાત્મવિદ્યાની શબ્દાવલિમાં સમયાંતરે અર્થવિકાસ, અર્થસંકોચ અને અર્થાન્તરો થયા કર્યાં છે. ત્યારે વાણીના ચતુર્વિધ પરિમાણો : વૈખરી, મધ્યમા, પશ્યંતિ અને પરા મુજબની પરિભાષાના અર્થઘટનનો પ્રદેશ કોઈપણ અનુભવપ્રાપ્ત સિદ્ધ-સાધક સિવાય માત્ર ખોખલી વાણીનો વ્યવહાર બની રહે. વિશ્વની અનેક વિદેશી ભાષાઓમાં અને આપણે ત્યાંની વિધવિધ પ્રાન્તિય ભાષાઓમાં આજ સુધીમાં સંતસાહિત્ય-સંતસાધના વિશે અઢળક અભ્યાસો અને અર્થઘટનોનાં પ્રકાશનો થયાં છે, એટલે તો હું આવી સાધનાત્મક પરિભાષાઓના અર્થઘટન આપવાનું ટાળતો રહું છું...

*અખંડ બ્રહ્મ કું ડાઘ ન લાગે, સંતો દેખો જ્ઞાન દિલ લાઈ રે.. હો..જી..*
*અખંડ બ્રહ્મ કું કર્મ ન બેસે, સંતો દેખ લો જ્ઞાન દિલ લાઈ રે હો ..જી..૦*
*સંતો દેખ લો જ્ઞાન દિલ લાઈ રે હો ..જી..૦*
*મહા મણિકું મેલ ન લાગે, તું સકલ છોડ ચતુરાઈ રે હો..જી..*
*અગ્નિકો ઉધઈ નવ લાગે, માંહી પડત સબ પરલાઈ..*
*સુધિ તલવાર લોહ ગજવેલી, મહા સુખ મ્યાન બંધાઈ રે... હો..જી..*
*કાલ મૂળ સબ હી કું કાપે, વા મેં પાપ રતિ નાંઈ..*
*સંતો દેખ લો જ્ઞાન દિલ લાઈ રે હો ..જી..૦*
*અંબુ માંહી પાવક નહિં પ્રગટે, કંચન કું ન લાગે કાંઈ રે... હો..જી..*
*ચંદન ઝાડ ભોરિંગ વિટાયા. મિટત નાંહી શીતલાઈ...*
*મહા જ્ઞાની મન નિજ ઘર પહોચ્યા, સૂરતિ સહજ શૂન્ય સમાઈ રે... હો..જી..*
*કહે રવિરામ કુસંગ ક્યા કરહી, જા કા દિલ બ્રહ્મ દરિયાઈ...*
*સંતો દેખ લો જ્ઞાન દિલ લાઈ રે હો ..જી..૦* ■

ગીતા મહિમા

સારંગપ્રીત
feedback@
bombaysamachar.com

# વિધિ ને વિજ્ઞાન

ગત અંકમાં વિધિ-વિધાનોમાં હેતુની શુદ્ધિ આવશ્યક કહીને હવે ભગવાન કૃષ્ણ દ્વારા કથિત તે વિધિવિધાનોમાં વૈજ્ઞાનિકતાને સમજીએ.

ગીતામાં નિત્ય, નૈમિત્તિકાદિ કર્મોને અનિવાર્ય કહીને તેને ક્યારેય ન છોડવાની વાત કરી છે. પણ આવાં 'ધાર્મિક કર્મો કે વિધિવિધાનની શી જરૂર ? વળી, ૨૧મી સદીના માનવને લાખો-હજારો વર્ષ પૂર્વેના શાસ્ત્રીય કર્મોથી શું લાભ ? આજે તેની આવશ્યકતા, પ્રાસંગિકતા કેટલી?'

ચાલો, એવાં કંઈક સળવળતા સવાલોને વૈજ્ઞાનિક પુરાવાઓ સાથે ઉત્તર આપીએ.

એક સામાન્ય પ્રાથમિક વિધિ એટલે નમસ્કારથી આરંભ કરીએ. 'આ હેન્ડસેકનાં (હસ્તધૂનન) સ્થાને હાથ જોડી 'નમસ્તે' કહેવાની વિધિથી શું લાભ?' જેનાં જવાબમાં આજે વિજ્ઞાન કહે છે કે 'બે હાથ જોડાતા હાથમાં એક્યુપ્રેશર થાય છે, જેને યોગવિજ્ઞાનમાં 'અંજલિમુદ્રા' કહે છે. જેથી સમગ્ર શરીરમાં પ્રાણશક્તિ પ્રવાહિત થાય છે. આપણા મસ્તિષ્કમાં બે ન્યુરોલોજિકલ સિસ્ટમ છે એક 'Amygdala'(અમીગડલા - જ્યાં લાગણી તથા બુદ્ધિ જન્મે છે અને જે વાતાવરણમાં સ્ટ્રેસને તપાસે છે.) તથા 'Prefrontal cortex' (પ્રોફ્રન્ટલ કોર્ટેક્શ જે સ્ટ્રેસ દૂર કરે છે)' અન્યને નમસ્કાર કરતી વખતે સહજ લાગણી જન્મે છે ને માનસિક આનંદ પ્રાપ્ત થાય છે. એટલે આ બન્ને ન્યુરોલોજિકલ સિસ્ટમ 'નમસ્તે' કરવાથી એક્ટિવેટ થાય છે.

હજારો વર્ષ પૂર્વે 'દ્વાપર યુગે' થયેલ 'મહાભારતગ્રંથમાં' સ્થિત 'ભગવદ્ગીતા' માં કહેવાયુ છે કે 'વિદ્યા પ્રાપ્તિ માટે સર્વપ્રથમ ગુરુને નમસ્કાર કરો.' જેથી આ તમામ લાભ શૈશવથી જ મળે.

બીજો મુદ્દો છે -પ્રાર્થના અને સ્તુતિ! વેદોથી માંડીને તમામ શાસ્ત્રોમાં આ અગત્યનું વિધાન છે. 'પ્રાર્થના શા માટે ?' ઘણાં કહે છે 'મદદ માટે લંબાવેલા એક હાથની કિંમત એ કાકલૂદી કરવા જોડાયેલા બે હાથથી વધુ હોય છે.' આવી નાસ્તિકતા પણ આજે ખોટી પડી છે. કારણકે વિજ્ઞાને તેની સાબિતી આપી છે. આજે વિશ્વનો 'મહાસત્તા' કહવાતો 'અમેરિકા' દેશ જ્યારે દર્દીને દવા આપે ત્યારે ડોક્ટર દ્વારા અવશ્ય પ્રિ-સ્ક્રિપ્સનમાં દવા બાદ એવું લખવામાં આવે છે કે 'પ્રત્યેક અઠવાડિયે ૨ કલાક સમાજસેવા કરવી ને રોજ સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરવી.'



સાયન્સને આધુનિકતાથી ભરપૂર દેશો પણ જ્યારે 'પ્રાર્થના' અને 'સોશ્યલ સેવા' કરવા સૂચવે, જે આપણા ભારતદેશનું જ મહામૂલું બીજ છે. સર્વે ઉપનિષદોમાં પ્રથમ કહી શકો એવા 'ઈશાવાસ્ય ઉપનિષદ'ને 'પ્રાર્થના ઉપનિષદ' કહેવું યોગ્ય છે. કારણકે અખિલ ગ્રંથમાં ૨૨ ટકાથી વધુ મંત્રોમાં પ્રાર્થના જ શોભે છે તો અધ્યાત્મગ્રંથ વચનામૃત 'સેવા(સેલ્ફલેસ સર્વિસ)' માટે કહે છે '(સેવાથી) અંતઃકરણની જે મલિન વાસના તે સર્વે નાશ પામી જાય છે.' એટલે કે ઈર્ષ્યા, માન, ક્રોધ આદિ.

અને તે અંગે વિશ્વવિખ્યાત 'હાર્વર્ડ યુનિવર્સિટી'નાં સંશોધક ડેવિડ લૂઈસે કહ્યું કે 'સેવાથી આપણું શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય સારું રહે છે.'

જે વાત સહજતાથી આપણે ધાર્મિક વિધિવિધાનોમાં વણી લીધી તે વિજ્ઞાન માટે આજે મહાન આવિષ્કાર છે. ધર્મ વિષયક માન્યતા માટે જેઓ 'પ્રશ્નાર્થ ચિહ્ન' બતાવતાં હતા તેઓની મુખમુદ્રા પર આજે સતત 'આશ્ચર્યચિહ્ન' જોવા મળે છે. તે દર્શાવે છે કે આ સનાતન ધાર્મિક વિધિવિધાનોની સમગ્ર વિશ્વને ખૂબ જ જરૂર છે. અને સનાતન સર્વ હિતકારી ધર્મ જો સર્વકલ્યાણ માટે હોય તો એના વિધિવિધાનો પણ સર્વમાનવોપયોગી કેમ ન હોય?!

'પૂજા પાઠ શા માટે? અને એ પણ બ્રાહ્મમુહૂર્ત(વહેલી સવારે)માં જ કેમ?' કારણકે 'પૂજા વખતે કરવામાં આવતું ધ્યાન Harvard Medical School ના અભ્યાસ પ્રમાણે મગજના 'પ્રિફ્રન્ટલ કોર્ટેક્સ'ને મજબૂત બનાવે છે, જે માનસિક શાંતિ માટે જરૂરી છે. ત્યારે મંત્રો જપવાથી પલ્સ રેટ અને હાર્ટ રેટમાં સુધારો થાય છે. સમૂહમાં મહાપૂજા, યજ્ઞ આદિ વિધિ સમયે જે ધૂમાડો થાય છે તે નુક્સાનકારક બેક્ટેરિયાને જીવાણુનો નાશ કરે છે ને પર્યાવરણ શુદ્ધ કરે છે.' એક પૂજાવિધિ અનેકને લાભદાયી નીવડે છે અને સવારે જો આ પૂજાવિધિ કરવામાં આવે ત્યારે ૪૧ ટકા ઓક્સિજન, ૫૫ ટકા નાઈટ્રોજન ને માત્ર ૪ ટકા કાર્બન ડાયોક્સાઈડ હોય છે. બપોર ને રાત સુધીમાં તેનું પ્રમાણ વધીને ૬૦ ટકા થઈ જાય છે ત્યારે ધ્યાન કે પ્રાણાયામ વખતે વાયુ લાભ તો ન જ કરે પરંતુ આયુષ્યનાશક પણ થઈ શકે તેથી પૂજા સવારે કરવામાં આવે છે જે સંપૂર્ણ વિજ્ઞાનસંમત છે. એટલે જ ગીતા કહે છે કે વિધિ રહિત કર્મ એ તામસ કર્મ જ બની રહે છે. કેમ કે આ શાસ્ત્રીય વિધિઓ કેવળ યાંત્રિક કાર્ય નથી પરંતુ વૈજ્ઞાનિક ઋષિઓનાં હજારો વર્ષોનાં અનુભવોનું સારરૂપ ઝરણું છે. ■

# એક એવું મંદિર જેનું નામ જ ચમત્કાર છે!

ફોકસ

કવિતા યાજ્ઞિક
feedback@
bombaysamachar.com



આપણા દેશમાં મંદિરોનું એક અનોખું વિશ્વ છે. મંદિરોમાં મૂર્તિઓની પ્રાણ પ્રતિષ્ઠા થાય છે. અર્થાત કે એ મૂર્તિઓ જીવંત બને છે. કદાચ આ જ કારણ છે કે મંદિરોનો જે સૂક્ષ્મ પ્રભાવ આપણા મન-મસ્તિષ્ક પર થાય છે તે ઘણીવાર શબ્દોમાં વર્ણવી શકાતો નથી. તો ઘણીવાર કેટલાંક મંદિરોની સ્થાપના પાછળ જ એવી કથાઓ હોય છે, જે આપણને આશ્ચર્યચકિત કરી મૂકે. આપણે જાણીએ રાજસ્થાનના એક સુંદર જૈન મંદિર વિશે, જેને ચમત્કારજી મંદિર તરીકે ઓળખવામાં આવે છે. આમ તો ઘણા ચમત્કારને અંધશ્રદ્ધા પણ કહે છે, પરંતુ ચમત્કાર એટલે શું? એવી ઘટના જે ઘટનાને આપણે આપણા તર્કથી સમજવા અસમર્થ હોઈએ. પણ છતાં આંખ સામે ઘટતી એ ઘટનાને નકારી પણ ન શકાય.

ચમત્કારજી જૈન મંદિર રાજસ્થાનના સવાઈ માધોપુર જિલ્લામાં આવેલું છે. રણથંભોરથી પણ આ મંદિર ક્ષેત્ર ઘણું નજીક છે. જેમ હિન્દુ દેવ સ્થાનોને આપણે મંદિરો કહીએ છીએ, તેમ જૈન મંદિરોને દહેરાં કહેવાય છે. રોજિંદી ભાષામાં દેરાસર કહેવાય છે. આ દેરાસર અતિશય ક્ષેત્ર છે. અતિશય ક્ષેત્રનો અર્થ જ એ થાય છે કે જ્યાં મૂર્તિઓના દૈવી પ્રભાવથી ચમત્કારિક ઘટનાઓ કે અનુભવો થાય.

આ દેરાસરની સ્થાપના જ એક એવી ઘટનાથી થઇ છે જેને તમે ચમત્કાર પણ કહી શકો કે દૈવી સંકેત પણ કહી શકો. એવું માનવામાં આવે છે કે આ ૪૦૦ વર્ષ જૂનું મંદિર જૈન સમુદાયના લોકો દ્વારા ૧૮૮૯માં બનાવવામાં આવ્યું હતું. જોકે, કેટલેક ઠેકાણે ૧૮૩૨નો પણ ઉલ્લેખ મળે છે. કહેવાય છે કે ભાદ્રપદ કૃષ્ણ પક્ષ એકમના દિવસે, એક સ્થાનિક નાથ સંપ્રદાયના યોગીને સ્વપનમાં ભગવાન આદિનાથની મૂર્તિ જમીનમાં હોવાનો સંકેત મળ્યો હતો. એક કથા પ્રમાણે 'જોગી' નામના એક ખેડૂતને સ્વપ્નમાં દેખાયું કે તે જમીન ખેડી રહ્યો છે અને તેનું હળ અટકી ગયું છે. ખૂબ પ્રયત્નો પછી પણ હળ આગળ વધતું નથી. સવારે ખેડૂત પોતાના પરિવાર સાથે ખેતરમાં સ્વપ્નમાં દેખાયેલ સ્થળે જઈને જુએ છે તો તેને કાચની જેમ ચળકતી મૂર્તિના દર્શન થાય છે. સાવચેતી પૂર્વક તેને બહાર લાવવામાં આવતા જ 'જય-જય'નો નાદ સંભળાયો હોવાની વાયકા છે.

આ મૂર્તિ જૈન ધર્મની વર્તમાન ચોવીસીના પ્રથમ તીર્થંકર આદિનાથ ભગવાનની હતી. કહે છે કે મૂર્તિને યોગ્ય જગ્યાએ લઇ જવા માટે રથમાં મૂકવામાં આવી પણ રથ તસુભાર પણ ત્યાંથી આગળ ન વધ્યો. આખરે તે દૈવી સંકેતને પ્રમાણ માનીને તે જ જગ્યાએ ભગવાન આદિનાથનું મંદિર બનાવવાનો નિર્ણય લેવાયો.

આજે એ જગ્યાએ દિગંબર સંપ્રદાયનું સુંદર મંદિર છે. આ મંદિર સાથે અનેક ચમત્કારો જોડાયેલા હોવાનું કહેવાય છે. તેમાં પ્રચલિત એક કથાની આપણે વાત કરીએ.

ચમત્કારજી મંદિર વિશે, અહીંના સ્થાનિક લોકો કહે છે કે આ મંદિરમાં શ્રી નસરુદ્દીન અને શ્રી સફર ઉદ્દીનની ઇચ્છાઓ ચમત્કારિક રીતે પૂર્ણ થઈ હતી. એવું કહેવાય છે કે નસરુદ્દીન નામનો એક નાઝીમ (બાદશાહનો પ્રાદેશિક અધિકારી) સવાઈ માધોપુર આવ્યો હતો. કોઈક કારણસર તેને તેના પદ ઉપરથી બરખાસ્ત કરી દેવામાં આવ્યો હતો. નિરાશ થયેલા એ અધિકારીને કોઈએ આ મંદિરના ચમત્કાર વિશે જાણ કરી હતી. નસરુદ્દીન મંદિરમાં આવ્યો અને ભગવાન આદિનાથ સામે હાથ જોડીને પ્રાર્થના કરી કે જો તેને તેનું ગુમાવેલું પદ પાછું મળી જશે તો દેરાસરમાં તે સુંદર છત્રી (વાસ્તુકળામાં, ખાસ કરીને રાજસ્થાનમાં પથ્થરની નકશીદાર ગુંબજ વાળી જગ્યા)નું નિર્માણ કરાવશે. તેના આશ્ચર્ય અને આનંદ વચ્ચે, થોડા જ સમયમાં તેને પદ પર પુનઃનિયુક્તિના શુભ સમાચાર મળે છે. ત્યારપછી નસરુદ્દીને ભગવાન આદિનાથ સમક્ષ માનેલી માનતા મુજબ ત્યાં સુંદર છત્રીનું નિર્માણ કરાવ્યું. સ્થાનિકોના કહેવા પ્રમાણે અહીં આવા ઘણા ચમત્કારો થયા હોવાથી જ આ દેરાસર ચમત્કારજી મંદિર તરીકે ઓળખાતું થયું.

અહીંયા ભગવાન આદિનાથની ૬ ઇંચની સ્ફટિક મણિની મૂર્તિ સ્થાપિત છે જે પેલા ખેતરમાંથી મળી આવી હતી. ભગવાન આદિનાથ પદ્માસન અવસ્થામાં બિરાજમાન છે. અહીં લાલ પથ્થરથી બનેલી ભગવાન પદ્મપ્રભુની મૂર્તિ પણ અતિ સુંદર છે. આ પ્રતિમાની ઊંચાઈ ૧ ફૂટ ૩ ઇંચ છે, અને આ પ્રતિમા ૧૫૪૬માં બનાવવામાં આવી હોવાનું કહેવાય છે. તે સાથે આ મંદિરમાં તમને પંચ બાલ યતિ અને અન્ય તીર્થંકરોની મૂર્તિઓ કલાત્મક રીતે જોવા મળશે.

દર વર્ષે શરદ પૂર્ણિમા અશ્વિન શુક્લ પક્ષ પૂર્ણિમાના અવસરે સવાઈ માધોપુરના શ્રી ચમત્કારજી જૈન મંદિરમાં વિશાળ મેળાનું આયોજન કરવામાં આવે છે. સમગ્ર દેશમાંથી આ પ્રસંગે ભક્તો અહીં પ્રભુની પૂજા-સેવા અને ભક્તિ માટે આવે છે. ■

# આદમી ને સાચા ઈન્સાન વચ્ચેની ભેદરેખાને સમજવાનો સમય...

આચમન

અનવર વલિયાણી
feedback@bombay
samachar.com



આજથી લગભગ બે હજાર વર્ષ પહેલાં ચીનના મહાન ફિલસુફ કન્ફયુસસે એક વાત સરસ કરી છે કે સંસ્કાર બે પ્રકારના છે:

* એક અપાયેલા
- અને
* બીજા સ્વીકારાયેલા!
- આમાં સ્વીકૃત સંસ્કરાનું મહત્ત્વ વધારે છે.
- કારણ એ સંસ્કાર શિક્ષણ દ્વારા મળે છે, જન્મજાત નથી હોતા.
- કન્ફયુસસ કહેલી આ વાતને ભલે બે બજાર વર્ષના વહાણ વહી ગયા હોય, વીતી ગયા હોય પણ આજના હરણફાળ પ્રગતિ ભણી દોડ મૂકી રહેલા યુગના માનસતજજ્ઞો પણ તેને સ્વીકારે છે અને કહે છે કે-
- જન્મજાત સંસ્કારોમાં
* ઈન્સાનના સ્વભાવ,
* વર્તન,
* વલણ,
* વિચાર અને વ્યવહારના ગુણોનો સમાવેશ થતો નથી.
- આ ગુણો શિક્ષણ દ્વારા કોઈપણ પામી શકે છે અને એટલે જ
* જન્મથી જંગલમાં વરુઓની જેમ ઉછરેલ બાળક વરુની જેમ જ વર્તે છે પણ એને માણસ વચ્ચે લવાયા પછી એની વરુતા શિક્ષણ દ્વારા ભૂંસી શકાય છે.

પ્રયત્નશીલ રહો:
પ્રત્યેક દિન,
પ્રત્યેક પળ
- એક તક છે.
- તેને ખોશો નહીં.
- સતત પ્રયત્નશીલ રહો અને
- ધ્યેય તરફ આગળ વધો.
- સતત વહેતી રહેવાથી સરિતા સાગરને મળે છે.
* વરસાદનાં ટીપે ટીપે નદી, નાળાંઓ, સરોવર છલકાઈ જાય છે.
* રામ રામ સતત જપ કરતાં વાલિયો લૂંટારો ઋષિ વાલ્મીકિ બન્યો.
* તમારે માટે પણ કાંઈ પણ અશક્ય નથી.
* માનવીની અસીમ ગર્ભિતશક્તિ અને શક્યતાઓ મહાન લોકોએ ચીંધી છે.
* સતત હલેસાં મારવાથી નૌકા સામે પાર લક્ષ્યસ્થાને પહોંચે છે.
- જો અટકે તો (માયારૂપી) નદીનો પ્રવાહ નીચે ઘસડી જાય છે.
- તમારામાં રહેલો (મુમુક્ષત્વનો) અગ્નિ સતત પ્રદીપ્ત રાખોનો પરમજ્ઞાન આપતા પૂજ્ય સ્વામી શ્રી ચિંદાનંદજી કહે છે કે,
* તમારી વાસનાઓ ઘટાડતા જાવ અને પાત્રતા વધારતા જાવ.
* પ્રબળ ઉત્સાહભેર,
* આનંદભેર સતત પ્રયત્નશીલ રહો.
* ઈશ્વરની મદદ તમને મળતી રહેશે.
* અમરતાના સામે પાર તમે પહોંચો અને
* જીવનમુક્ત સંત તરીકે પ્રકાશો

## આજનો અવસર

* કેવળ આજ જ તમારી છે.
* ગઈકાલ વીતી ગઈ છે.
* આવતીકાલ અનિશ્ચિત છે.
* આજની ઘડીનો શ્રેષ્ઠ ઉપયોગ કરી લો.
* ઊઠો અને મંડી પડો.
* આજનો અવસર પરોપકાર અને ભક્તિમાં વિતાવો.
* કોને ખબર આ સુવર્ણ તક ફરી આવશે કે નહીં.
* આળસ ખંખેરી નાખો.
* તમારે ઉદ્દાત આદર્શો સિદ્ધ કરવાના છે.
* કાલ પર છોડશો નહીં.
* કાલ ક્યારેય આવતી નથી.

## એક પ્રશ્ન

'સોળે સાન, વીસે વાન, પચીસે જો રહે સાનભાન તોજ આદમી બને સાચો ઈન્સાન...!'

* જીવનનું પચીસમું વર્ષ ખરેખર મહત્ત્વનું વર્ષ છે.
* વડીલો કદાચ એટલે જ એને ગધ્ધાપચીસીનું વર્ષ કહે છે.
* આ વર્ષમાં જો માણસની અક્કલ ઠેકાણે રહે તો એ માતાપિતા, પરિવાર, સમાજ અને દેશનું નામ રોશન કરનાર સાચો ઈન્સાન બની રહે છે.
* પરંતુ આ સમયગાળામાં એ સાનભાન ગુમાવી બેસે તો...? ■

ચિંતન

હેમુ ભીખુ
feedback@bombay samachar.com

# ધર્મનું આચરણ



ધર્મ એટલે જે ધારણ કરે છે તે, જે ધારણ કરવા યોગ્ય છે તે, જેનાથી ધારણ કરવાની ક્ષમતા સ્થાપિત થાય છે, જેના આધારે સમગ્ર વ્યવસ્થા ધારણ થઈ છે તે. આ શાબ્દિક અર્થ નથી, મૂળમાં રહેલો ભાવ છે. વ્યવહારમાં ધર્મ ઉત્તમ રીતે જીવન જીવવાની સંભાવના સ્થાપિત કરતું પરિબળ છે. ધર્મ એ કોડ ઓફ કન્ડક્ટ અર્થાત વ્યવહારની રીતભાત નથી, એ તો દરેક પ્રકારની સ્થાપિત તેમજ માની લીધેલી રીતભાતથી મુક્ત થઈ પ્રકાશ અનુભવવાની પ્રક્રિયા છે. ધર્મ એ સામાજિક ઘટના નથી, તે તો આધ્યાત્મ તરફ ગતિ કરવા માટેની પ્રેરણા છે. ધર્મના આચરણથી આ ગતિની સંભાવના ઊભી થાય છે, તે શક્ય બને છે, તેને સ્પષ્ટ દિશા તેમજ ઈચ્છનીય વેગ મળે છે અને સાથે તેનાથી અન્ય દરેક પ્રકારની ગતિ અટકી શકે છે.

ધર્મનું આચરણ ખાવા-પીવા કે પહેરવાની રીતભાત સમાન નથી. ગીતામાં ક્યાં પ્રકારનાં ખોરાકને સાત્ત્વિક ખોરાક કહેવાય અને તેની અસર કઈ રહે તે જણાવવામાં આવ્યું છે. અહીં શું ખાવાથી કેવી પરિસ્થિતિ ઉદ્‌ભવે તેની સમજ આપવામાં આવી છે. ધર્મના આચરણમાં ખોરાક મદદરૂપ થઈ શકે પરંતુ તે ધર્મનો ભાગ નથી. ધર્મ તો નિયત થયેલું કર્મ કરવામાં છે, સ્થિતપ્રજ્ઞતા કે ગુણાતીત સ્થિતિ પ્રાપ્ત કરવામાં છે, નિષ્કામ કર્મ કરી ઉત્તરદાયિત્વ નિભાવવામાં છે, સંપૂર્ણ જ્ઞાની પાસેથી જ્ઞાન પ્રાપ્ત કરવાથી જે યોગ્ય માર્ગ પ્રતીત થાય તે પર પ્રયાણ કરવામાં છે, સત્યના માર્ગ પ્રતિબદ્ધતાથી ચાલવામાં છે, સમર્થ ગુરુની સેવા કરી તેમનાં માર્ગદર્શન હેઠળ આત્માની ઓળખ માટે પ્રયત્ન કરવામાં છે, ઈશ્વર પ્રત્યેના સંપૂર્ણ સમર્પણ સાથે તેની ભક્તિ કરવામાં છે. ભક્તિ કરવી એ પણ માનવીનું નિયત કર્મ છે. સર્વ પ્રાણીઓમાં માનવી જ મુક્તિ માટે પ્રયત્ન કરી શકે અને ભક્તિ તે માટેનું એક માધ્યમ છે. આ બધાં સાથે વૈશ્વિક શાંતિ અને સૃષ્ટિનાં સમીકરણ સાથે તાલમેલ સાધવાનો પણ સાંસારિક ધર્મ ગણાય.

ધર્મના આચરણને પ્રતાપે મનનો વ્યભિચાર તથા ભટકાવ અટકી શકે. મન ઇન્દ્રિય-વિષયોનાં ખેંચાણથી મુક્ત થઈ શાંતિ અનુભવી શકે. જીવનમાં સંયમ, અનુશાસન, પવિત્રતા તેમજ વિવેક સ્થાપિત થાય. ધર્મનાં થોડાં આચરણથી પણ આગળનો માર્ગ પ્રશસ્ત થતો જાય, વિશ્વાસ અને શ્રદ્ધા દ્રઢ બનતી જાય, સૃષ્ટિનાં સમીકરણ અને તેમાં પ્રવર્તમાન સંતુલન ક્રમશઃ ધ્યાનમાં આવતાં જાય, દ્રષ્ટિ બાહ્યગામી ન રહેતાં અંદરની તરફ વળે, કલ્યાણ માટેની ભાવના દ્રઢ થતી જાય, આધ્યાત્મિક દ્રષ્ટિએ ઉચ્ચ કહી શકાય તેવી પરિસ્થિતિને પામવા પ્રેરણા મળતી રહે, જીવનના પરમ ઉદ્દેશ સુધી પહોંચવાની સંભાવના વધી જાય અને સાથે સાથે માનવ-જન્મ સાર્થક થયેલો જણાય. ધર્મથી વચન, ભાવના અને કર્મ એક સમાન રહે અને તેમાં સાત્વિકતા સ્થાપિત થાય. ધર્મથી અજ્ઞાન, અપવિત્રતા, અશુદ્ધિ, અસત્ય, અભિમાન જેવાં નકારાત્મક ભાવથી મુક્તિ મળવાની સંભાવના વધી જાય. ધર્મ એ એક એવી વાસ્તવિકતા છે જે માનવીને તેનાં અંતિમ લક્ષ્ય સુધી પહોંચાડી શકે.

કહેવાય છે કે દુર્યોધને એમ કહ્યું હતું કે ‘અધર્મ શું છે તેની જાણ હોવા છતાં તેનાથી હું દૂર રહી શકતો નથી’. તેણે જણાવેલી તકલીફ સમજી શકાય એવી છે. અધર્મના આચરણ થકી જે કંઈ પ્રાપ્ત થાય તે પ્રિય હોય અને તેથી જ તેની માટે અધર્મનું આચરણ માન્ય રહે. અધર્મથી મળેલા પૈસા પણ પૈસા જ હોય છે, તેનો પણ તેવો જ ઉપયોગ થઈ શકે. આવું જ શક્તિ, પ્રસિદ્ધિ કે પદ માટે કહી શકાય. હવે તો કહેવાતા પ્રેમ માટે પણ અધર્મનું આચરણ થતું હોય છે. અધર્મના આચરણથી ક્યારેક આ બધું તાત્કાલિક મળી શકે પરંતુ લાંબાગાળા સુધી તે ટકી ન શકે. પણ વ્યક્તિ તો વર્તમાનનું જ વિચારે છે અને તેથી અધર્મ માટે તેને છોછ નથી હોતો. અધર્મનું આચરણ કરનાર દુર્યોધનનું જ ઉદાહરણ આપીને એમ કહી શકે કે જીવ્યો ત્યાં સુધી તેણે એશોઆરામ ભોગવ્યો. આ પ્રકારના તર્ક સામે પરિસ્થિતિ સંપૂર્ણતામાં જોવાની હોય.

પ્રતિષ્ઠા વગર પૈસાની મજા ન હોય. જ્યાં માન-સન્માન ન હોય ત્યાં પદ ખુશી ન અપાવી શકે. જ્યાં કુટુંબીજનોનો જ આંતરિક વિરોધ હોય ત્યાં સગવડતા પણ ક્યારેક અગવડતાજનક જણાય. જ્યાં પોતાની નજરમાંથી જ ઊતરી જવાયું હોય ત્યાં કોઈ પણ પ્રકારની પ્રતિષ્ઠા વ્યર્થ જણાય. અંત સમયે તો આ જ બધું યાદ આવે. અધર્મથી સુખ-સગવડતા પ્રાપ્ત થઈ શકે, સંતોષ નહીં. અધર્મનું અનુસરણ કરવાથી બે-ચાર કિંમતી ઉપકરણો કે ભવ્ય આવાસનાં માલિક બની શકાય પરંતુ તેનો ઉપભોગ માત્ર યાંત્રિક રીતે થતો રહે. અધર્મના આચરણથી ટૂંકા સમયગાળામાં જે તે બાબત પ્રાપ્ત થઈ શકે પરંતુ તે બાબતની ‘અનિત્યતા’ સતત ચિંતા કરાવે. અધર્મનું આચરણ કરનારને એ વાતની ખાતરી તો હોય છે જ કે અંતે આત્મા અને આત્માના સામર્થ્યનું પતન થઈ રહ્યું છે.

ધર્મના આચરણ માટે યથાર્થ સમજ જરૂરી છે. સમજ વિનાનું આચરણ ઇચ્છિત પરિણામ ન આપી શકે. પૂજા શ્રીરામની થાય, રાવણની નહીં. આદર્શ તરીકે યુધિષ્ઠિર હોઈ શકે, દુર્યોધન નહીં. ઈશ્વરનો સાથ પાંડવોને મળે કૌરવોને નહીં. ઉદાહરણ સાત્ત્વિક, પવિત્ર અને ધર્મનિષ્ઠ વ્યક્તિનું અપાય, અધર્મીનું નહીં. ધર્મ અને સત્યમાં નિષ્ઠા રાખનાર વ્યક્તિને આદર્શ માની શકાય, અધર્મી કે વ્યભિચારીને નહીં. આ બધાં સાથે તકલીફ એ વાતની છે કે આજે ધર્મના સરળતાપૂર્વકના આચરણ માટે લોકો ધર્મને પણ અનુકૂળતા પ્રમાણે ‘કસ્ટમાઈઝ’ કરી લે છે, ગોઠવી લે છે. સમય મળે ત્યારે પૂજા કરવી યોગ્ય છે પરંતુ નિર્ધારિત સમયે પૂજા ન કરવા માટેનું આ બહાનું ન બનવું જોઈએ. આપત્તિના સમયે ઈશ્વરને યાદ કરવું જરૂરી છે પણ માત્ર તેવાં જ સમયે ઈશ્વરને યાદ કરવાની ટેવ પડી જાય કે ખોટું છે. સેવા, કરુણા, દયા દાખવવી જરૂરી છે પણ દેખાડા કે પ્રતિષ્ઠા માટે નહીં. ભૌતિકતાવાદનો પ્રભાવ, યથાર્થ જ્ઞાનનો અભાવ, શાસ્ત્રીય ધર્માચરણ માટે ઉદાસીનતા, આંતરિક શાંતિ તથા સંતોષની ગેરહાજરી, મિથ્યા વિચારધારા અને ધર્મના નામે આચરવામાં આવતું પાખંડ - આવી કેટલીય બાબતો વ્યક્તિને અને સમાજને ધર્મથી વિમુખ કરે છે. ■

દુહાની દુનિયા

ડૉ. બળવંત જાની
feedback@bombay samachar.com

# માનવને જીવનબોધ અર્પતા દુહા...


દુહામાં એના રચયિતાનું નામ ઓગળી ગયું હોય છે. પણ એ ઓળખ સાવ પાતળી પણ એમાંથી પ્રગટતી તો હોય જ છે. સોરઠિયા નામછાપના ઘણાં દુહા પ્રચલિત છે. એ કોણ હશે એનો ખ્યાલ આવતો નથી. પણ એટલું ખરું કે એ સોહામણાં અને ડહાપણથી સભર સોરઠ દેશનો કોઈ ઘરડેરો-પ્રૌઢ વ્યક્તિ હશે. એણે પોતાની જાતને સોરઠ દેશના વિસ્તારમાં ઘસી નાખી હશે. આ પ્રદેશનું ડહાપણ, આ પ્રદેશની સમજણ એણે દુહાના માધ્યમથી વહાવી અને સોરઠિયાના દુહા ગુજરાતીમાં કંઠસ્થ પરંપરામાં વહેતા રહ્યા. એમના નામથી પ્રચલિત થોડા દુહા આસ્વાદીએ.

અહીં કોઈની મદદના પોકારની વાતનો દુહો છે પણ એનો ભાવ અનેરો છે, જુઓ દુહાગીર ગાય છે કે,

*પડકારે પીઠ નંઈ, હૈયે મરવાની હામ;*
*એ મરદુનાં કામ, સાચું સોરઠિયો ભણે.*

જે માણસ કોઈનો પડકારો સાંભળે અને પીઠ ન ફેરવે પણ સામી છાતીએ હૈયામાં ખમી જવાની-મરી ફિટવાની હોંશ રાખીને નીકળી પડે એ મરદની ઓળખ છે. પડકારો એટલે પોકાર મદદ માટેનો, પછી એ કોઈ શિયળ ન લુંટાવા દેનારી નારી હોય, કે ગાયને હરી ન જવા દેવા માટેની હોય કે દુશ્મનો-વેરી ગામમાં રંજાડ કરવા આવી પહોંચ્યા હોય આવા સમયે જે પોતાની જાતને સ્વને ભૂલી જાય છે એ મરદ છે. એમ સોરઠિયો કહે છે. અહીં માનવમાં રહેલો પરહિતાર્થે ખપી જવાની વૃત્તિનો મહિમા દુહામાં ગાયો છે અને આવા માણસને મરદાઈ-હિંમતથી સભર માણસનું બિરુદ મળેલું છે. આવા વ્યક્તિત્વના વખાણ થાય છે. બીજા દુહામાં પ્રગટતો બોધ જુઓ.

***ભરજે ભડથી બાથ, રાંકને રંજાડીશ મા;***
***રાજી દીનોનાથ, સાચું સોરઠિયો ભણે.***



અહીં દુહા દ્વારા માનવીને એવી સૂચના એવો ઉપદેશ અહીં અપાયો છે કે તોરે જો કોઈને ભેટવું હોય સંબંધ બાંધવો હોય તો જે કોઈ ભડવીર-વીર હોય એમને ભેટવું. જે કોઈ ગરીબ-રાંક છે એને પરેશાન-હેરાન ન કરવા. આવા વ્યવહારથી ઈશ્વર રાજીપો અનુભવશે. સોરઠનો દુહાગીર સત્યવાત જણાવી રહ્યો છે. મૂળભૂત વસ્તુ ભાઈબંધી મૈત્રી ભડ નિર્ભિક વ્યક્તિત્વ સાથે રાખવી અને ગરીબોને પરેશાન ન કરવાનું અહીં કહેવાયું છે. સાચુકલો માનવ ધર્મ એમાં નિહિત છે.

બીજા એક દુહામાં આતિથ્યભાવના અને મહેમાન અતિથિ પરત્વેના વ્યવહારનો નિર્દેશ છે. તે દુહો આસ્વાદીએ.

*મે માનુંને માન, જેણે દિલ ભરી દીધાં નંઈ;*
*મંદિર નંઈ મસાણ, સાચું સોરઠિયો ભણે.*

આંગણે આવેલા અતિથિ મહેમાનને પૂરા ભાવથી, હૃદયથી માન-સન્માન આપવાનું હોય. જે નથી આપતા જે ઘરમાંથી આવું માન નથી આપી શકાતું એ ઘર મંદિર નહીં પણ સ્મશાન છે. સોરઠનો દુહાગીર સત્ય વાત, વ્યવહાર કરી રહ્યો છે. આતિથ્ય સત્કાર એ આપણી સંસ્કૃતિ છે એની જાળવણી થતી હોય એ ઘર મંદિર સમાન ગણાય એવો ભારતીય વ્યવહારભાવ અહીંથી પ્રગટે છે.

બીજા એક દુહામાં ભારતીય જન-વ્યક્તિની ઓળખ પ્રસ્તુત થઈ છે એ દુહો આસ્વાદીએ.

*હાકલેથી હથિયાર પડે, થરથર જાંગું થાય;*
*ઈ કાયર નર કે વાય, સાચું સોરઠિયો ભણે.*


કોઈની હાક, પડકાર સાંભળતા જ જેમના હાથમાંથી હથિયાર પડી જાય અને થર-થર ધ્રુજારી થાય. કંપવા લાગે એ માણસ કાયર-બીકણ કહેવાય. સોરઠનો દુહાગીર ભારતીય નર-પુરુષની સાચી-ખરી ઓળખ આ રીતે આપે છે. શૌર્ય પ્રગટાવવું અને અભય રહેવું. બીક, ડર ન રાખવાના હોય એ આપણી ભારતીય-સોરઠી ઓળખ છે.

સોરઠિયા નામથી દુહાગીરે કથેલા આલેખેલા દુહા ભારતીય વ્યક્તિમત્તા, ભારતીય જીવનમૂલ્યો અને ભારતીયતાની ઓળખ સમાન છે. આપણી આઈડેન્ટિટી આપણે ન ગુમાવીએ એનું ભાન કરાવતા દુહાગીરો મોટા ઉપદેશક અને હીત પ્રબોધક છે. એમના દુહાનું મૂલ્ય આવા કારણથી કાયમ રહેવાનું. ■

શિવ રહસ્ય

ભરત પટેલ
feedback@bombay samachar.com

# જનક આદરણીય હોય છે ને જનકને દંડ આપી શકાતો નથી



માતા પાર્વતી પણ ભગવાન શિવ સાથે પ્રથમ રાણી ચંદ્રમુખી પાસે પહોંચી એની ઇચ્છાને તથાસ્તુ કહી વરદાન તરીકે માન્યતા આપે છે. ત્યારબાદ ભગવાન શિવ અને માતા પાર્વતી બહેન રત્નાવલી પાસે પહોંચે છે અને એની ઇચ્છાને પણ તથાસ્તુ કહી વરદાન તરીકે માન્યતા આપે છે. રાણી ચંદ્રમુખી અને બહેન રત્નાવલીએ કૂવા ખોદાવ્યાં અને બંનેને માતા પાર્વતી સહિત ભગવાન શિવે વરદાન આપ્યું એ વાત પ્રજાજનોમાં અને આજુબાજુનાં રાજ્યમાં પણ ફેલાઈ જતાં ત્યાંના રાજકુમારો પણ ત્યાં આવી પહોંચે છે. સૌને કુતૂહલ હતું કે કોનું પાણી મીઠું નીકળશે. પ્રથમ રાજા ભાનુપ્રતાપ પ્રથમ રાણી ચંદ્રમુખીએ ખોદાવેલા કૂવા પાસે પહોંચે છે અને પાણી ચાખી કહે છે, ‘વાહ! આ પાણી તો ખૂબ જ મીઠું છે.’ ત્યારબાદ રાજા ભાનુપ્રતાપ અને રાણી ચંદ્રમુખી સાથે રત્નાવલીના ખોદાવેલા કૂવા પાસે પહોંચે છે. રત્નાવલીના કૂવાનું પાણી ચાખી રાજા ભાનુપ્રતાપ ‘થૂ... થૂ...’ કરીને બહેનના પાણીને થૂંકી નાખે છે. એકત્ર થયેલ માનવમેદની દિગ્મૂઢ બની ગઈ. પડોશી રાજ્યનો રાજકુમાર સ્વણકિશી ઊભો થઈ બોલ્યો: ‘પાણી મીઠું હોય કે ખારું, સૌએ તે પ્રસાદરૂપે સ્વીકારવું જોઈએ.’ પ્રજાએ બંને કૂવાના પાણી ચાખીને કહ્યું, ‘ખરેખર તો રાણીના કૂવાનું પાણી એકદમ ખારું છે અને રત્નાવલીના કૂવાનું પાણી મીઠું છે. રાજાએ પક્ષપાત કર્યો છે અને ઊલટી વાત કરી બહેનને લજાવી છે.’ પ્રજા બહેન રત્નાવલીનો જયજયકાર કરવા લાગી. રાજકુમાર સ્વણકિશીએ કહ્યું, ‘રત્નાવલી જરૂર દિવ્ય આત્મા છે, તેના કૂવાનું પાણી મીઠું છે. જો રત્નાવલી ઇચ્છે તો હું તેને મારી પત્ની બનાવવા ઇચ્છુક છું. રાજા ભાનુપ્રતાપે રાજપુરોહિતને બોલાવી બંનેની કુંડલી ચકાસાવી અને રત્નાવલીએ રાજકુમાર સ્વણકિશીના કંઠે વરમાળા પહેરાવી. દુઃખી રાજા ભાનુપ્રતાપ કહે છે. ‘હે દેવાધિદેવ! મારી પત્ની અને બહેને તમારી આરાધના કરી તમે પ્રસન્ન થયા બંનેને વરદાન આપ્યા. પણ જે કૂવાનું પાણી પ્રજા ખારું કહે છે એ મને મીઠું લાગે છે અને જે કૂવાનું પાણી પ્રજા મીઠું કહે છે એ મને ખારું લાગે છે. હે મહાદેવ, મને આ દાવાનળમાંથી ઉગારો.’ એ જ સમયે ભગવાન શિવ અને માતા પાર્વતી પ્રગટ થાય છે અને કહે છે,“હે રાજન ચંદ્રમુખીએ વરદાન માંગ્યું કે, ‘મારા કૂવાનું પાણી રાજાને મીઠું લાગે અને રત્નાવલીના કૂવાનું પાણી રાજાને ખારું લાગજો.’ તેથી રાણી ચંદ્રમુખીના કૂવાનું પાણી તમને મીઠું અને રત્નાવલીના કૂવાનું પાણી ખારું લાગ્યું. જ્યારે રત્નાવલીએ વરદાન માગ્યું કે, ‘હે મહેશ્વર, મારા કૂવાનું પાણી જનસમુદાયની તરસ છીપાવે.’ જેથી પ્રજાને રત્નાવલીના કૂવાનું પાણી મીઠું લાગે છે. ઈર્ષા મનની નાનપ બતાવે છે. ઈર્ષાની આગનો અંજામ વિનાશકારી હોય છે, હે રાણી ચંદ્રમુખી તમે પણ મારા અનન્ય ભક્ત છો, જો તમે ઈર્ષા અને અહંકારનો ત્યાગ કરશો તો તમારા કૂવાનું પાણી પણ મીઠું થઈ જશે.’ રાણી ચંદ્રમુખીએ અશ્રુભીની આંખે નણંદ રત્નાવલીને ગળે લગાડતાં તેનામાંથી ઈર્ષા અને અહંકારનો ભાવ ઊતરી ગયો અને ક્ષણભરમાં ચંદ્રમુખીનો કૂવો પણ મીઠો થઈ ગયો.

* * *

દીકરી રત્નાવલી અને રાણી ચંદ્રમુખીના કૂવાનું પાણી મીઠું હોવાથી મુસાફરોની અગવડતાનો અંત આવે છે. બાજુના રાજ્યના રાજકુમાર સ્વણકિશીને રત્નાવલીએ વરમાળા પહેરાવી છે એ જાણ થતાં જ સ્વણકિશીના માતા રાજુલબા અને પિતા મહેન્દ્રભાએ રાજા ભાનુપ્રતાપને કહેણ મોકલી કે અમે અમારા રાજકુમારને ચાર ફેરા ફરતો જોવા માગીએ છીએ.

કહેણ મળતાં જ રાજા ભાનુપ્રતાપ રાજ પુરોહિતને બોલાવી લગ્નમંડપ બનાવવાનો આદેશ આપે છે. રાજુલબા અને મહેન્દ્રભા તેમના પરિવાર અને પ્રજાજનો સાથે ત્યાં આવી પહોંચતાં રાજકુમાર સ્વણકિશી અને દીકરી રત્નાવલીને અગ્નિની સાક્ષીએ ચાર ફેરા ફરતાં જોઈ ખુશી અનુભવે છે.

મહેન્દ્રભા: ‘આ સુખદ પ્રસંગે હું મારા રાજ્યના રાજા તરીકે રાજકુમાર સ્વણકિશીને ઘોષિત કરું છું.’

રાજા ભાનુપ્રતાપ અને રાણી ચંદ્રમુખી અશ્રુભીના નયને બહેન રત્નાવલીને વિદાય આપે છે.

* * *

રાજા ભાનુપ્રતાપના પરિવારનો પ્રસંગ સુખરૂપ પૂર્ણ થતાં ભગવાન શિવ અને માતા પાર્વતી કૈલાસ પહોંચે છે. ફરી ભગવાન શિવ તપસ્યામાં લીન થઈ જાય છે. અચાનક એક દિવસ ભગવાન શિવના મસ્તક પરથી ચંદ્રદેવ અદશ્ય થઈ જાય છે. ગંભીર વસ્તુસ્થિતિને ધ્યાનમાં લઈ માતા પાર્વતી ભગવાન શિવને તપસ્યામાંથી બહાર લાવવા કહે છે.

માતા પાર્વતી: ‘સ્વામિ, જુઓ આ શું થયું? તમારા મસ્તક પરથી ચંદ્રદેવ કેમ અદશ્ય થઈ ગયા?’

ભગવાન શિવ: ‘દેવી, ચાલો આપણે પૃથ્વી વિહાર કરવા જઈએ ત્યાં તમને સમજાશે.’

માતા પાર્વતી અને ભગવાન શિવ કૈલાસથી નીકળી પડે છે. ત્યાં જ તેમને એક સ્ત્રીનો તેમની તપસ્યા કરતો કરુણ અવાજ સંભળાય છે.

માતા પાર્વતી: ‘સ્વામિ આ કોઈ સ્ત્રીનો કરુણ સ્વર સંભળાઈ રહ્યો છે, એ પંચાક્ષરી મંત્રનો જાપ કરી રહી છે. એ કોણ છે? ’

ભગવાન શિવ: ‘દેવી એ સ્ત્રી તારામંડળની સાધ્વી, ગ્રહ બુધની માતા અને બૃહસ્પતિની પત્ની તારાનો સ્વર છે.’

માતા પાર્વતીની ઇચ્છાને માન આપી ભગવાન શિવ તારા પાસે પહોંચે છે. એ જ સમયે

બુધ: ‘માતા તમને શું દુઃખ છે, તમે આટલા દુઃખી કેમ છો? મને જણાવો હું તમારું દુઃખ અવશ્ય દૂર કરીશ.’

તારા: ‘પુત્ર હું તને કંઈ નહીં કહી શકું, મારી ભૂલનું પ્રાયશ્ચિત હું જ કરીશ.’

ભગવાન શિવ અને માતા પાર્વતીને જોઈ તારા તેમને દંડવત પ્રણામ કરે છે.

તારા: ‘મહાદેવ હું તમારા શરણે છું, પાપ-બંધનથી મુક્ત કરો. મેં મારા પતિ વિરુદ્ધ ઘોર પાપ કર્યું છે.’

માતા પાર્વતી: ‘ઊઠો, તારા તમારા બધા પાપોનો અંત થશે. સવિસ્તાર જણાવો શું થયું છે?’

તારા: ‘માતા તમે અને મહાદેવ ત્રિકાળ જ્ઞાની છો, તમને બધું જ ખબર છે.’

માતા પાર્વતી: ‘પાપનો સ્વહસ્તે સ્વિકાર કરવાથી એ પાપનો ઘણા અંશે નાશ થાય છે અને હૃદયનો ભાર પણ ઓછો થાય છે, તમે થયેલા પાપનો સ્વીકાર કરી જણાવો.’

તારા: ‘માતા એક દિવસ મારા પતિ બૃહસ્પતિ મહાદેવની ભક્તિમાં લીન હતાં, હું શિવપૂજાની સામગ્રીનું વ્યવસ્થાપન કરતી હતી. એ સમયે ચંચળ ચંદ્ર મારી સામે આવ્યા. ચંદ્રના ચંચળ ચક્ષુ અને મારા ચક્ષુની દૃષ્ટિ એકબીજા પર પડતાં હું મોહિત થઈ ગઈ અને અમારા વચ્ચે થયેલા દૃષ્ટિ પ્રેમથી બાળકનો જન્મ થયો. હું એ અપરાધ ભાવથી બળી રહી છું. મેં મારા પતિનો વિશ્વાસઘાત કર્યો અને પોતાના સતિત્વનો પણ નાશ કર્યો છે, મને દંડ આપો.’

માતા પાર્વતી: ‘શું એનું પરિણામ આ તમારો પુત્ર બુધ છે?’

તારા: ‘હા માતા.’

બુધ: ‘માતા કહી દો કે એ ખોટું છે, સમસ્ત સંસાર દેવગુરુ બૃહસ્પતિ અને તારાનો પુત્ર તરીકે મને ઓળખે છે.’

ભગવાન શિવ: ‘બુધ, તમારી માતા જે વાસ્તવિકતાને સ્વીકારી રહી છે એ તમારે સ્વીકારવું જ રહ્યું.’

બુધ: ‘મારી માતાની પવિત્રતા ખંડિત કરનારને હું અવશ્ય દંડ આપીશ.’

ભગવાન શિવ: ‘નહીં પુત્ર બુધ, એ તમારા જનક છે, અને જનક આદરણીય હોય છે, જનકને દંડ આપી શકાતો નથી, અને જનકનો અનાદર કરનાર ક્યારેય સફળ થતો નથી.’

તારા: ‘દેવાધિદેવ મને આ પાપ બંધનથી મુક્તિ કઈ રીતે મળશે.’

ભગવાન શિવ: ‘ફક્ત દેવગુરુ બૃહસ્પતિ જ તમને પાપ-બંધનમાંથી મુક્ત કરી શકે છે.’

તારા: ‘નહિં મહાદેવ, હું કેવી રીતે એમની સામે ઉપસ્થિત થઈ શકું, મારી હિંમત નથી.’

ભગવાન શિવ: ‘દેવગુરુ બૃહસ્પતિને બધી જ વસ્તુ સ્થિતિનું ભાન છે, તેઓ બધી જ વસ્તુ જાણે છે. તમારું કલ્યાણ તેમના ચરણોમાં જ છે.’

બુધ: ‘ચાલો માતા, હું તમને પિતાશ્રી પાસે લઈ જઈશ.’ (ક્રમશઃ)■

વિશેષ

રાજેશ યાજ્ઞિક
feedback@bombaysamachar.com

# આપણે આપણો ધર્મ સંભાળવો!

ક્યાંક વાંચેલું એક વાક્ય અચાનક ફરીથી નજર સામે આવ્યું, ‘કોઈપણ માણસના જીવનમાં સૌથી અંધારી પળો એ છે, જ્યારે એ કમાયા વિના કેવી રીતે પૈસા મેળવવા તેનું પ્લાનિંગ કરતો હોય છે.’ ધર્મના ક્ષેત્રમાં પણ લોકોની માનસિકતા કંઈક આવી જ જોવા મળે છે. પુણ્ય કમાવું હોય, પણ ધર્મસમ્મત આચરણ ન હોય.

ધર્મ કરવો અને ધર્મ જીવવો એ બંને વચ્ચે બહુ સૂક્ષ્મ ફરક છે. મનમાં મેલ રાખીને પણ બાહ્ય આચરણમાં ધર્મનું કાર્ય કરીએ તે મુંહમે રામ બગલમે છૂરી જેવો ઘાટ કહેવાય, પછી એ સંસારી હોય કે સાધુ. એટલે તો નિષ્કુળાનંદજીએ કહ્યું કે, વેશ લીધો રે વૈરાગ્યનો, દેશ રહી ગયો દૂરજી. જે મનમાં બીજો ભાવ રાખીને બહાર જુદું બોલે કે જુદું આચરણ કરે તેવો કહેવાતો ધાર્મિક પણ પેલા રાજકારણી જેવો જ, જે સત્તા માટે ખાદીધારી બનીને સેવક હોવાનો ડોળ કરતો હોય. બંનેમાં ફરક માત્ર એટલો, કે એક જનતાને મૂર્ખ બનાવે અને બીજો પોતાના આત્માને જ છેતરે.

સદાચરણ એ ધર્મનો પાયો છે. આધુનિક થવાની દોડમાં સૌથી પહેલો ભોગ આપણે તેનો જ લીધો છે. વડીલોના ચરણસ્પર્શ કરવા જોઈએ, દેવ દર્શન કરવા જોઈએ, તિલક કરવું જોઈએ, પૂજાપાઠ નિયમિત કરવા જોઈએ, ધર્મ સંમત ભોજન જ લેવું જોઈએ, જેવી સાવ નાની



વાતો પણ આપણે ચાલશે, થાય તો કરવું નહીંતો ભગવાન ક્યાં કહે છે...કહીને અવગણી કાઢીએ.

નાની નાની વાતોમાં ધર્મ છે. માત્ર લાખો કરોડોના દાન કરીએ કે પોતાના નામની તકતી લગાવીએ એ જ ધર્મ નથી. લાખોનાં ઘરેણાં ભરેલી બેગ ટ્રેનમાં છૂટી ગઈ હોય, કોઈ પોલીસકર્મીના હાથમાં તે આવે અને તે પ્રામાણિકતા પૂર્વક જેમની તેમ એ બેગ તેના મૂળ માલિકના હાથમાં સોંપી દે, તો એ સાચો ધાર્મિક. વ્યવહારીક રીતે લેવાના થતાં હોય તેનાથી વધુ ફાયદો મેળવવા ગ્રાહકને મૂર્ખ બનાવ્યા વિના યોગ્ય ભાવે વસ્તુ વેચતો વેપારી રોજ મંદિરે ન જતો હોય તો પણ સાચો ધાર્મિક. પરીક્ષામાં મોકો મળે તો પણ ચોરી ન કરે તો વિદ્યાર્થી પણ ધાર્મિક. આપણા ધર્મની સાચી પરીક્ષા ક્યારે થાય? અધર્મ કરવાની અનુકૂળતા આપણી સામે હોય ત્યારે પણ આપણે વિચલિત ન થઈએ. કેમકે જ્યાં સુધી અધર્મ આચરણનો મોકો ન મળે ત્યાં સુધી તો બધા ધાર્મિક જ હોય ને!

બૌદ્ધ ચિંતક તેન્ઝીન પામોએ બહુ સરસ વાત કરી છે, કે ‘ધર્મ તો અહીં છે, તમારી અંદર, તમે તેને બહાર ક્યાં ગોતો છો?’ સ્પષ્ટપણે, ધર્મ એ દરેક શ્વાસ છે જે આપણે લઈએ છીએ, જાગૃતિ પૂર્વક, ખુલ્લા મનથી અને કરુણામય હૃદયથી કરેલો દરેક વિચાર, દરેક બોલેલો શબ્દ છે. પોતાના આત્માને અધ્યાત્મના માર્ગે આગળ વધારવો એ પણ મનુષ્યનો ધર્મ છે. અને આપણને જે ધર્મ પ્રાપ્ત થયો છે તેનું પાલન, સંવર્ધન અને રક્ષણ એ પણ આપણો ધર્મ છે, એમ સ્વામી વિવેકાનંદ કહે છે. ગૌતમ બુદ્ધે તો ત્યાં સુધી કહ્યું છે, કે ડૂબતા માણસના હાથમાં જેમ લાકડું આવી જાય અને તે વળગી પડે તેમ આપણે ધર્મને વળગી રહેવું જોઈએ. જેવો હાથ છોડ્યો કે ડૂબ્યા સમજો.

દરેક વ્યક્તિનો જન્મ કે દરેક વસ્તુનો આવિષ્કાર પોતપોતાનો ધર્મ લઈને જ થાય છે. માત્ર તેની જાણ હોવી જોઈએ. મનુષ્ય એ રીતે નસીબદાર છે કે તે પોતાનો ધર્મ નિશ્ચિત કરી શકે છે, પોતાનો ધર્મ પસંદ પણ કરી શકે છે. એ સૈનિક બનીને, શિક્ષક બનીને, વૈજ્ઞાનિક બનીને, ખેડૂત બનીને, સાધુ બનીને અને અંતે કાંઈ નહીં તો સીધા બનીને પણ ધર્મ નિભાવી શકે છે. પણ આપણી ધર્મની વ્યાખ્યા સીમિત થઇ ગઈ છે. સૂર્ય અને ચંદ્રનો ધર્મ પ્રકાશ પાથરવાનો છે, વાદળનો ધર્મ વરસવાનો છે, નદી અને કૂવાનો ધર્મ લોકોની તરસ છિપાવવાનો છે. અગ્નિનો ધર્મ ઊર્જા આપવાનો છે. આ કોઈને કહેવું નથી પડતું કે તમે તમારો ધર્મ સંભાળો. માત્ર માણસને કહેવું પડે છે કે ભાઈ, તારો ધર્મ સંભાળ. ધબકતા રહેવું એ હૃદયનો ધર્મ છે, જેવું એ બંધ કરે એટલે મૃત્યુ નિશ્ચિત! ■

## પ્રકરણ-૬

આરે પોલીસ સ્ટેશનની કૅબિનમાં બેસીને ગોહિલ ઊંડા વિચારમાં પડ્યો હતો. પહેલા માળે આવેલી કામચલાઉ કૅબિનમાં ઍરકન્ડિશનર ન હોવાથી ગરમી લાગતી હતી. વારેઘડીએ તે કપાળ-ચહેરા પરનો પરસેવો લૂંછતો હતો અને એવી જ સ્થિતિ ગોહિલની સામે બેસેલી તેની ટીમની પણ હતી.

ગોહિલ વિચારતો હતો કે ડૉક્ટરે આપેલી માહિતી સંપૂર્ણ હતી કે પોસ્ટમોર્ટમના અહેવાલમાં બીજા ધડાકા થવાના હતા. ફોરેન્સિક લૅબોરેટરીનો રિપોર્ટ પણ હજુ આવવાનો બાકી હતો. જોકે તેમાં કેટલો સમય લાગશે એ નક્કી નહોતું.

'સર... કરણ ધોળકિયાની પૂરતી વિગતો અહીંથી મળવી મુશ્કેલ છે.'

ગોહિલ વિચારોમાં ખોવાયેલો હતો અને બધા તેને જોતાં ચૂપચાપ બેઠા હતા. આખરે સબ-ઈન્સ્પેક્ટર દત્તા બંડગરે ચર્ચાની શરૂઆત કરી કૅબિનમાંની ચુપકીદી તોડી હતી.

બંડગરને વિલેપાર્લેના હેલિપેડ પવનહંસ મોકલવામાં આવ્યો હતો. હેલિકૉપ્ટર દુર્ઘટનામાં મૃત્યુ પામેલા કરણ ધોળકિયા અને હૉસ્પિટલમાં દાખલ તેની પત્ની પ્રિયાની વિગતો મેળવીને બંડગર પાછો ફર્યો હતો.

'હેલિકૉપ્ટર રાઈડવાળી કંપનીનું શું કહેવું છે?' ગોહિલે પણ મૌન તોડ્યું.

'સર, એ લોકો તો કહે છે કે મુંબઈ દર્શન માટે આવનારા લોકોનાં નામ-સરનામાં અને અધાર કાર્ડ જેવી અમુક જ વિગતો લેવામાં આવે છે.'

બંડગર માહિતી આપી રહ્યો હતોઃ 'કરણ ધોળકિયા ગુજરાતના રાજકોટનો વતની હતો અને પત્ની પ્રિયા સાથે મુંબઈ ફરવા આવ્યો હતો.'

'વર્ષ પહેલાં જ લગ્ન થયાં હતાં. ઍનિવર્સરી નિમિત્તે પત્નીને સરપ્રાઈઝ આપવા કરણે હેલિકૉપ્ટર રાઈડ બુક કરાવી હતી.'

'એટલે પેલી છોકરી હેલિકૉપ્ટરમાં નહોતી?' ઈન્સ્પેક્ટર કદમે વચ્ચે જ પૂછી લીધું.

'ના... હેલિપેડથી પાઈલટ અને ટેક્નિશિયન સાથે દંપતી જ હેલિકૉપ્ટરમાં બેઠું હતું.' બંડગરે ઉત્તર આપ્યો.

'...તો છોકરીનું શબ પહેલેથી જ ત્યાં પડ્યું હશે અને હેલિકૉપ્ટર એ સ્થળે તૂટી પડવાને કારણે પોલીસને મળ્યું હશે?' એપીઆઈ પ્રણય શિંદેએ શંકા વ્યક્ત કરી, પણ બધા તેની વાત પર વિચાર કરવા લાગ્યા.

'બંડગર... કરણ કામ શું કરતો હતો?' હવે ગોહિલે પ્રશ્ન કર્યો.

'સર... એ એન્જિનિયર હતો અને રાજકોટની જ ફાર્માસ્યુટિકલ કંપનીમાં એક્ઝિક્યુટિવ પદે હતો.'

'આ માહિતી કોણે આપી?' એપીઆઈ સુધીર સાવંતે આશ્ચર્ય સાથે પૂછ્યું.

'કરણનું ફૅમિલી મુંબઈ આવ્યું છે અને અત્યારે કૂપરમાં છે.' બંડગરે જણાવ્યું.


'...પણ કાલે સાંજે અમે કૂપર ગયા ત્યારે ડૉક્ટરના કહેવા પ્રમાણે પ્રિયા ભાનમાં આવી નહોતી અને તેમણે કરણના પરિવાર વિશે કંઈ કહ્યું પણ નહીં.' કદમે કહ્યું.

'કદમ... આપણે ડૉક્ટરને માત્ર પ્રિયા વિશે પૂછ્યું હતું... કરણના પરિવારના સભ્યની કોઈ વાત કરી નહોતી.' ગોહિલે જવાબ આપ્યો.

'હાં... એટલે ડૉક્ટરે કહ્યું નહીં હોય. બાકી... કરણના પરિવારના સભ્યો તો કાલે સવારે મુંબઈ આવી ગયા હતા. હું આજે સવારે તેમને મળતો આવ્યું છું, પણ તેમણે મારી સાથે વધુ વાત કરવાની ના પાડી દીધી.' બંડગરે માહિતી આપી.

'સર... સવારે જ પ્રિયા ભાનમાં આવી છે, પણ આઘાતમાં હોવાથી તેની સાથે વાત કરવાનો યોગ્ય સમય ન હોવાનું ડૉક્ટરનું કહેવું છે.' બંડગરે જાણે વાત પૂરી કરી.

થોડું વિચારીને ગોહિલે કહ્યુંઃ 'મને લાગે છે, કરણ અને પ્રિયાની વધુ વિગતો પ્રાપ્ત કરવા એક ટીમ ગુજરાત મોકલવી પડશે.'




પછી તેણે સબ-ઈન્સ્પેક્ટર વિજય કાળેને આદેશ આપ્યોઃ 'કાળે, તું અને વિદ્યા રાજકોટ જઈને દંપતીની વિગતો મેળવો. કરણના કામના સ્થળે પણ જજો.'

કાળે અને મહિલા સબ-ઈન્સ્પેક્ટર વિદ્યા પાટીલે ગોહિલના આદેશ સામે માત્ર 'ઓકે' કહ્યું.

'કદમ... હેલિકૉપ્ટરને લગતી કોઈ માહિતી મળી?'

'ના... કંપનીવાળા કહે છે, તેમની તપાસ પૂરી થયા પછી અહેવાલ આપવામાં આવશે.'

'સર... પાછો પેલી છોકરીનો પ્રશ્ન તો ઊભો જ છે!' કોન્સ્ટેબલ દળવીએ કહ્યું.

'હું પણ એ જ વિચારું છું... છોકરીનું શબ ક્યાંથી આવ્યું અને તેનું હાર્ટનું શું?' ગોહિલ વિચાર કરીને ધીમે ધીમે બોલતો હતો.

'બધા યુનિટના મુખિયાઓને જાણ કરી છે, પણ ક્યાંયથી છોકરીને લગતી માહિતી આવી નથી.' દળવીએ કહ્યું.

'એવું તો નથીને કે... છોકરીનું શબ બહારથી લાવીને અહીં ફેંકવામાં આવ્યું હોય?' ગોહિલને પ્રશ્ન થયો.

'સર... એવું હોત તો હત્યારા આટલા મોટા જંગલમાં કોઈ પણ સ્થળે શબ ફેંકી શક્યા હોત. મુખ્ય રસ્તાથી આટલે અંદર ગીચ જંગલમાં શબ ફેંકવાનું જોખમ શું કામ લે?' શિંદેએ મુદ્દાની વાત કરી.

'...તો શું દળવી, તારી શંકા સાચી હોઈ શકે?'

ગોહિલે વિચાર કરીને પૂછ્યુંઃ 'જંગલમાં એ સ્થળે કોઈ બ્લૅક મૅજિક કરતું હશે, જેણે હૃદય પણ ગુમ કર્યું હોય?'

* * * *

'આપણા શહેરની હાલત કોઈ પછાત ગામડા કરતાં બદતર બની ગઈ છે... કાયદા-વ્યવસ્થા જેવું કંઈ બચ્યું જ નથી. બેશરમ સરકાર કરે છે શું?' વિરોધી પક્ષ નેતા ગજાનન બાપટે પત્રકાર પરિષદમાં બરાડા પાડવાનું શરૂ કર્યું.

વિધાનસભ્ય ગુલાબરાવ જાંભુળકર રાજકીય ચાલ ચાલે તે પહેલાં જ માત ખાઈ ગયા. પત્રકાર પરિષદ બોલાવીને હેલિકૉપ્ટર દુર્ઘટના મામલે હોબાળો મચાવીને લોકોની સહાનુભૂતિ મેળવવાનું તેમણે વિચાર્યું હતું, પણ તે પહેલાં ગજાનન બાપટે પત્રકારોને બોલાવી લીધા.

બાપટ નેતા કરતાં વેપારી વધુ લાગતા. મોટે ભાગે ત્રાંસી નજરે જોતા બાપટનું હાસ્ય લુચ્ચી વ્યક્તિ જેવું દેખાતું. ચતુર રાજકારણીનાં બધાં લક્ષણ તેમનામાં હતાં. ચૂંટણીમાં હાર પછી તે હંમેશાં કમાનમાં તીર ગોઠવીને સરકાર પર નિશાન તાકીને બેઠા રહેતા.

આમ તો દુર્ઘટના વખતે ઘટનાસ્થળે પહોંચી જાંભુળકર અને બાપટે અધકચરી માહિતી સાથે પોતપોતાના રાજકીય ફાયદા અનુરૂપ બળાપો કાઢ્યો હતો, પરંતુ એટલું પૂરતું નહોતું એ બન્ને જાણતા હતા એટલે જરૂરી સામગ્રી એકઠી કરીને પૂરી તૈયારી સાથે મીડિયા સામે જવાનું તેમણે વિચાર્યું હતું.

'આરેના મુખ્ય રસ્તા પર રાતના સમયે લોકો જીવ ગુમાવી રહ્યા છે... છેલ્લા કેટલાય મહિનાઓથી આ સિલસિલો ચાલી રહ્યો છે, પણ તાજેતરના ગાળામાં આવી ઘટનાઓ વધી ગઈ છે... અમે પહેલાં પણ આ મુદ્દો ઉપસ્થિત કર્યો હતો, પણ સરકારે ગંભીરતા દાખવી નહીં. લાગે છે, સરકારની નજરમાં લોકોના જાનની કોઈ કિંમત નથી!' બાપટે આક્ષેપબાજી ચાલુ રાખી.

**છોકરીનું શબ બહારથી લાવીને ફેંકવામાં આવ્યું હશે? પણ હત્યારા આટલા ગીચ જંગલમાં શબ ફેંકવાનું જોખમ શું કામ લે... કે પછી એ સ્થળે કોઈ બ્લૅક મૅજિક કરતું હશે, જેણે હૃદય ગુમ કર્યું હોય?**

'બધા ભૂત... ભૂતની બુમરાણ કરે છે અને પોલીસ-સરકાર પાસે એનો કોઈ જવાબ નથી. હું પૂછું છું... શું હેલિકૉપ્ટર પણ ભૂતે તોડી પાડ્યું, એવું સરકાર માને છે!'

આટલા બફાટ વચ્ચે છેલ્લે બાપટે મુદ્દાનો સવાલ કર્યોઃ 'પોલીસ કેમ જવાબ આપતી નથી... હેલિકૉપ્ટરમાં છોકરીનું શબ ક્યાં અને શા માટે લઈ જવાઈ રહ્યું હતું? આ દુર્ઘટનાની સાચી તપાસ થવી જોઈએ!'

એક પછી એક મુદ્દે બાપટ પોલીસ અને સરકારને ઘેરવાના મૂડમાં હતાઃ 'પેલી છોકરીની પણ કોઈ માહિતી પોલીસ આપી શકી નથી. ઊલટું, હવે એવી માહિતી સામે આવી છે કે છોકરીનું હાર્ટ કાઢી લેવામાં આવ્યું હતું!'

'આ ખૂબ જ ગંભીર ઘટના છે અને સરકાર તેને દાબી દેવાનો પ્રયાસ કરી રહી છે.' બાપટે પડકાર ફેંક્યોઃ 'સરકાર ગમે તેટલા પ્રયાસો કરી લે... અમે આ મામલાની સચ્ચાઈ જાણીને જ રહીશું.'

* * * *

આરેના જંગલમાં ઉપરાછાપરી બનેલી ઘટનાઓથી રહેવાસીઓમાં ડરનો માહોલ ઊભો થવા લાગ્યો હતો. યુનિટ-૧૬ આસપાસ અકસ્માતો અને હેલિકૉપ્ટર દુર્ઘટના... આકસ્મિક મૃત્યુની ઘટનાથી આરેના રહેવાસીઓ ટેવાઈ ગયા હતા, પરંતુ હેલિકૉપ્ટર દુર્ઘટના અને તેની પાસેથી મળેલા છોકરીના શબે ભારે ચકચાર મચાવી હતી. એમાંય છોકરીનું હૃદય ગુમ હોવાની વાત ફેલાતાં યુનિટના મુખિયાઓએ મીટિંગ બોલાવી હતી.

'આપણા જંગલ પર અજબ પનોતી બેઠી છે, જાણે ઈશ્વર કોપાયમાન થયા છે.' યુનિટ-૧૬ના મુખિયા ભાસ્કર કડુએ પોતાનો વિચાર રજૂ કર્યો.

'મને પણ એવું લાગે છે કે કોઈ અદૃશ્ય શક્તિ એક એક કરીને બધાને કાળનો કોળિયો બનાવી રહી છે.' યુનિટ-૧૭ના મુખિયાએ અભિપ્રાય આપ્યો.

'આ બધી ઘટનાઓ યુનિટ સોળ ફરતે જ બની રહી છે.' કડુએ ચિંતા વ્યક્ત કરી.

'અમારું યુનિટ પણ તો તમારી લગોલગ છે. પાડાના લોકો ભયથી ફફડી ગયા છે.' યુનિટ પાંચના મુખિયાએ કહ્યું.

'હું તો કહું છે કે અજાણ્યા લોકોને આપણે પાડામાં ઘૂસવા ન દેવા જોઈએ... બધાની પૂરી ચકાસણી પછી જ તેમની સાથે વાતચીતના સંબંધ રાખવા.' યુનિટ-૧૩ના મુખિયા બાળકૃષ્ણ ટેકામે ઉપાય સૂચવવા ચર્ચામાં ઝુકાવ્યું.

યુનિટ-૧૬ની જેમ યુનિટ-૧૩ પણ મહત્ત્વનો વિસ્તાર ગણાતો. વળી, યુનિટ-૧૩ના મુખિયા બાળકૃષ્ણ ટેકામ બાકીના મુખિયાઓ કરતાં ઉંમરમાં મોટા હતા એટલે બધા તેમને વડીલની નજરે જોતાં અને માન આપતા.

'અમે તો પહેલેથી જ આવું ધોરણ અપનાવ્યું છે. બહારના લોકોને અમારા યુનિટમાં રહેવા દેતા નથી. આપણા સમાજના લોકોને જ અમે સાથ આપીએ છીએ.' યુનિટ પચીસના મુખિયા જુગલ મેશ્રામે ગર્વ સાથે જણાવ્યું.

મેશ્રામ ઉગ્ર સ્વભાવનો હતો અને પોતાની ધાક જમાવતો ફરતો. રોજ રાતે દેશી દારૂ પેટમાં ન જાય ત્યાં સુધી તેને ઊંઘ ન આવે. કોયતો તેનું ફેવરિટ હથિયાર. મારપીટમાં તેનો સમોવડિયો કોઈ મુખિયો નહીં.

'એ બધું ઠીક છે, ભાઈઓ... પણ આ બધાનો ઉપાય શો?' કડુએ મુદ્દાનો પ્રશ્ન કર્યો.

'ભૂત-પિશાચ... અદૃશ્ય શક્તિને શાંત કરી કાબૂમાં રાખવા તાંત્રિકની મદદ લેવી જોઈએ.' બીજા એક પાડાના મુખિયાએ સૂચન કર્યું.

'...પણ એમાં ઉલમાંથી ચૂલમાં પડવા જેવું થાય તો?' ટેકામે શંકા વ્યક્ત કરી.

'એટલે?'

'તંત્ર-મંત્રના ચક્કરમાં રહેવાસીઓમાં અંધશ્રદ્ધા ફેલાવાની સાથે ડર વ્યાપી જશે.' ટેકામેએ સમજાવ્યું.

'હાં... એવો માર્ગ અપનાવવો જોઈએ કે જેનાથી કોઈ નુકસાન ન થાય અને બધા માટે ઉચિત હોય.' હંમેશાં કટુવાણી ઉચ્ચારતો કડુ અત્યારે સમજદારીની વાત કરતો હતો.

એક યુનિટના મુખિયાએ હોમ-હવનનું સૂચન કર્યું. ચર્ચા-વિચારણા પછી આ ઉપાય કરવાનું સર્વાનુમતે નક્કી થયું. બે દિવસમાં જ યુનિટ-૧૬માં મહાહવન કરવો અને આ માટે પંડિતોને આમંત્રણ આપવાનો નિર્ણય લેવાયો.

યુનિટ-૧માં ઇચ્છાપૂર્તિ વાઘદેવી મંદિરના પ્રાંગણમાં મીટિંગ માટે એકઠા થયેલા મુખિયાઓ વિખેરાય તે પહેલાં ટેકામે પ્રશ્ન કર્યો.

'દળવી જે છોકરીનો ફોટો બતાવતો હતો તેની ઓળખ થઈ?'

'પ્રયત્નો ચાલુ છે...' ત્રણથી ચાર મુખિયા એકબીજાના ચહેરા જોતાં બોલી ઊઠ્યા.

'આપણે પોલીસને પૂરતો સહકાર આપવો છે.' ટેકામે વિનંતીના સૂરમાં કહ્યું.

'છોકરીની ઓળખાણ થયા પછી પોલીસ આપણને ત્રાસ આપશે તો?' એક મુખિયાના સવાલથી જાણે મોઢાં સિવાઈ ગયાં અને બધા શંકાની નજરે તેની તરફ જોવા લાગ્યા.

'છોકરીનું હૃદય કાઢી લેવામાં આવ્યું હોવાની વાત આપણે ભૂલવી ન જોઈએ...' એ મુખિયાએ તેના પ્રશ્નના અનુસંધાનમાં વાક્ય પૂર્ણ કર્યું.

'એ વાત પણ ગંભીર છે... છોકરીનું હૃદય ગાયબ ક્યાં થઈ ગયું... એને કોણે કાઢી લીધું હશે?' કડુએ ચિંતા ઉપજાવનારી વાત કહી.

'આટલાં વર્ષમાં મેં આવું ક્યારેય સાંભળ્યું કે જોયું નથી...' એવું કહીને બાળકૃષ્ણ ટેકામે શંકા વ્યક્ત કરીઃ '...તો શું આપણા જંગલમાં કોઈ માનવભક્ષીનો વસવાટ છે... જે માણસોને મારીને હૃદય કાઢી લે છે અને ખાઈ જાય છે!'

(ક્રમશઃ)■

---




'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

વિરોધી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| ચકચકિત | ઢોળાવ |
| ચકોર | બેસ્વાદ |
| ચટાકેદાર | અવદશા |
| ચડતી | બાઘું |
| ચડાણ | નિસ્તેજ |

### ઓળખાણ પડી?

પ્રાકૃતિક રંગ તેમ જ ફૂલ - પાનના ઉપયોગથી પૌરાણિક કથા અને સામાજિક જીવન દર્શાવતા મધુબની પેઇન્ટિંગ કયા રાજ્યમાં ઉત્પન્ન થયા?

અ) ઓડિશા
બ) બિહાર
ક) મણિપુર
ડ) કર્ણાટક



### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ સ | ૨ ન | ૩ સ | ના | ૪ ટી | | ૫ ગ | લ્લાં | ૬ ત | લ્લાં |
| ૭ ગ | ગ | ન | | ૮ પ | શ્રિ | મ | | ર | |
| ૯ પ | રી | | ૧૦ બા | ણું | | ગી | | ૧૧ ફ | ૧૨ રી |
| ણ | | ૧૩ ભા | ર | | ૧૪ કા | ન | ૧૫ સ | | ત |
| | ૧૬ સ | ર | સ | | મ | | ૧૭ હ | ૧૮ વ | સ |
| ૧૯ આ | ર | તી | | ૨૦ મી | ણ | | ૨૧ સા | ક્ષ | ર |
| | ૨૨ ત | ય | | ૨૩ લ | ગા | મ | | સ્થ | |
| | ચૂ | | ૨૪ ભ | મ | રો | | ૨૫ પી | ળ | ૨૬ ક |
| ૨૭ નો | ક | ૨૮ રી | | જૂ | | ૨૯ સે | વા | | રા |
| ટ | | ૩૦ તો | ખા | ર | | ર | | ૩૧ ટૂ | ર |

### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

**આડી ચાવી**

૧. દિવાળી પર બહુ ફૂટે (૪)
૪. ભરોસા પાત્ર (૫)
૭. રસ પડે એવું (૪)
૯. છેતરામણું (૩)
૧૧. દિગ્મૂઢ, સ્તબ્ધ (૪)
૧૨. હોટેલમાં વેઇટરને આપો (૨)
૧૩. વ્યવસ્થા (૩)
૧૪. જાગૃત (૩)
૧૭. દિયર (૩)
૧૮. સમડીની ઝડપે (૫)
૨૦. એક ફળ (૨)
૨૧. નામની પાછળ લાગે (૩)
૨૨. વધારે (૪)
૨૩. ચલાવવુંનું આજ્ઞાર્થ (૩)
૨૪. જાનૈયા (હિં) (૩)
૨૬. રહેવા માટે જોઇએ (૨)
૨૭. મૂળ કિંમત, જકાત (૩)
૨૮. રહેવાની ઢબ છબ (૬)

**ઊભી ચાવી**

૧. મોટરબાઇકને પહેલાં કહેતા (૫)
૨. કરબડી, રાપડી (૩)
૩. મચ્છર (૨)
૪. હોંશિયાર, વિદ્વાન (૨)
૫. કુર્તા નીચે પહેરાય (૪)
૬. યક્ષની દીકરી (૪)
૮. મનાઇ (૪)
૧૦. આરોહની મીંડ (સંગીત) (૨)
૧૩. ગોત્ર, અગર, મુખ્ય (૩)
૧૪. તદ્દન, બિલકુલ (૨)
૧૫. ચલાવનાર (૩)
૧૬. બે ખેતર વચ્ચે હોય (૨)
૧૭. મોડું, દિયર (૨)
૧૮. ચીટકવુંનું આજ્ઞાર્થ (૩)
૧૯. ટ્રાન્સપોર્ટ (૫)
૨૦. માગ, નામના, કીર્તિ (૪)
૨૧. હક્ક (૪)
૨૨. ભૂતકાળ (૩)
૨૩. એક નશીલો પદાર્થ (૩)
૨૫. ગાવાની ઢબ (૨)
૨૬. નક્કર (૨)

### ગુજરાત મોરી મોરી રે

વૈવિધ્ય માટે પ્રખ્યાત ગુજરાત રાજ્યનું કયું શહેર બાગ બગીચા અને નયનરમ્ય ઉદ્યાન માટે જાણીતું છે એ આપેલા વિકલ્પોમાંથી શોધીને જણાવો.

અ) પાટણ  બ) કેશોદ
ક) અમદાવાદ  ડ) અમલસાડ

### માતૃભાષાની મહેક

અચાનક ઉપાધિ આવી પડે તો માણસ મુશ્કેલીમાં મુકાઈ જાય. અહીં ઉપાધિનો અર્થ મુસીબત થાય છે. દીકરીને ડોક્ટરની ઉપાધિ મળતા માતા - પિતાના હરખનો કોઈ પાર ન રહ્યો. અહીં ઉપાધિ એટલે પદવી - ડિગ્રી એ અર્થ છે. આનો અર્થ એ થાય કે ઉપાધિ આવે તો શોક અને મળે તો આનંદ.

### સુડોકુ-૯૦૯૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | ૯ | |
| ૨ | ૮ | ૫ | ૧ | | | | | |
| | ૯ | ૧ | ૩ | ૬ | ૫ | | | ૨ |
| ૧ | | | ૨ | | | | | ૩ |
| ૬ | ૭ | ૩ | | ૯ | | ૨ | ૧ | ૮ |
| ૯ | | | | | ૧ | | | ૪ |
| ૫ | | | ૭ | ૮ | ૩ | ૬ | ૨ | |
| | | | | | ૬ | ૩ | ૪ | ૭ |
| | ૬ | | | | | | | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૯૦૯૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૫ | ૪ | ૮ | ૭ | ૩ | ૨ | ૧ | ૬ |
| ૧ | ૨ | ૮ | ૫ | ૪ | ૬ | ૭ | ૩ | ૯ |
| ૩ | ૭ | ૬ | ૧ | ૯ | ૨ | ૫ | ૪ | ૮ |
| ૮ | ૯ | ૧ | ૪ | ૫ | ૭ | ૬ | ૨ | ૩ |
| ૭ | ૩ | ૨ | ૬ | ૧ | ૯ | ૮ | ૫ | ૪ |
| ૪ | ૬ | ૫ | ૨ | ૩ | ૮ | ૧ | ૯ | ૭ |
| ૨ | ૪ | ૩ | ૭ | ૬ | ૧ | ૯ | ૮ | ૫ |
| ૫ | ૮ | ૭ | ૯ | ૨ | ૪ | ૩ | ૬ | ૧ |
| ૬ | ૧ | ૯ | ૩ | ૮ | ૫ | ૪ | ૭ | ૨ |

### ઈર્શાદ

*મોતીની જ્યાં માયા રૂઠી, રેત બની ગૈ રાળ,*
*જેમ વરસવા ઊંચે ઊઠ્યા, અંદર થયા વરાળ!*

*ચંદ્રકાન્ત શેઠ*

### ચતુર આપો જવાબ

અર્થ જણાવો

'અને આંખના કમાડ પર હલ્લો બોલ્યો' પંક્તિમાં 'કમાડ' શબ્દનો અર્થ શું થાય એ કહી શકશો?

અ) કડી  બ) પોપચાં  ક) પાંપણ  ડ) બારણું

### માઈન્ડ ગેમ

પ્રદૂષણ મોટી સમસ્યા છે. વિશ્વનું કયું શહેર પોલ્યુશન માટે કુખ્યાત છે એ અહીં આપેલા વિકલ્પોમાંથી શોધીને જણાવી શકશો?

અ) ઢાકા  બ) લાહોર
ક) કાઠમંડુ  ડ) કેન્ડી

### ગયા સોમવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| ઘાટીલું | બેઢંગ |
| ઘાતકી | દયાળુ |
| ઘોંઘાટ | શાંતિ |
| ઘૂસવું | નીકળવું |
| ઘેરું | આછું |

ગુજરાત મોરી મોરી રે
આણંદ

ઓળખાણ પડી?
મુરુગન

માઈન્ડ ગેમ
San Francisco

ચતુર આપો જવાબ
અર્થ જણાવો
આંખ

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મહેશ દોશી (૨) સુભાષ મોમાયા (૩) પુષ્પા ખોના (૪) ભારતી બુચ (૫) મુલરાજ કપૂર (૬) તાહેર ઔરંગાબાદવાલા (૭) શીરીન ઔરંગાબાદવાલા (૮) કિશોરકુમાર જીવણદાસ વેદ (૯) નયના હરીહર ભટ્ટ (૧૦) નીતા દેસાઈ (૧૧) ખુશરૂ કાપડિયા (૧૨) શ્રદ્ધા આશર (૧૩) પુષ્પા પટેલ (૧૪) મીનળ કાપડિયા (૧૫) પ્રવીણ વોરા (૧૬) જ્યોતિ ખાંડવાલા (૧૭) મહેશ સંઘવી (૧૮) વિપીન શાહ (૧૯) નૂતન વિપીન શાહ (૨૦) નિખિલ બંગાળી (૨૧) અમીશી બંગાળી (૨૨) ધવલ શાહ (૨૩) મનીષા શેઠ (૨૪) ફાલ્ગુની શેઠ (૨૫) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૨૬) ભાવના કર્વે (૨૭) જયવંત પદમશી ચિખલ (૨૮) શિલ્પા શ્રોફ (૨૯) વિણા સંપટ (૩૦) મહેન્દ્ર લોઢાવિયા (૩૧) દેવેન્દ્ર સંપટ (૩૨) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૩) કમલ માતલિયા (૩૪) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૫) અંજુ ટોલિયા (૩૬) લજિતા ખોના (૩૭) નિતિન જયંતિલાલ બજરિયા (૩૮) વિજય આસર (૩૯) અલકા વાણી (૪૦) અલકા વાણી (૪૧) ડાયના સંતોકે (૪૨) રશીક જુથાણી (૪૩) પુષ્પા ખોના (૪૪) ધીરેન્દ્ર મુલરાજ (૪૫) ગીતા ઉદેશી (૪૬) પ્રતિમા પમાણી (૪૭) ડો. પ્રકાશ કટકિયા (૪૮) નયના ગિરીશ મિસ્ત્રી (૪૯) અરવિંદ કામદાર (૫૦) જ્યોત્સના ગાંધી (૫૧) રમેશ દલાલ (૫૨) હિનાબેન દલાલ (૫૩) ઈનાક્ષીબેન દલાલ (૫૪) વિલાશ અંબાણી (૫૫) નિતિન બજરિયા

# એમવીએ કે મનસે?

## ઉદ્ધવે રવિવારે જિલ્લા પ્રમુખોને લોકોના મત જાણવા કહ્યું

મુંબઈ: મહારાષ્ટ્રના રાજકારણમાં આગામી દિવસોમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ યોજાવાની છે. આ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓની પૃષ્ઠભૂમિ સામે રાજકીય ગતિવિધિઓએ વેગ પકડ્યો છે. દરેક પક્ષે આ માટે કામ કરવાનું શરૂ કરી દીધું છે. આગામી ચૂંટણીઓ મહા વિકાસ આઘાડી તરીકે સાથે લડવી કે અલગથી લડવી તે અંગે પણ વિચારોનું આદાન-પ્રદાન થઈ રહ્યું છે. ઉપરાંત આગામી દિવસોમાં ઠાકરે પરિવાર રાજકારણમાં સાથે આવશે? તે જોવું મહત્ત્વપૂર્ણ છે. ઉદ્ધવ ઠાકરે આગામી દશેરા રેલીમાં આ સંદર્ભમાં જાહેરાત કરે તેવી શક્યતા છે. ખાસ વાત એ છે કે આ અંગેની મોટી જાહેરાત થાય તે પહેલા જ ઉદ્ધવ ઠાકરેના પક્ષમાં રવિવારે એક મહત્વપૂર્ણ ઘટના બની છે.

ઉદ્ધવ ઠાકરેએ રવિવારે વિદર્ભ અને મરાઠવાડાના જિલ્લા પ્રમુખોની એક મહત્વપૂર્ણ બેઠક યોજી હતી. આ બેઠકમાં ઉદ્ધવ ઠાકરેએ તેમના અનુયાયીઓને મહત્વપૂર્ણ સૂચનાઓ આપી. એવું જાણવા મળ્યું છે કે ગઇ કાલની જિલ્લા પ્રમુખોની બેઠકમાં જિલ્લા પરિષદ, પંચાયત, નગર પંચાયત અને નગર પરિષદની ચૂંટણીઓની તૈયારીઓ અંગે ચર્ચા કરવામાં આવી હતી.

ઉદ્ધવ ઠાકરેએ જિલ્લા પ્રમુખોને અપીલ કરી છે કે તેઓ મહાવિકાસ

(જુઓ પાનું ૪) ▸▸

# ૫૦-૫૦ અને ૬૦-૪૦ બેઠક ફાળવણીનો મનસેનો આગ્રહ

મુંબઈ: છેલ્લા કેટલાક મહિનામાં ઠાકરે બંધુઓની મુલાકાતોમાં વધારો થયો છે. છેલ્લા બે મહિનામાં બંને ચાર વખત મળ્યા છે. આ કારણે શિવસેના (યુબીટી) અને મનસે વચ્ચે ગઠબંધનની શક્યતા વધી છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પહેલા ઠાકરે ગઠબંધન બની શકે છે. હાલમાં તે દિશામાં પગલાં લેવામાં આવી રહ્યા છે.

કઈ બેઠકો કોને મળશે તે નક્કી કરવામાં ઘણો સમય લાગી શકે છે એ માટે ઠાકરે ભાઈઓના ગઠબંધનની જાહેરાત ટૂંક સમયમાં કરવામાં આવશે નહીં. ૨૦૦૯ની વિધાનસભા ચૂંટણીમાં મુંબઈમાં રાજ ઠાકરેની પાર્ટીના છ સભ્યો ચૂંટાયા હતા. ત્યારબાદની ચૂંટણીઓમાં મનસેની તાકાત ઘટી હતી. રાજની પાર્ટી આગ્રહી છે કે ૨૦૦૯માં મનસે દ્વારા જીતવામાં આવેલા વિધાનસભા મતવિસ્તારોમાં ૫૦-૫૦ ટકા બેઠકો છોડવામાં આવે અને બાકીના વિધાનસભા મતવિસ્તારોમાં ૪૦-૬૦ ટકા વહેંચણી મનસે ઇચ્છે છે. આનો અર્થ એ થયો કે છ મતવિસ્તારો સિવાય અન્ય ૩૦ મતવિસ્તારમાં શિવસેના (યુબીટી)નો મોટો ભાઇ હશે. એક વિધાનસભા મતવિસ્તારમાં મ્યુનિસિપલ કોર્પોરેશનના છ વોર્ડનો સમાવેશ થાય છે.

૨૦૦૯માં મુંબઈમાં મનસેના છ સભ્યો ચૂંટાયા હતા. પરંતુ ૨૦૧૪, ૨૦૧૯ અને ૨૦૨૪માં યોજાયેલી વિધાનસભા ચૂંટણીમાં મુંબઈમાં મનસેનો એક પણ ઉમેદવાર જીતી શક્યો ન હતો. આ કારણે મનસેની તાકાત ઘટી ગઈ હતી તેથી શું

(જુઓ પાનું ૪) ▸▸

# રાજનો હાથ ઉપર: રાજકીય વિશ્લેષકોનો દાવો

મુંબઈ: રાજકીય વિશ્લેષકોએ રવિવારે જણાવ્યું હતું કે મુંબઈ અને આસપાસના મેટ્રોપોલિટન ક્ષેત્ર સહિત રાજ્યના અનેક શહેરોમાં નાગરિક ચૂંટણીઓ પહેલાં મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના વડા રાજ ઠાકરે તેમના પિતરાઈ ભાઈ ઉદ્ધવ ઠાકરેની શિવસેના (યુબીટી) સાથે સંભવિત ગઠબંધનની ચર્ચામાં, રાજ શરતો નક્કી કરી રહ્યા હોય તેવું લાગે છે.

એકનાથ શિંદેના બળવાને કારણે ૨૦૨૨માં વિભાજનથી શિવસેના (યુબીટી) નબળી પડી ગઈ છે. ગયા વર્ષે નવેમ્બરમાં વિધાનસભાની ચૂંટણીમાં ૨૮૮ સભ્યના ગૃહમાં ફક્ત ૨૦ બેઠક સાથે નબળો દેખાવ પણ એક અવરોધક પાસું છે. આ વિશ્લેષકોએ નિર્દેશ કર્યો છે કે ઘણા ભૂતપૂર્વ કોર્પોરેટરો અને નેતાઓએ ઉદ્ધવની આગેવાની હેઠળની પાર્ટી છોડી દીધી છે, જેના કારણે તેમણે મરાઠી મતોને એકીકૃત કરવા માટે રાજ ઠાકરેનો ટેકો મેળવવા માટે પ્રયત્નો કરવા પડી રહ્યા છે.

અવિભાજિત શિવસેનાએ ૨૦૨૨ની શરૂઆત સુધી લગભગ ત્રણ દાયકા સુધી દેશની સૌથી ધનિક નાગરિક સંસ્થા, બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન પર નિયંત્રણ રાખ્યું હતું. જોકે, મહાનગરમાં ૨૦૧૭ની નાગરિક ચૂંટણીઓમાં ભાજપની સંખ્યા શિવસેનાની ખૂબ નજીક હતી. પણ ભાજપે તે સમયે વિરોધ પક્ષમાં બેસવાનું પસંદ કર્યું. તેના કારણે બીએમસીની નિષ્ફળતાઓ માટે શિવસેના જવાબદાર ગણાઈ અને ઠાકરે વિરોધીઓએ

(જુઓ પાનું ૪) ▸▸

# ભારત-પાકિસ્તાન ક્રિકેટ મેચ પર શિવસેના (યુબીટી) અને ભાજપના સામસામા પ્રહારો



**સિંદૂર આંદોલન:** શિવસેના (યુબીટી) દ્વારા રવિવારે કરવામાં આવેલું વિરોધ પ્રદર્શન. (અમય ખરાડે)

મુંબઈ: શિવસેના (યુબીટી) ના વડા ઉદ્ધવ ઠાકરે દ્વારા ભારત-પાકિસ્તાન એશિયા કપ ક્રિકેટ મેચ મુદ્દે સરકાર પર પ્રહાર કરવામાં આવ્યા બાદ, ભાજપે રવિવારે ઉદ્ધવ ઠાકરે પર દંભનો આરોપ લગાવ્યો અને કોંગ્રેસ સાથેના તેમના જોડાણ પર પ્રશ્ન ઉઠાવ્યો, ભૂતકાળમાં પાકિસ્તાનને પ્રોત્સાહન આપવાનો પણ આરોપ લગાવ્યો.

મહારાષ્ટ્ર ભાજપના મુખ્ય પ્રવક્તા કેશવ ઉપાધ્યાયે જણાવ્યું હતું કે, ભાજપ પર દેશભક્તિના નામે ધંધો કરવાનો આરોપ લગાવનારા ઠાકરેએ જવાબ આપવો જોઈએ કે શું ''મુંબઈવાસીઓનું સિંદૂર'' તેમના પક્ષના કાર્યકરો દ્વારા વડા પ્રધાન કાર્યાલયમાં મોકલવામાં આવતા 'સિંદૂર' કરતાં ઓછું હતું? ૨૬/૧૧ના હુમલા પછી, ભારતીય સેના તૈયાર હતી, પરંતુ તત્કાલીન વડા પ્રધાન મનમોહન સિંહ અને કોંગ્રેસ ડરી ગયા, જેનાથી પાકિસ્તાનને હિંમત મળી. આજે, એ જ કોંગ્રેસ ઉદ્ધવ ઠાકરેનો સૌથી પ્રિય પક્ષ બની ગયો છે, જ્યારે તેમને પાકિસ્તાનને તેની ધરતી પર પાઠ ભણાવનારા વડા પ્રધાન નરેન્દ્ર મોદી અસ્વીકાર્ય લાગે છે. શું ઉદ્ધવ ઠાકરેમાં રાહુલ ગાંધીને પ્રશ્ન કરવાની હિંમત છે? એવો પ્રશ્ન

(જુઓ પાનું ૪) ▸▸

## શરદ પવારના નિવેદનથી આંદોલનનો પ્રભાવ ઘટ્યો?

નાશિક: પહલગામ હુમલા બાદ, આગામી ભારત-પાકિસ્તાન મેચને લઈને મહારાષ્ટ્રમાં રાજકીય માહોલ ગરમાયો છે. આવી સ્થિતિમાં ઉદ્ધવ ઠાકરેની શિવસેનાની મહિલા કાર્યકરો આક્રમક બની છે અને વિવિધ સ્થળોએ વિરોધ પ્રદર્શન કરી રહી છે. જ્યારે ઠાકરેનો પક્ષ વિરોધ કરી રહ્યો છે, ત્યારે શું શરદ પવારના એક નિવેદને ઠાકરેના આંદોલનનો પ્રભાવ ઓછો થઈ ગયો કે શું? એવી ચર્ચા થઈ રહી છે. ભારત-પાકિસ્તાન મેચ એક દિવસનો પ્રશ્ન છે, મોટો મુદ્દો નથી. પછી જોઈશું, એમ કહીને શરદ પવારે સંયમિત જવાબ આપ્યો અને પવારના આ નિવેદનની જોરદાર ચર્ચા થઈ રહી છે.

દેશ અને રાજ્યની વર્તમાન પરિસ્થિતિની સમીક્ષા કરવા માટે રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી શરદ પવારે નાશિકમાં એક અધિવેશનનું

(જુઓ પાનું ૪) ▸▸

# આચાર્ય દેવવ્રત મુંબઈ પહોંચ્યા, આજે મહારાષ્ટ્રના રાજ્યપાલ તરીકે શપથ લેશે



**સ્વાગત:** મહારાષ્ટ્રના પ્રભારી રાજ્યપાલ આચાર્ય દેવવ્રત રવિવારે તેજસ એક્સપ્રેસમાં મુંબઈ પહોંચ્યા ત્યારે મહારાષ્ટ્ર પોલીસ દ્વારા તેમને ગાર્ડ ઓફ ઑનર આપવામાં આવ્યું હતું. (અમય ખરાડે)

મુંબઈ: મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ રવિવારે મુંબઈ સેન્ટ્રલ રેલવે સ્ટેશન પર રાજ્યપાલ આચાર્ય દેવવ્રતનું સ્વાગત કર્યું હતું.

રાજભવન દ્વારા બહાર પાડવામાં આવેલા એક નિવેદનમાં જણાવાયું છે કે મહારાષ્ટ્રનો વધારાનો હવાલો સોંપવામાં આવેલા ગુજરાતના રાજ્યપાલ, તેમની પત્ની દર્શના

(જુઓ પાનું ૪) ▸▸

## ઘાટકોપરમાં ડ્રન્ક એન્ડ ડ્રાઈવિંગ

# રાહદારીને કાર નીચે કચડવા બદલ કચ્છી યુવતી સહિત ત્રણની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ઘાટકોપરમાં રાતભર પાર્ટી કરીને નીકળ્યા બાદ રાહદારીને કાર નીચે કચડવા બદલ પોલીસે ૩૦ વર્ષની કચ્છી યુવતી અને તેના બે ફ્રેન્ડની ધરપકડ કરી હતી.

ઘાટકોપર પોલીસ સ્ટેશનના સિનિયર ઇન્સ્પેક્ટર સતીષ જાધવે 'મુંબઈ સમાચાર'ને જણાવ્યું હતું કે કાર હંકારી રહેલી ભાવિકા ધામા અને કારમાં હાજર તેના ફ્રેન્ડ્સ કોરમ ભાનુશાલી તથા અનિકેત બનસોડેની ધરપકડ કરવામાં આવ્યા બાદ તેમને રવિવારે કોર્ટમાં હાજર કરવામાં આવ્યાં હતાં, જ્યાં તેમને બે દિવસની પોલીસ કસ્ટડી ફટકારવામાં આવી હતી. અકસ્માતમાં ઘાયલ થયેલા રાહદારીની હાલત

(જુઓ પાનું ૪) ▸▸

# બોરીવલી, મલાડ અને સાયનથી ૩.૫૯ કરોડનું ડ્રગ્સ પકડાયું: ત્રણની ધરપકડ

મુંબઈ: મુંબઈ ક્રાઇમ બ્રાન્ચના એન્ટિ નાર્કોટિક્સ સેલે (એએનસી) બોરીવલી, મલાડ અને સાયન વિસ્તારમાંથી ૩.૫૯ કરોડ રૂપિયાનું ડ્રગ્સ પકડી પાડીને ત્રણ પેડલરની ધરપકડ કરી હતી, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

એએનસીના કાંદિવલી યુનિટના અધિકારીઓએ મળેલી માહિતીને આધારે બોરીવલી પૂર્વમાં નેશનલ પાર્ક નજીક છટકું ગોઠવીને ડ્રગ્સ વેચવા માટે આવેલા યુવકને તાબામાં લીધો હતો. યુવકની તલાશી લેવામાં આવતાં તેની પાસેથી ૨.૫૯ કરોડથી વધુની કિંમતનું ૧.૨૯૭ કિલોગ્રામ મેફેડ્રોન ડ્રગ્સ મળી આવ્યું હતું. આથી યુવક વિરુદ્ધ ગુનો દાખલ કરી તેની ધરપકડ કરાઇ હતી. બીજી તરફ એએનસીના આઝાદ મેદાન

(જુઓ પાનું ૪) ▸▸

# નવરાત્રીમાં વરસાદની શક્યતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ સહિત રાજ્યમાં ચોમાસું શનિવારથી ફરી સક્રિય થયું છે. મુંબઈ સહિતના પડોશી શહેર થાણે અને નવી મુંબઈમાં શનિવાર મોડી રાતથી વહેલી સવાર સુધી ભારે વરસાદ પડયો હતો, તેમાં પણ મોડી રાતના ત્રણ કલાક દરમ્યાન ભારે વરસાદ રહ્યો હતો. જોકે રવિવારના દિવસના સમયે વરસાદના માત્ર છૂટાછવાયા ઝાપટાં જ પડ્યા હતા. આ દરમ્યાન આવતા અઠવાડિયામાં બંગાળના ઉપસાગરમાં ફરી લો પ્રેશરની શક્યતા નિર્માણ થઈ હોવાથી નવરાત્રીમાં વરસાદ પડવાની શક્યતા છે.

મુંબઈમાં શનિવાર આખો દિવસ વરસાદના હળવાથી મધ્યમ વરસાદ રહ્યા બાદ મોડી રાતથી જોરદાર વરસાદ પડવાનું શરૂ થયું હતું. હવામાન વિભાગે આપેલા આંકડા મુજબ સાંતાક્રુઝમાં શનિવાર, ૧૩ સપ્ટેમ્બર, ૨૦૨૫ના સવારના ૮.૩૦ વાગ્યાથી ૧૪ સપ્ટેમ્બર, રવિવાર સવારના ૮.૩૦ વાગ્યા સુધીના ૨૪ કલાકના સમયગાળામાં ૮૭ મિ.મી. વરસાદ નોંધાયો હતો. તેમાંથી ૬૧ મિ.મી.

(જુઓ પાનું ૪) ▸▸

## મુંબઈમાં સરેરાશ ૯૭ ટકા વરસાદ

આ વર્ષે ચોમાસાનું આગમન સામાન્ય કરતા વહેલું એટલે કે ૨૪ મેના જ થઈ ગયું હતું. જોરદાર એન્ટ્રી કર્યા બાદ જોકે જૂન મહિનામાં વરસાદનું પ્રમાણ ઓછું રહ્યું હતું. બાદમાં જુલાઈમાં અને ઑગસ્ટમાં નોંધપાત્ર વરસાદ રહ્યો હતો. હવામાન ખાતાએ આપેલા આંકડા મુજબ મુંબઈમાં મોસમનો સરેરાશ અત્યાર સુધી ૯૭.૧૧ ટકા વરસાદ નોંધાઈ ચૂક્યો છે. તો કોલાબામાં અત્યાર સુધી ૧,૭૧૯.૬ મિ.મી. અને સાંતાક્રુઝમાં ૨,૭૧૩.૧ મિ.મી. વરસાદ નોંધાયો છે.

## મુંબઈમાં ઓક્ટોબરમાં ચોમાસાની વિદાય

દેશમાં ૧૫ સપ્ટેમ્બરથી નૈર્ઋત્યનું ચોમાસું તબક્કાવાર વિદાય લેવાની શરૂઆત કરશે એવો અંદાજો હવામાન ખાતાએ વ્યક્ત કર્યો છે, જેમાં પશ્ચિમ રાજસ્થાનથી ચોમાસાની વિદાય શરૂ થશે. તો મહારાષ્ટ્રમાં પાંચથી ૧૪ ઑક્ટોબર દરમ્યાન ચોમાસું વિદાય લેશે. મુંબઈમાં સામાન્ય રીતે ૧૦થી ૧૧ ઑક્ટોબરની આસપાસ ચોમાસું વિદાય લેતું હોય છે.

## જળાશયોમાં ૯૮ ટકા પાણીનો જથ્થો

મુંબઈને પાણી પૂરું પાડતા સાતેય જળાશયોમાં રવિવાર, ૧૪ સપ્ટેમ્બર સુધીના સમયગાળામાં ૧૪,૨૮,૬૧૨ મિલ્યન લિટર જેટલો પાણીનો જથ્થો જમા થઈ ગયો હતો, જે ૯૮.૭૦ ટકા જેટલો છે. ગયા વર્ષે આ જ સમયે જળાશયોમાં ૧૪,૨૬,૪૮૬ મિલ્યન લિટર અને ૨૦૨૩ની સાલમાં જળાશયોમાં ૧૪,૦૫,૧૮૯ મિલ્યન લિટર જેટલો પાણીનો સ્ટોક હતો. મુંબઈને આખું વર્ષ પાણીકાપ વગર પાણીપુરવઠો કરવા માટે પહેલી ઑક્ટોબરના જળાશયોમાં ૧૪,૪૭,૩૬૩ મિલ્યન લિટર જેટલો પાણીનો જથ્થો હોવો આવશ્યક છે.

# અનામતનો મુદ્દો વધુ સળગશે

## ઓબીસી, બંજારા, આદિવાસી સંગઠનો તરફથી મરાઠા ક્વોટા જીઆરનો વિરોધ: પ્રદર્શનો કરવાની તૈયારીમાં

જાલના: મહારાષ્ટ્રના જાલના જિલ્લામાં અનેક ઓબીસી, આદિવાસી અને બંજારા સમુદાયનાં સંગઠનોએ રવિવારે જણાવ્યું હતું કે જ્યાં સુધી રાજ્ય સરકાર કાર્યકર્તા મનોજ જરાંગે દ્વારા મુંબઈમાં થયેલા આંદોલનને પગલે જારી કરાયેલ મરાઠા ક્વોટા જીઆર પાછો ખેંચી લે નહીં ત્યાં સુધી તેઓ વિરોધ પ્રદર્શનો કરશે.

તેમણે જણાવ્યું હતું કે મરાઠા સમુદાયના સભ્યોને કુણબી જાતિ પ્રમાણપત્રો અને તેથી ક્વોટા મેળવવાની મંજૂરી આપવા માટે હૈદરાબાદ ગેઝેટ લાગુ કરવાથી એસસી, એસટી અને અન્ય પછાત વર્ગો પર ભારે અસર પડશે. કુણબીઓ - એક કૃષિ સમુદાય, મહારાષ્ટ્રમાં ઓબીસી વર્ગનો ભાગ છે. અમને અનુસૂચિત જનજાતિ તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યા હતા અને હૈદરાબાદ રાજ્યમાં અનામત આપવામાં આવી હતી. અમે ઇચ્છીએ છીએ કે સમાન અધિકારો પુન:સ્થાપિત થાય,એમ બંજારા

(જુઓ પાનું ૪) ▸▸

# અમારે અહીં રહેવું કે નહીં?

## પુણેની એક વ્યથિત મહિલાનો અજિત પવારને પ્રશ્ન



પુણે: પુણેના પાલક પ્રધાન અને રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર રવિવારે સવારથી પુણેના હડપસર મુંઢવા વિસ્તારના નિરીક્ષણ પ્રવાસે હતા. તેમણે પુણેના કેશવનગર મુંઢવા ખાતે નવા બનેલા બ્રિજનું નિરીક્ષણ કર્યું હતું અને કામની ગુણવત્તા વિશે માહિતી લીધી હતી અને સંબંધિત અધિકારીઓને આ સંદર્ભે સૂચના આપી હતી. ઉપરોક્ત બ્રિજનું બાકી રહેલું કામ અંતિમ તબક્કામાં છે અને ટૂંક સમયમાં પૂર્ણ થશે, જેનાથી આ વિસ્તારના નાગરિકોની મુસાફરી સરળ બનશે. તેમણે કોંઢવાના કોંઢવા ચોક ખાતે વારંવાર થતા ટ્રાફિક જામ અને હડપસરના

(જુઓ પાનું ૪) ▸▸

# મુંબઈ એરપોર્ટ પર ૪૦ કરોડ રૂપિયાનો ગાંજો પકડાયો

મુંબઈ: ડિરેક્ટોરેટ ઓફ રેવન્યૂ ઇન્ટેલિજન્સે (ડીઆરઆઇ) મુંબઈ એરપોર્ટ પર ૪૦ કરોડ રૂપિયાની કિંમતનો ગાંજો પકડી પાડી બે પ્રવાસી સહિત ત્રણની ધરપકડ કરી હતી. થાઇલેન્ડથી બંને પ્રવાસી ગાંજો સામાનમાં છુપાવી લાવ્યા હતા અને ત્રીજો આરોપી મુંબઈમાં તે રિસિવ કરવા આવવાનો હતો, એમ અધિકારીએ જણાવ્યું હતું.

ડીઆરઆઇના અધિકારીઓએ ધરપકડ કરેલા ત્રણેય જણની ઓળખ અમીર પાંપોડન, શોએબ ખાન અને મોહંમદ શફીર મદારી તરીકે થઇ હતી. અમીર કેરળનો અને શોએબ દિલ્હીનો રહેવાસી છે. ત્રણેયને રવિવારે કોર્ટમાં હાજર કરવામાં આવ્યા હતા, જ્યાં તેમને જુડિશિયલ કસ્ટડી ફટકારવામાં આવી હતી.

પ્રાપ્ત માહિતી મુજબ અમીર અને શોએબ ખાન થાઇલેન્ડથી એક જ ફ્લાઇટમાં શનિવારે મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ

(જુઓ પાનું ૪) ▸▸

# વર્સોવા ડિસેલિનેશન પ્રોજેક્ટના ટેન્ડરની મુદતમાં વધારો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: દરિયાના ખારા પાણીમાંથી મીઠું પાણી મેળવવા માટે વર્સોવા દરિયા કિનારા પર ડિસેલિનેશનનો પ્રોજેક્ટ ઊભો કરવાના પ્લાન્ટ માટે ટેન્ડર સબમીટ કરવાની સમયમર્યાદાને બે મહિનાની મુદત વધારવામાં આવી છે. આ ટેન્ડર પ્રક્રિયામાં સાત મોટી કંપનીઓએ રસ દર્શાવ્યો હોઈ કંપનીની માગણી મુજબ આ ટેન્ડર પ્રક્રિયાને નવેમ્બર સુધીની મુદત વધારી આપવામાં આવી છે. મનોરી કરતા વર્સોવાના પ્રોજેક્ટમાં પાલિકાએ અલગ શરતો રાખી છે. આ પ્રોજેક્ટમાં મુંબઈ મહાનગરપાલિકા એક પણ રૂપિયાનો

(જુઓ પાનું ૪) ▸▸

# પોલીસ મુખ્ય તહેવારોમાં કોન્સ્ટેબલોને કોઓર્ડિનેટર તરીકે તહેનાત કરશે

મુંબઇ: રાજ્યભરમાં ગણેશોત્સવ શાંતિપૂર્ણ રીતે પાર પડ્યો તેમાં અસરકારક સિદ્ધ થયેલી પોલીસ કોન્સ્ટેબલોને કોઓર્ડિનેટર તરીકે ફરજ બજાવવાની પદ્ધતિ હવે જાહેર અને ધાર્મિક તહેવારો માટે લાગુ કરવાનો નિર્ણય મહારાષ્ટ્ર પોલીસ દ્વારા લેવામાં આવ્યો છે.

૬ સપ્ટેમ્બરે ૧૦ દિવસનો ગણેશોત્સવ શાંતિપૂર્ણ રીતે પાર પડ્યો. તેમાં કોન્સ્ટેબલોએ ગણેશ મંડળો સાથે આરંભથી કોઓર્ડિનેટરની ભૂમિકા ભજવી હતી, જેથી કોઇ પણ અનિચ્છનીય ઘટના વિના ઉજવણી પાર પડે. આ પહેલ હવે આગામી તહેવારો નવરાત્રિ, શિવજયંતી, આંબેડકર જયંતી, ઇદ તેમ જ અન્ય તહેવારો માટે પણ

(જુઓ પાનું ૪) ▸▸

# મુંબઈ મેટ્રો લાઈન- ટુબીમાં ફેઝ વન બહુ જલદી ખુલ્લો મુકાશે

## છેલ્લા તબક્કાની સુરક્ષાની તપાસ શરૂ ડિસેમ્બર, ૨૦૨૫ સુધી શરૂ થવાની શક્યતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મેટ્રો લાઈન-ટુબી મંડાલે-ચેમ્બુર વચ્ચે ૫.૩૯ કિલોમીટરના પટ્ટા માટે સુરક્ષાની દૃષ્ટિએ અત્યંત મહત્ત્વનું ગણાતા ઈન્સ્પેકશનનું કામ ગયા અઠવાડિયાથી શરૂ થઈ ગયું છે.

બહુ જલદી તેને મેટ્રો રેલવે સેફટી કમિશનર (સીએમઆરએસ)ની ટીમ પાસેથી ક્લિઅરન્સ મળી જશે અને સુરક્ષાને લગતી મંજૂરી મળવાની સાથે જ પહેલા તબક્કામાં મંડાલેથી ડાયમંડ ગાર્ડન વચ્ચે મેટ્રો રેલવે શરૂ થઈ જશે એવું માનવામાં આવે છે.

(જુઓ પાનું ૪) ▸▸

# ડ્રગ્સના કેસમાં ફરાર આરોપીની ત્રણ વર્ષ બાદ ભાયંદરથી ધરપકડ

થાણે: ડ્રગ્સના કેસમાં છેલ્લાં ત્રણ વર્ષથી ફરાર આરોપીને ખંડણી વિરોધી શાખાએ ભાયંદરમાંથી ઝડપી પાડવામાં સફળતા મેળવી હતી. સિનિયર પોલીસ ઇન્સ્પેક્ટર રાહુલ રાખે જણાવ્યું હતું કે આરોપી સલમાન અનવર શેખ (૨૬) મીરા રોડના ગીતાનગરમાં રહેતો હતો. સલમાન વિરુદ્ધ ૧૦ જુલાઇ, ૨૦૨૨ના રોજ એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો અને ત્યારથી સલમાન ફરાર હતો.

સલમાન છેલ્લાં ત્રણ વર્ષથી મીરા રોડ, ભાયંદર અને વસઇ વિસ્તારમાં નામ બદલીને રહેતો હતો. સલમાન પોતાનાં ઠેકાણાં પણ બદલતો રહેતો હતો.

દરમિયાન સલમાન ડિલિવરી બોય તરીકે કામ કરતો હતો અને વારંવાર પોતાના મોબાઇલ નંબર બદલતો રહેતો હતો. પોલીસને સલમાન વિશે માહિતી મળ્યા બાદ બે મહિનાથી મીરા-ભાયંદર અને વસઇ વિસ્તારમાં તેની શોધ ચલાવવામાં આવી હતી. આખરે ૧૨ સપ્ટેમ્બરે તેને ભાયંદરના કેબિન રોડ પરથી તાબામાં લેવામાં આવ્યો હતો. સલમાન ફરાર હતો, પણ કોર્ટે અન્ય આરોપીઓ સામેની સુનાવણી ચાલુ રાખી હતી. ૧૧ સપ્ટેમ્બરે કોર્ટે ત્રણ આરોપીને દોષી ઠેરવ્યા હતા. બે આરોપીને પાંચ વર્ષની કેદ અને ૫૦ હજાર રૂપિયાનો દંડ, જ્યારે ત્રીજા આરોપીને ૧૦ વર્ષની કેદ અને એક લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો હતો, એમ પોલીસે જણાવ્યું હતું. (પીટીઆઇ)■

# ભાજપ ૧૪ કરોડ સભ્ય સાથે વિશ્વનો સૌથી મોટો પક્ષઃ નડ્ડા

વિશાખાપટનમ : ભાજપ ૧૪ કરોડ સભ્ય (જેમાંના બે કરોડ સભ્યો સક્રિય છે) ધરાવતો વિશ્વનો સૌથી મોટો પક્ષ છે, એમ ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ જે. પી. નડ્ડાએ કહ્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે પક્ષના લોકસભાના ૨૪૦ સાંસદ, ૧,૫૦૦ વિધાનસભ્ય અને વિધાનપરિષદના ૧૭૦થી વધારે સભ્ય છે.

અહીં પક્ષની એક રૅલીને સંબોધતા નડ્ડાએ વડા પ્રધાન નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળના એનડીએ શાસનને ‘જવાબદાર અને પ્રતિયોગી ગણાવ્યું હતું.

નડ્ડાએ વધુમાં જણાવ્યું હતું કે અમારો પક્ષ ૧૪ કરોડ સભ્ય સાથે વિશ્વનો સૌથી મોટો પક્ષ છે. ભારતમાં ૨૦ રાજ્યોમાં એનડીએની સરકાર છે અને તેર રાજ્યોમાં ભાજપની સરકાર છે. દેશમાં સૌથી વધુ પ્રતિનિધિત્વ ધરાવતો અમારો પક્ષ છે. અમારા ૨૪૦ સાંસદો (લોકસભાના) છે. અમારા ૧,૫૦૦ વિધાનસભ્યો અને વિધાનપરિષદના ૧૭૦ સભ્યો છે.

નડ્ડાએ વધુમાં કહ્યું હતું કે વડા પ્રધાન મોદીના ૧૧ વર્ષના શાસન દરમિયાનની કામગીરીનું અને પ્રતિબદ્ધ સરકારનું રાજકારણ રહ્યું છે. અગાઉની સરકારોએ કોઈ કામગીરી બજાવી નહોતી.

અગાઉની સરકારોએ તેના વચનો પાળ્યા નહોતા. અગાઉની સરકારોમા કુટુંબ આધારિત રાજકારણ, ભ્રષ્ટાચાર અને તુષ્ટીકરણ હતું. (એજન્સી) ■



ગુજરાતમાં હિંદી દિવસ : રવિવારે ગુજરાતના ગાંધીનગરમાં હિંદી દિવસ નિમિત્તે યોજાયેલા અખિલ ભારતીય રાજભાષા સંમેલનના સમારોહમાં કેન્દ્રના ગૃહપ્રધાન અમિત શાહ, ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ અને કેન્દ્રના રાજ્ય કક્ષાના પ્રધાન અર્જુનરામ મેઘવાલ હાજર રહ્યા હતા. (પીટીઆઈ)

# મોદીએ આસામને ૧૨૦૦૦થી વધુ કરોડ રૂપિયાના પ્રોજેક્ટ્સની આપી ભેટ

નુમાલીગઢઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે આસામના ગોલાઘાટ જિલ્લાના નુમાલીગઢ ખાતે ૫૦૦૦ કરોડ રૂપિયાના વાંસ આધારિત ઇથેનોલ પ્લાન્ટનું ઉદ્ઘાટન કર્યું હતું. તે સિવાય વડાપ્રધાન મોદીએ નુમાલીગઢ રિફાઇનરીમાં ૭૨૩૦ કરોડ રૂપિયાના ‘પેટ્રો ફ્લૂઇડાઇઝ્ડ કૈટેલિટીક ક્રેકર યુનિટ’નો શિલાન્યાસ પણ કર્યો હતો.

અધિકારીઓએ જણાવ્યું હતું કે ‘‘વિશ્વમાં પ્રથમ, સેકન્ડ જનરેશન‘‘ બાયોઇથેનોલ પ્લાન્ટ ‘‘ઝીરો વેસ્ટ’’ ધરાવે છે જે વાંસના તમામ હિસ્સાનો ઉપયોગ કરશે અને તેનાથી રાજ્યના ગ્રામીણ અર્થતંત્રમાં ૨૦૦ કરોડ રૂપિયાનો થવાની અપેક્ષા છે. તેમણે જણાવ્યું હતું કે આ પ્લાન્ટ ચાર ઉત્તરપૂર્વીય રાજ્યોમાંથી પાંચ લાખ ટન લીલો વાંસ પ્રાપ્ત કરશે જેનાથી પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે ૫૦,૦૦૦થી વધુ લોકોને ફાયદો થશે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, જે પોલીપ્રોપાઈલીન પ્લાન્ટનો શિલાન્યાસ વડાપ્રધાને કર્યો હતો તે પ્લાસ્ટિકના ઉત્પાદનમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે. તેમણે કહ્યું હતું કે આ પ્લાન્ટ દર વર્ષે ૭૫,૦૦૦ માનવ-દિવસ રોજગારી ઉત્પન્ન કરવાની ક્ષમતા ધરાવે છે. અગાઉ વડાપ્રધાને દરાંગ જિલ્લાના મંગલદોઈ ખાતે ૬,૩૦૦ કરોડ રૂપિયાના આરોગ્ય અને માળખાગત પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ કર્યો હતો. તેમણે નર્સિંગ કોલેજ અને એક જીએનએમ સ્કૂલની સાથે સાથે દરાંગ મેડિકલ કોલેજ અને હોસ્પિટલના નિર્માણ સંબંધિત પ્રોજેક્ટની શરૂઆત કરાવી હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે આ પ્રોજેક્ટ્સમાં કુલ ૫૭૦ કરોડ રૂપિયાનું રોકાણ કરવામાં આવશે. મોદીએ ૧,૨૦૦ કરોડ રૂપિયાના અંદાજિત ખર્ચે ૨.૯ કિલોમીટર લાંબા નરેંગી-કુરુવા પુલ અને આસામના કામરૂપ અને દરાંગ જિલ્લાઓ અને મેઘાલયના રી ભોઈને જોડતા ૧૧૮.૫ કિલોમીટર લાંબા ગુવાહાટી રિંગ રોડ પ્રોજેક્ટનો પણ શિલાન્યાસ કર્યો હતો. રિંગ રોડ પ્રોજેક્ટનો અંદાજિત ખર્ચ ૪,૫૩૦ કરોડ રૂપિયા છે. મોદી શનિવારે સાંજે આસામની બે દિવસીય મુલાકાતે ગુવાહાટી પહોંચ્યા, જ્યાં તેમણે સ્વર્ગસ્થ ભારત રત્નથી સન્માનિત દિવંગત ગાયક ભૂપેન હજારિકાના જન્મ શતાબ્દી સમારોહમાં હાજરી આપી.



**નવરાત્રિઃ** સુરતમાં નવરાત્રિના આગમન પહેલાં તૈયાર કરાતો માટીનો ગરબો (પીટીઆઈ)

## ઓટો, ટેક્સી ચાલકોને હેલ્પલાઈન વિગતો લખવા આદેશ

અમદાવાદઃ શહેરમાં ૧૬ સપ્ટેમ્બરથી ૧૧ નવેમ્બર સુધી દરેક ઓટો અને ટેક્સી ચાલકોએ ડ્રાઇવર સીટની પાછળ વાહન નંબર, માલિકનું નામ, પોલીસ અને મહિલા હેલ્પ લાઇન નંબરો - ૧૦૦, ૧૧૨,૧૮૧ અને ટ્રાફિક હેલ્પલાઇન નંબર ૧૦૯૫ મુસાફરો જોઇ શકે તે રીતે લગાવવાના રહેશે. ઘણા વાહનો હજુ આ નિયમનું પાલન કરી રહ્યા નથી.

અમદાવાદ ગ્રામ્ય બાદ શહેર પોલીસ કમિશનર જી એસ મલિકે શહેરમાં આ નિયમનું કડક પાલન કરાવવા આદેશ આપ્યો છે. નિયમનો ભંગ કરનારા સામે કડક પગલાં લેવામાં આવી શકે છે.

# પાકિસ્તાનમાં ક્રાંતિકારીઓ સાથેની અથડામણમાં ૧૯ સૈનિકો માર્યા ગયા

ઇસ્લામાબાદઃ પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વામાં થયેલી અથડામણમાં ૧૯ સૈનિકોના મોત થયા છે. આ દરમિયાન ૪૫ આતંકવાદીઓ ઠાર કર્યા હોવાનો પાકિસ્તાની સેનાએ દાવો કર્યો છે. પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફે આતંકવાદીઓને સંપૂર્ણ તાકાત સાથે જવાબ આપવાની હાકલ કરી હતી.

પાકિસ્તાની સેનાના જણાવ્યા અનુસાર ૧૦ થી ૧૩ સપ્ટેમ્બર સુધી ખૈબર પખ્તુનખ્વા પ્રાંતના ત્રણ અલગ-અલગ ભાગોમાં થયેલી અથડામણમાં ઓછામાં ઓછા ૪૫ આતંકવાદીઓ ઠાર કરાયા છે. રેડિયો પાકિસ્તાનના અહેવાલ અનુસાર વડા પ્રધાન શાહબાઝ શરીફે સેના પ્રમુખ ફીલ્ડ માર્શલ અસીમ મુનીર સાથે બન્નૂની મુલાકાત લીધી હતી. તેમજ એક ઉચ્ચ સ્તરીય બેઠકમાં પણ હાજરી આપી હતી. તેમણે સ્પષ્ટ કર્યું કે પાકિસ્તાનનું આતંકવાદ સામે અભિયાન સંપૂર્ણ તાકાતથી ચાલુ રહેશે. કોઇ પણ પ્રકારનું સમાધાન કે અસ્પષ્ટતા સહન કરવામાં આવશે નહીં.

શાહબાઝ શરીફે આરોપ લગાવ્યો કે પાકિસ્તાનમાં હુમલાઓ માટે જવાબદાર આતંકવાદી નેતાઓ અને માસ્ટરમાઇન્ડ અફઘાનિસ્તાનની ધરતી પરથી પોતાની પ્રવૃતિઓ ચલાવી રહ્યા છે. શાહબાઝ શરીફે કહ્યું કે પાકિસ્તાન આતંકવાદના મુદ્દે રાજકીયકરણ અને ભ્રામક નિવેદનોનું ખંડન કરે છે.

પાકિસ્તાની સેનાની મીડિયા વિંગ આઇએસપીઆરના જણાવ્યા મુજબ બાજૌર જિલ્લામાં એક ગુપ્ત માહિતી આધારિત ઓપરેશન દરમિયાન ૨૨ ટીટીપી વિદ્રોહીઓ માર્યા ગયા હતા. દક્ષિણ વઝીરિસ્તાન જિલ્લામાં ૧૩ ટીટીપી આતંકવાદીઓ માર્યા ગયા હતા. જ્યારે ૧૨ સૈનિકોએ જીવ ગુમાવ્યા હતા. લોઅર ડેર જિલ્લાના લાલ કિલ્લા મેદાનમાં અન્ય એક ઓપરેશનમાં ૧૦ આતંકવાદીઓ અને ૭ સૈનિકો માર્યા ગયા હતા. આ ઓપરેશનોમાં આતંકવાદીઓ પાસેથી હથિયારો અને દારૂ ગોળો પણ જપ્ત કરવામાં આવ્યા હતા. ■

# મધ્ય પ્રદેશ સરકાર ૨૭ ટકૉ ઓબીસી ક્વોટા માટે પ્રતિબદ્ધઃ મુખ્ય પ્રધાન યાદવ

ભોપાલ : મધ્ય પ્રદેશના મુખ્ય પ્રધાન મોહન યાદવે કહ્યું છે કે તેમની સરકાર રાજ્યમાં અન્ય પછાત વર્ગો (ઓબીસી) માટે ૨૭ ટકા અનામત માટે પ્રતિબદ્ધ છે. ઓબીસી મહાસભાના રાષ્ટ્રીય કોર કમિટીના સભ્ય લોકેન્દ્ર ગુર્જર, એક પ્રતિનિધિમંડળ સાથે શનિવારે સાંજે યાદવને તેમના નિવાસસ્થાને મળ્યા અને સમુદાયની વિવિધ માંગણીઓ દર્શાવતું મેમોરેન્ડમ સુપરત કર્યું, એમ સરકારી પ્રકાશનમાં જણાવાયું છે. મુખ્ય પ્રધાનને ટાંકીને તેમાં જણાવાયું છે કે ઓબીસી અનામત મુદ્દે સુપ્રીમ કોર્ટમાં ૨૩ સપ્ટેમ્બરથી નિયમિત સુનાવણી થવાની છે, જેના આદેશનું રાજ્ય સરકાર પાલન કરશે. ઉપરાંત કેન્દ્રએ તમામ સમુદાયોનો મૂળભૂત ડેટા તૈયાર કરવા માટે જાતિ આધારિત વસ્તી ગણતરીને મંજૂરી આપી છે. હાલમાં મધ્ય પ્રદેશમાં ઓબીસીને ૧૪ ટકા અનામત મળી રહી છે, જ્યારે ઓબીસી સમાજની માંગણી તેને ૨૭ ટકા સુધી વધારવાની છે. ડિસેમ્બર ૨૦૧૮ થી માર્ચ ૨૦૨૦ સુધી સત્તામાં રહેલી કમલનાથની આગેવાની હેઠળની મધ્ય પ્રદેશમાં કોંગ્રેસ સરકારે એક વટહુકમ દ્વારા ઓબીસી માટે ક્વોટા ૧૪ થી વધારીને ૨૭ ટકા કર્યો હતો. (પીટીઆઈ) ■

## સ્પોર્ટ્સ

દુલીપ ટ્રોફી ફાઈનલ

# દક્ષિણ ઝોનના અંકિત-સિદ્ધાર્થની લડત છતાં મધ્ય ઝોન આજે જીતવાની તૈયારીમાં

બેંગલૂરુ: મહાન ક્રિકેટર દુલીપસિંહજીના નામે રમાતી દુલીપ ટ્રોફીની પાંચ-દિવસીય ફાઇનલમાં ગુરુવારના પ્રથમ દિવસે દક્ષિણ ઝોનની ટીમ પહેલા દાવમાં ફક્ત ૧૪૯ રનમાં આઉટ થઈ ગઈ એ એને હવે ભારે પડી રહ્યું છે, કારણકે રવિવારે ચોથા દિવસે બીજા દાવમાં મધ્ય ઝોનને દક્ષિણ ઝોને જે ટક્કર આપી એ જોતાં આ મુકાબલો જીતવા માટે દક્ષિણની ટીમ વધુ લાયક કહી શકાય. જોકે હવે બહુ મોડું થઈ ગયું કહી શકાય. કારણ એ છે કે રવિવારે દક્ષિણ ઝોનની ટીમ ૪૨૬ રનના સ્કોર પર ઑલઆઉટ થતાં મધ્ય ઝોનને જીતવા માત્ર ૬૫ રનનો લક્ષ્યાંક મળ્યો હતો જે તેઓ સોમવારના આખરી દિને પહેલા સત્રમાં જ મેળવી શકશે.

દક્ષિણ ઝોનના અંકિત શર્મા (૯૯ રન, ૧૬૮ બૉલ, એક સિક્સર, ૧૩ ફોર)એ રજત પાટીદારના સુકાનમાં રમી રહેલી મધ્ય ઝોનની ટીમને જોરદાર લડત આપી હતી, પરંતુ તે ૯૯ રનના પોતાના સ્કોર પર કુમાર કાર્તિકેય (૧૧૦ રનમાં ચાર વિકેટ)ના બૉલમાં મિડવિકેટ પર ઊભેલા પાટીદારને કૅચ આપી બેઠો હતો. તેની અને સી. આન્દ્રે સિદ્ધાર્થ (૮૪ અણનમ, ૧૯૦ બૉલ, સાત ફોર) વચ્ચે સાતમી વિકેટ માટે ૧૯૨ રનની ભાગીદારી થઈ હતી. જોકે અંકિત તથા સિદ્ધાર્થ તેમ જ એ પહેલાં રવિચન્દ્રન સ્મરન (૬૭ રન, ૧૧૮ બૉલ, એક સિક્સર, સાત ફોર)ની હાફ સેન્ચુરી દક્ષિણ ઝોનને મજબૂત સ્થિતિ નહોતી અપાવી શકી. રિકી ભુઈના ૪૫ રન પણ એળે જઈ રહ્યા છે. મધ્ય ઝોનના કાર્તિકેય ઉપરાંત સારાંશ જૈને પણ બોલિંગમાં તરખાટ મચાવ્યો હતો. તેણે ત્રણ વિકેટ લીધી હતી. ■



# ઑસ્ટ્રેલિયાની ઓપનરનો કૅચ છોડવાનું ભારતને ભારે પડ્યું, હરમનની ટીમ આઠ વિકેટે પરાજિત

ન્યૂ ચંડીગઢઃ હરમનપ્રીત કૌરના સુકાનમાં ભારતની મહિલા ક્રિકેટરો અહીં ઑસ્ટ્રેલિયા સામેની ટીમ સામે વન-ડે શ્રેણીની પ્રથમ મૅચમાં આઠ વિકેટે પરાજિત થઈ હતી. ભારતીય બૅટર્સની ત્રણ હાફ સેન્ચુરી એળે ગઈ હતી. ઑસ્ટ્રેલિયાને ઓપનર ફૉબે લિચફીલ્ડે (૮૮ રન, ૮૦ બૉલ, ૧૪ ફોર) વિજય અપાવ્યો હતો. યોગાનુયોગ, તે શૂન્ય પર હતી ત્યારે તેનો કૅચ છૂટ્યો હતો અને એ જીવતદાન જ ભારતને ભારે પડ્યું.

અલીઝા હિલીના સુકાનમાં ઑસ્ટ્રેલિયાની ટીમે ૨૮૨ રનનો લક્ષ્યાંક ૪૪.૧ ઓવરમાં બે વિકેટના ભોગે મેળવી લીધો હતો.



સ્મૃતિ મંધાના અને પ્રતીકા રાવલ

પીઢ બૅટર બેથ મૂની ૭૭ રને અને ઍનાબેલ સધરલૅન્ડ ૫૪ રને અણનમ રહી હતી.

ભારતીય બોલર્સમાં માત્ર ક્રાંતિ ગૌડ અને સ્નેહ રાણાને એક-એક વિકેટ મળી હતી, જ્યારે દીપ્તિ શર્મા અને શ્રી ચરનીની બોલિંગમાં અનુક્રમે ૫૯ અને ૫૫ રન થયા હતા અને તેમને વિકેટ નહોતી મળી.

એ પહેલાં, ભારતે સાત વિકેટે જે ૨૮૧ રન કર્યા હતા એમાં ઓપનર પ્રતીકા રાવલ (૬૪ રન), સ્મૃતિ મંધાના (૫૮ રન) અને હર્લીન દેઓલ (૫૪ રન)ની હાફ સેન્ચુરી સામેલ હતી. જોકે તેમના યોગદાન એળે ગયા હતા. ■

# જૈસમીન ભારતની નવમી અને મીનાક્ષી દસમી વર્લ્ડ ચૅમ્પિયન બૉક્સર

## હરિયાણાની મીનાક્ષી ઑટો રિક્ષા ડ્રાઈવરની પુત્રી છે

લિવરપુલઃ અહીં મુક્કાબાજીની વર્લ્ડ ચૅમ્પિયનશિપમાં ભારતની બે મહિલા બૉક્સરે વર્લ્ડ ચૅમ્પિયન બનીને ભારતનું નામ રોશન કર્યું. ૫૭ કિલો વર્ગમાં જૈસમીન લૅમ્બોરિયાએ ટાઇટલ જીતી લીધું ત્યાર બાદ ૪૮ કિલો વર્ગમાં મીનાક્ષી હૂડાએ પણ ફાઇનલ જીતીને વિશ્વ વિજેતાપદની અપ્રતિમ સિદ્ધિ મેળવી. ભારત વતી મહિલા બૉક્સિંગમાં વિશ્વ વિજેતા બનેલી બૉક્સરોમાં જૈસમીન નવમી અને મીનાક્ષી દસમી છે.

મીનાક્ષી હૂડાએ ફાઇનલમાં કઝાખસ્તાનની નૅઝીમ કીઝબેઇબેને ૪-૧થી હરાવીને ગોલ્ડ મેડલ જીતવાની સાથે ટાઇટલ હાંસલ કરી લીધું હતું. એ પહેલાં, જૈસમીને પૅરિસ ઑલિમ્પિક્સની સિલ્વર-મેડલિસ્ટ પોલૅન્ડની જુલિયા ઝેરેમેટાને ૪-૧થી પરાજિત કરીને સુવર્ણ ચંદ્રક પર કબજો જમાવ્યો હતો.

જૈસમીન અને મીનાક્ષીની પહેલાં ભારતની આઠ બૉક્સર પોતપોતાના વર્ગમાં ફાઇનલ જીતીને વર્લ્ડ ચૅમ્પિયન બની હતી. એમાં મૅરી કૉમનું નામ મોખરે છે. તે છ વખત વર્લ્ડ ચૅમ્પિયન બની હતી. નિખત ઝરીન બે વખત તેમ જ સરિતા દેવી, જેની આર. એલ., લેખા કે. સી., નીતુ ઘંઘાસ, લવલીના બોર્ગોહેઇન અને સ્વીટી બૂરા એક-એક વખત વિશ્વ વિજેતા બની હતી.



જૈસમીન લૅમ્બોરિયા



મીનાક્ષી હૂડા

લિવરપુલની આ જ વિશ્વ સ્પર્ધામાં ભારતની બીજી બે બૉક્સર પણ ચંદ્રક જીતી છે. નુપુર શેઓરને ૮૦-પ્લસ કિલોગ્રામ વર્ગમાં સિલ્વર મેડલ અને પૂજા રાનીએ ૮૦ કિલો વર્ગમાં બ્રૉન્ઝ મેડલ મેળવ્યો હતો. ભારતની આ વખતની ગોલ્ડન ગર્લ્સમાંથી જૈસમીને પરિવારની પરંપરા જાળવી છે. તેના બે કાકા સંદીપ તથા પરવિન્દર ભૂતપૂર્વ રાષ્ટ્રીય વિજેતા છે. તેઓ આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં પણ ભાગ લઈ ચૂક્યા હતા. જૈસમીન ભારતના બૉક્સિંગ-લેજન્ડ હવા સિંહની પણ દૂરની સંબંધી છે. જૈસમીને તેના બૉક્સર-કાકાની પ્રેરણાથી જ મુક્કાબાજીની તાલીમ લીધી હતી અને વર્લ્ડ ચૅમ્પિયન બનવા સુધીની સર્વોચ્ચ શિખર સુધી પહોંચી છે. મીનાક્ષી હરિયાણાની છે અને તેના પિતા આ રાજ્યના રુડકી ગામમાં ઑટો રિક્ષા ચલાવે છે. મીનાક્ષી પરિવારની ગરીબાઈ વચ્ચે ખૂબ સંઘર્ષ કરીને બૉક્સિંગમાં ઉચ્ચ-સ્તર સુધી પહોંચી છે. ■

# ભારતના કુશારેએ વર્લ્ડ ઍથ્લેટિક્સમાં રચ્યો ઈતિહાસ

ટોક્યોઃ ભારતનો સર્વેશ કુશારે વર્લ્ડ ઍથ્લેટિક્સની હાઈ જમ્પની ફાઇનલમાં પહોંચનારો પ્રથમ ભારતીય ઍથ્લીટ બન્યો છે. તેણે ક્વૉલિફિકેશન રાઉન્ડમાં ૨.૨૫ મીટર ઊંચો કૂદકો મારીને આ સફળતા મેળવી હતી. જોકે આ સ્પર્ધાની ૧૦,૦૦૦ મીટર રેસમાં ભારતનો ગુલવીર સિંહ ૧૬મા સ્થાને રહ્યો હતો.

# અભિષેક સહિત ચાર ક્રિકેટર ઑસ્ટ્રેલિયા ‘એ’ સામે રમશે

નવી દિલ્હીઃ યુએઇનો એશિયા કપ ૨૮મી સપ્ટેમ્બરે પૂરો થશે અને ૩૦મી સપ્ટેમ્બરે કાનપુરમાં ઑસ્ટ્રેલિયા ‘એ’ વિરુદ્ધ ત્રણ વન-ડે રમાશે. એ સિરીઝની બીજી તથા ત્રીજી મૅચ માટેની ઇન્ડિયા ‘એ’ ટીમમાં અભિષેક શર્મા, અર્શદીપ સિંહ, તિલક વર્મા તેમ જ હર્ષિત રાણાનો સમાવેશ કરવામાં આવ્યો હોવાની બીસીસીઆઇએ જાહેરાત કરી છે.

રજત પાટીદાર ઑસ્ટ્રેલિયા ‘એ’ સામેની પ્રથમ વન-ડેમાં સુકાન સંભાળશે, જ્યારે છેલ્લી બે મૅચની કૅપ્ટન્સી તિલક વર્માને સોંપાઈ છે. ■

# ભારતનો અમન વર્લ્ડ રેસલિંગમાં ગેરલાયક ઠર્યો

ઝાગ્રેબઃ ક્રોએશિયામાં ચાલી રહેલી વર્લ્ડ રેસલિંગમાં ભારતને રવિવારે મોટા આંચકા સહન કરવા પડ્યા હતા.

પૅરિસ ઑલિમ્પિક્સમાં બ્રૉન્ઝ મેડલ જીતનાર કુસ્તીબાજ અમન સેહરાવતને ક્રોએશિયાની વિશ્વ સ્પર્ધામાં ૫૭ કિલો વર્ગમાં વધુ વજનને કારણે ગેરલાયક જાહેર કરવામાં આવ્યો હતો.

તેનું વજન નિર્ધારીત કૅટેગરીમાં ૧.૭ કિલો વધુ હોવાનું જણાયું હતું.

દરમ્યાન દીપક પુનિયા, વિકાસ અને અમિત પોતપોતાની કૅટેગરીમાં હારી જતાં સ્પર્ધાની બહાર થઈ ગયા હતા. ■

# શૅરબજારમાં ત્રણ મહિનાનો સૌથી મોટો સાપ્તાહિક ઉછાળો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ અત્યંત અણધારી પરિસ્થિતિમાંથી પસાર થઇ રહેલા શેર બજારે સમીક્ષા હેઠળના પાછલા સપ્તાહે, લગભગ ત્રણ મહિનામાં સૌથી મોટો સાપ્તાહિક ઉછાળો નોંધાવ્યો હતો. જોકે, આ તરફ વિદેશી હૂંડિયામણ બજારમાં ડોલર સામે રૂપિયો નવી નીચી સપાટીએ પહોંચ્યો હતો. સતત બીજા સપ્તાહમાં બજારમાં રેન્જબાઉન્ડ પ્રવૃત્તિ સાથે વિવિધ શેરઆંકોમાં સકારાત્મક વલણ જોવા મળ્યું. ભારત અને અમેરિકા વેપાર તણાવ ઓછો થવાની આશા, ફેડરલ રિઝર્વ દ્વારા દર ઘટાડાની અપેક્ષા અને યુરોપિયન સંઘ ભારતના રશિયન તેલ આયાત પર યુએસ ટેરિફ દરખાસ્તોને નકારી શકે તેવા અહેવાલો પર લગભગ ત્રણ મહિનામાં સૌથી મોટો સપ્તાહિક ઉછાળો નોંધાવ્યો હતો.

સમીક્ષા હેઠળના પાછલા સપ્તાહમાં એનએસઇનો બેન્ચમાર્ક નિફ્ટી ઇન્ડેક્સ ૩૭૩ પોઈન્ટ અથવા ૧.૫૦ ટકા વધીને ૨૫,૧૧૪ પોઇન્ટની સપાટી પર બંધ થયો હતો, જ્યારે બીએસઇ સેન્સેક્સ ઇન્ડેક્સ ૧૧૯૩.૯૪ પોઈન્ટ અથવા ૧.૪૭ ટકા વધીને ૮૧,૯૦૪.૭૦ પોઇન્ટ પર બંધ થયો હતો. ગુજરાત ફ્લોરોકેમિકલ્સ, માઝાગોન ડોક શિપબિલ્ડર્સ, ઓરેકલ ફાઇનાન્શિયલ સર્વિસીસ સોફ્ટવેર, ટ્યુબ ઇન્વેસ્ટમેન્ટ્સ ઓફ ઇન્ડિયા, ભારત હેવી ઇલેક્ટ્રિકલ્સ, ભારત ફોર્જ, એનએચપીસીની આગેવાની હેઠળ ઇજીઇ મિડ-કેપ ઇન્ડેક્સ ૧.૬ ટકા ઉછળ્યો. જ્યારે વારી એનર્જી, સંવર્ધન મધરસન ઇન્ટરનેશનલ, અદાણી એનર્જી સોલ્યુશન્સ, એસબીઆઇ કાર્ડ્સ અને પેમેન્ટ સર્વિસીસ, હિન્દુસ્તાન એરોનોટિક્સ, ભારત ઇલેક્ટ્રોનિક્સ, ઇન્ડસ ટાવર્સ દ્વારા સમર્થિત લાર્જ-કેપ ઇન્ડેક્સમાં ૧.૬ ટકાનો વધારો થયો.

સ્મોલ-કેપ ઇન્ડેક્સમાં ૧.૫ ટકાનો વધારો થયો જેમાં સિગાચી ઇન્ડસ્ટ્રીઝ, ફેઝ થ્રી, પ્રિસિઝન કેમશાફ્ટ્સ, જખજ ફાર્માસ્યૂટિકલ્સ, થેમિસ મેડિકેર, ઇન્ડો કાઉન્ટ ઇન્ડસ્ટ્રીઝ, એમટીએઆર ટેક્નોલોજીસ, આઇઓએલ કેમિકલ્સ એન્ડ ફાર્માસ્યુટિકલ્સ, પ્રાઇમ ફોકસ, નવી દિલ્હી ટેલિવિઝન, ઇન્ડિયા ટુરિઝમ ડેવલપમેન્ટ કોર્પોરેશન, સ્વેલેક્ટ એનર્જી સિસ્ટમ્સ, ગ્રીનપેનલ ઇન્ડસ્ટ્રીઝ, દિલીપ બિલ્ડકોન, ગરવેર હાઇ-ટેક ફિલ્મ્સ, જેબીએમ ઓટો, રામકો ઇન્ડસ્ટ્રીઝ, સાલાસર ટેક્નો એન્જિનિયરિંગ ૧૫-૩૬ ટકા વધ્યા હતા. બીજી તરફ, કેઆર રેલ એન્જિનિયરિંગ, પરાદીપ ફોસ્ફેટ્સ, ગુડ લક ઇન્ડિયા, રિલાયન્સ ઇન્ફ્રાસ્ટ્રક્ચર, વિમતા લેબ્સ, ઋષભ ઇન્સ્ટ્રુમેન્ટ્સ, કારટ્રેડ ટેક ૧૦-૧૬ ટકા વચ્ચે ઘટ્યા હતા.

નિફ્ટી કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ (૧ ટકા નીચે) સિવાય, અન્ય તમામ સૂચકાંકો લીલા નિશાનમાં બંધ થયા, જેમાં નિફ્ટી ડિફેન્સ ઇન્ડેક્સ સાત ટકા વધ્યો, નિફ્ટી આઇટી ઇન્ડેક્સ ચાર ટકાથી વધુ વધ્યો, નિફ્ટી પીએસયુ બેંક ઇન્ડેક્સ ત્રણ ટકા વધ્યો, જ્યારે નિફ્ટી ઓટો, મેટલ, ફાર્મા દરેક બે ટકા વધ્યા હતા. સપ્તાહ દરમિયાન, બજાજ ફાઇનાન્સે બજાર મૂલ્યની દ્રષ્ટિએ સૌથી વધુ વધારો કર્યો હતો, ત્યારબાદ ઇન્ફોસિસ, ટાટા કન્સલ્ટન્સી સર્વિસિસ, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝનો ક્રમ આવે છે. બીજી તરફ, ટ્રેન્ટ, હિન્દુસ્તાન યુનિલિવર, ટાઇટન કંપનીએ તેમના માર્કેટ-કેપમાં સૌથી વધુ ઘટાડો કર્યો.

પ્રાઇમરી માર્કેટમાં ધગલોબંધ આઇપીઓ આવી રહ્યા છે અને કેટલાક જાયન્ટ કંપનીના મેગા ઇશ્યુનો માર્ગ સરળ બનાવવા માટે માર્કેટ રેગ્યુલેટરે આઇપીઓને લગતા કેટલાક ધારાધોરણો હળવા બનાવ્યા છે. આગામી સમયમાં રિલાયન્સ જિઓ, ટાટા જૂથ અને એલજી ઇલેક્ટ્રોનિક્સ સહિતના મેગા ઇશ્યઈ આવી રહ્યા છે. દરમિયાન, અર્બન કંપનીનો આઇપીઓમાં ૪૪.૮૦ લાખ અરજી મળી છે અને તે ૧૦૩ ગણો ભરાયો છે.

રાજ્યભરના કોચિંગ ક્લાસ માલિકોનું પ્રતિનિધિત્વ કરતી નોન પ્રોફિટ મેકિંગ એન્ટીટી, મહારાષ્ટ્ર ક્લાસ ઓનર્સ એસોસિએશને શિક્ષક દિવસની ઉજવણી નિમિત્તે મહા મોક ટેસ્ટની જાહેરાત હતી, જે એમએચ સીઇટી અને જેઇઇના પરિક્ષાર્થીઓ માટે આયોજિત થનારી ભારતની પ્રથમ રાજ્યવ્યાપી મોક ટેસ્ટ બનશે. એસોસિએશનના સહયાગે સાથે સીબીએસ અને પ્રોમેટ્રિક સાથે મળીને ક્લાસી ઇનોવેશન્સ દ્વારા શરૂ કરાયેલી આ પહેલ હેઠળ, વિદ્યાર્થીઓ જેઇઇ અને સીઇટીની તૈયારી માટે એક સિમ્યુલેટેડ પરીક્ષાનો અનુભવ મેળવશે. ■

# હાઉસિંગ પ્રોજેક્ટ્સમાં ₹ ૧૦ લાખ કરોડની મૂડી સલવાઇ

મુંબઈ : અટકી પડેલા હાઉસિંગ પ્રોજેક્ટસને કારણે દેશમાં અંદાજે રૂપિયા ૧૦ લાખ કરોડની મૂડી અટવાઈ પડી છે જેને કારણે જે લોકોએ આ પ્રોજેક્ટોમાં રહેઠાણ માટે નોંધણી કરાવી છે અને જે ધિરાણદારોએ સદર પ્રોજેક્ટસને લોન પૂરી પાડી છે, તેમના નાણાં હાલ પૂરતુ જોખમમાં મુકાઈ ગયા હોવાનું એક રિપોર્ટમાં જણાવાયું છે.

દેશના પંદર જેટલા શહેરોમાં ૪.૩૨ લાખ રહેઠાણોને આવરી લેતા ૧૬૨૫ રેસિડેન્સિઅલ પ્રોજેક્ટસ હાલમાં અટકી પડયા છે. આ રહેઠાણોની સરેરાશ કિંમત રૂપિયા ૨.૫૦ કરોડ ગણીએ તો ૪.૩૨ લાખ રહેઠાણો પાછળ રૂપિયા ૧૦.૮૦ લાખ કરોડની મૂડી અટવાઈ ગઈ હોવાનો રિપોર્ટમાં દાવો કરાયો છે.

જો આ સંપૂર્ણ પ્રોજેક્ટસ લોન લઈને ઊભા કરાયા હશે તો વાર્ષિક નવ ટકાના દરે રૂપિયા ૧૦.૮૦ લાખ કરોડ પર અંદાજે રૂપિયા ૯૭૦૦૦ કરોડનો વ્યાજબોજ આવી શકે છે. જે લોકોએ આ અટકી પડેલા પ્રોજેક્ટસમાં લોન લઈને રહેઠાણ નોંધાવ્યા છે તેમને મહિને વ્યાજ સહિતના હપ્તાનો મોટો માર પડી રહ્યો છે. અસંખ્ય લોકો તો ભાડાંના ઘરમાં રહે છે, માટે તેમની ચિંતા બમણી રહે છે.

પ્રોજેક્ટસ અટકી પડતા વિકાસકોને કેશ ફ્લો પણ અવરોધાયો છે. અત્રે ઉલ્લેખનિય છે કે ચીન હાલમાં પ્રોપર્ટી માર્કેટની કટોકટીમાંથી પસાર થઈ રહ્યું છે અને અસંખ્ય રહેઠાણોના ત્યાં કોઈ લેવાલ નહીં હોવાનું તાજેતરના એક અહેવાલમાં જણાવાયું હતું. ■

# ઇન્ફોસિસના ₹૧૮,૦૦૦ કરોડના બાયબેક કાર્યક્રમ પાછળનું કારણ શું છે?

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ આઇટી સેક્ટરમાં અમેરિકા સાથેની તંગદીલી અને ટેરિફ વોરના વાતાવરણમાં જ્યારે ગભરાટ અને મંદી જેવો માહોલ ચાલી રહ્યો છે, ત્યારે ઇન્ફોસિસના શેરમાં શુક્રવારે એકાએક બે ટકાથી મોટો ઉછાળો નોંધાયો હતો. પાછળથી પ્રોફિટ બુકિંગને કારણે આ સુધારો થોડો ધોવાયો હતો, પરંતુ તેમ છતાં પાછલા બંધ સામે દોઢ ટકાથી ઊંચી સપાટીએ જ રહ્યો હતો.

ટ્રમ્પે શરૂ કરેલી ટેરિફ વોર અને ખાસ કરીને ભારત સામે લીધેલા આકરાં પગલાને કારણે ખાસ કરીને આઇટી સેક્ટરને ફટકો પડવાની ભીતિ વચ્ચે આઇટી શેરો ધવાઇ રહ્યાં છે ત્યારે ઇન્ફોસિસની ઉપરોક્ત જાહેરાતને પગલે તેના શેરમાં ઉછાળો જોવા મળ્યો હતો. નોંધવું રહ્યું કે, ૨૦૨૨ પછી ઇન્ફોસિસ દ્વારા જાહેર કરાયેલા શેરનું આ પહેલું બાયબેક છે, જ્યારે કંપનીએ ૯,૩૦૦ કરોડ રૂપિયાના બાયબેક પ્રસ્તાવ પર સંમતિ આપી હતી.

વાસ્તવમાં ભારતની બીજી સૌથી મોટી આઇટી કંપનીના બોર્ડ દ્વારા રૂ. ૧૮,૦૦૦ કરોડના શેર બાયબેક પ્રસ્તાવને મંજૂરી અપાયા બાદ ૧૨ સપ્ટેમ્બરના રોજ ઇન્ફોસિસના શેરમાં બે ટકાથી વધુનો ઉછાળો આવ્યો હતો, જે બજારના સાધનો અનુસાર અત્યાર સુધીનો સૌથી મોટો ઉછાળો છે.

રોકાણકારોની અપેક્ષા કરતાં વધુ શેર બાયબેક્ની જાહેરાતને પગલે સત્રની શરૂઆતના કલાકોમાં શેર ૨.૩૨ ટકા ઉછળીને રૂ. ૧,૫૪૪.૬૫ પ્રતિ શેર બોલાયો હતો, જ્યારે એનએસઇ પર ૨.૧૯ ટકાના ઉછાળે રૂ. ૧૫૪૨.૯૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ૧૧ સપ્ટેમ્બરના બજાર પછીના કલાકોમાં જારી કરાયેલ એક્સચેન્જ ફાઇલિંગમાં, ઇન્ફોસિસે જાહેરાત કરી હતી કે શેર બાયબેક કાર્યક્રમ કુલ પેઇડ-અપ મૂડીના ૨૫ ટકાથી વધુ નથી અને કંપનીના ૨.૪૧ ટકા હિસ્સો ધરાવે છે. બાયબેક ભાવ પ્રતિ શેર રૂ. ૧,૮૦૦ નક્કી કરવામાં આવ્યો છે.

ઇન્ફોસિસ દ્વારા ૨૦૨૨ પછી શેર બાયબેકની જાહેરાત કરાયેલી આ પહેલી શેરની પરત ખરીદીનો કાર્યક્રમ જાહેર થયો છે. ૨૦૨૨માં કંપની રૂ. ૯,૩૦૦ કરોડના બાયબેક પ્રસ્તાવ પર સંમત થઈ હતી. નવીનતમ બાયબેક કાર્યક્રમ માટેની રેકોર્ડ તારીખ હજુ જાહેર કરવામાં આવી નથી. ઇન્ફોસિસે એક્સચેન્જ ફાઇલિંગમાં જણાવ્યું હતું કે ટેન્ડર ઓફર બાયબેક માટે ભારતીય અને યુ.એસ. કાયદાઓ વચ્ચે વિરોધાભાસી નિયમનકારી આવશ્યકતાઓને કારણે આ નિર્ણય લેવાયો છે. શેર બાયબેકના પરિણામે તેને યુએસ એસઈસી તરફથી કેટલીક મુક્તિ રાહત મળશે. શેર બાયબેક એ એક એવો કાર્યક્રમ છે જેમાં કંપની હાલના શેરધારકો પાસેથી તેના કેટલાક શેર પાછા ખરીદે છે. રૂ. ૧,૮૦૦ પ્રતિ શેરનો બાયબેક ભાવ શેરના અગાઉના રૂ. ૧,૫૦૯.૭૦ પ્રતિ શેરના બંધ ભાવ કરતાં ૧૯ ટકાથી વધુ વધારે છે. ■

# સેબીએ મેગા આઇપીઓના નિયમો હળવા બનાવ્યા

મુંબઇઃ માર્કેટ રેગ્યુલેટર ધી સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા (સેબી)એ મહત્ત્વના ફેરફારોમાં વિદેશી રોકાણકારોનો પ્રવેશ સરળ બનાવવા સાથે ખૂબ જ મોટી કંપનીઓ માટે આઇપીઓના નિયમો હળવા બનાવ્યા છે. બજાર નિયામકના બોર્ડે તેની બોર્ડ મીટિંગમાં અનેક સુધારાઓને મંજૂરી આપી છે, જેમાં સેબીએ સિંગલ વિન્ડો એક્સેસની રજૂઆત સાથે ઓછા જોખમ ધરાવતા વિદેશી રોકાણકારો માટે ભારતીય સિક્યોરિટીઝ માર્કેટમાં ભાગ લેવાનું સરળ બનાવવાના પ્રસ્તાવને મંજૂરી આપી છે. માર્કેટ રેગ્યુલેટરના ચીફ તરીકે પહેલી માર્ચે હોદ્દો સંભાળ્યા બાદ તૂહીન કાન્તા પાંડેની અધ્યક્ષતા હેઠળની આ ત્રીજી બોર્ડ મીટીંગ હતી. સુધારણાં હેઠળ બહુ મોટા કદની કંપનીઓ માટે લઘુત્તમ આઇપીઓની આવશ્યકતા હળવી બનાવવામાં આવી છે. આ ઉપરાંત ઉક્ત શ્રેણીમાં આવનારી કંપની માટે લઘુત્તમ પબ્લિક શેરહોલ્ડિંગની શરત પૂરી કરવા માટેની શરત પણ હળવી બનાવી છે.

સેબીએ જાહેર શેરહોલ્ડિંગના ધોરણો અંગેના મુખ્ય પ્રસ્તાવોને મંજૂરી આપી છે. લિસ્ટિંગ પછી જો કંપનીઓનું બજાર મૂડીકરણ પાંચ ટ્રિલિયન રૂપિયા (૫૬.૬૫ બિલિયન ડોલર)થી વધુ હોય તો કંપનીઓ હવે તેમના આઇપીઓમાં તેમની ભરપાઈ કરેલી શેર મૂડીના ઓછામાં ઓછા ૨.૫૦ ટકા વેચી શકે છે.

મોટી કંપનીઓ માટે સેબીએ નાના આઇપીઓ કદને મંજૂરી આપી છે. ભારતીય સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડે ભંડોળ ઊભું કરવાની સુવિધા માટે લિસ્ટિંગ કરવા માગતી મોટી કંપનીઓએ વેચવા પડે તેવા શેરનું પ્રમાણ પણ ઘટાડ્યું છે. તેણે મોટી કંપનીઓ માટે પોસ્ટ-ઇશ્યૂ માર્કેટ કેપના ૨.૫૦ ટકા પ્રતિ આઇપીઓ મંજૂર કર્યા છે અને ૧૦ વર્ષ સુધીની મોટી કંપનીઓને ૨૫ ટકા પબ્લિક ફ્લોટ જરૂરિયાત પૂરી કરવાની મંજૂરી આપી છે. ■

# રૂપિયો નવી નીચી સપાટીએ

મુંબઇઃ અમેરિકન ચલણ સામે રૂપિયો નવા નીચા સ્તરે પહોંચ્યો છે. વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ સતત ૧૧મા સપ્તાહમાં તેમની વચવાલીમાં વધારો કર્યો૪ હતો. એફઆઇઆઇએ સપ્તાહ દરમિયાન રૂ. ૩,૫૭૭.૩૭ કરોડના ઇક્વિટી વેચ્યા હતા. બીજી તરફ, સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (ડીઆઇઆઇ)એ સતત બાવીસમાં સપ્તાહમાં તેમની ખરીદી ચાલુ રાખી હતી અને રૂ. ૧૩,૭૦૩.૨૩ કરોડના ઇક્વિટી ખરીદ્યા હતા. ભારતીય રૂપિયો યુએસ ડોલર સામે ૮૮.૪૫ ના નવા રેકોર્ડ નીચા સ્તરે પહોંચ્યો છે. ૧૨ સપ્ટેમ્બરના રોજ ભારતીય રૂપિયો ૮૮.૨૭ પ્રતિ ડોલર પર સ્થિર રહ્યો, જે પાંચમી સપ્ટેમ્બરના રોજ ૮૮.૨૬ની સપાટીએ બંધ હતો. સપ્તાહ દરમિયાન ભારતીય રૂપિયો ૮૭.૯૫-૮૮.૪૫ની રેન્જમાં ટ્રેડ થઈ રહ્યો હતો. ■

# જીએસટીમાં રાહત બાદ સરકાર નિકાસ પ્રોત્સાહન પેકેજ લાવવાની તૈયારીમાં

મુંબઇઃ જીએસટીમાં સામાન્ય લોકોને રાહત આપ્યા બાદ હવે મોદી સરકાર આંતરરાષ્ટ્રીય વેપાર સાથે જોડાયેલા મુદ્દા પર મોટું પગલું લેવાની તૈયારીમાં છે. સરકારી સૂત્રો અનુસાર, કેન્દ્ર સરકાર ટૂંકસમયમાં અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા લાદવામાં આવેલા ટેરિફથી પ્રભાવિત નિકાસકારો માટે ખાસ રાહત પેકેજની જાહેરાત કરશે. અમેરિકા દ્વારા લાદવામાં આવેલા ૫૦ ટકા સુધીના ટેરિફે ભારતીય ટેક્સટાઇલ, જેમ્સ એન્ડ જ્વેલરીના નિકાસકારો સામે ગંભીર પડકારો ઊભા કર્યા છે.

આ સિવાય ચામડું, ફૂટવેર, કેમિકલ, એન્જિનિયરિંગ પ્રોડક્ટ્સ, કૃષિ અને દરિયાઈ નિકાસ સંબંધિત ઉદ્યોગો પર પણ અસર થઈ છે. આ ઉદ્યોગ સાથે જોડાયેલા નિકાસકારોએ થઈ રહેલા નુકસાનની ભરપાઈ માટે કેન્દ્ર સરકાર સમક્ષ માગ કરી હતી. જેને ધ્યાનમાં લેતાં રાહત પેકેજ આપવા વિચારણા થઈ રહી છે.

સરકારી સાધનો અનુસાર, પ્રસ્તાવિત યોજનામાં નાના અને મધ્યમ નિકાસકારોની લિક્વિડિટીની સમસ્યા દૂર કરવા, કાર્યકારી મૂડી બોજો ઘટાડવા, તેમજ સૌથી મહત્ત્વનું નોકરીઓ સુરક્ષિત રાખવા સામેલ થશે. જ્યાં સુધી નિકાસકારો માટે નવા બજારની શોધ ન થાય ત્યાં સુધી ઉત્પાદન ચાલુ રાખવામાં કોઈ અડચણ ન નડે તે હેતુ સાથે આ રાહત પેકેજ જાહેર કરવામાં આવશે.

સાધનોએ જણાવ્યું કે, આ પેકેજ કોવિડ-૧૯ મહામારી દરમિયાન એમએસએમઇ સેક્ટરને આપવામાં આવેલા રૂ. ૨૦ લાખ કરોડના રાહત પેકેજની તર્જ પર તૈયાર કરવામાં આવી રહ્યું છે. તે સમયે જે રીતે આ રાહત પેકેજ ઉદ્યોગો માટે આશીર્વાદ સમાન રહ્યું હતું.

આ પગલાંથી નિકાસકારોને મુશ્કેલીના દોરમાંથી બહાર નીકળવામાં મદદરૂપ થઈ હતી. વધુમાં સરકાર એક્સપોર્ટ પ્રમોશન મિશન પર પણ કામ કરી રહી છે. જેની જાહેરાત આ વર્ષના કેન્દ્રીય બજેટમાં થઈ હતી. આ મિશનનો હેતુ ભારતના નિકાસ બજારને વૈશ્વિક સ્તરે હરીફાઈ માટે મજબૂત બનાવવા તેમજ નવા બજારોમાં ભારતીય પ્રોડક્ટ્સની ઉપલબ્ધતા વધારવાનો છે.

જીએસટી કાઉન્સિલની ૫૬મી બેઠકમાં લોકોને મોટી રાહત આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. દેશમાં હવે જીએસટીના માત્ર બે સ્લેબ લાગુ રહેશે. જે પાંચ ટકા અને ૧૮ ટકા રહેશે. હાનિકારક અને લકઝરી પ્રોડક્ટ્સ માટે એક અલગ ૪૦ ટકાનો સ્લેબ બનાવવામાં આવ્યો છે. જીએસટીમાં આ નવા સુધારા ૨૨ સપ્ટેમ્બરથી લાગુ થશે. ■

# એમએસસીઆઇ ઇમર્જિંગ માર્કેટ ઇન્ડેક્સમાં ભારતનું વેઇટેજ બે વર્ષના નીચલા સ્તરે પહોંચ્યું

નવી દિલ્હીઃ એમએસસીઆઇ ઊભરતા બજારોના સૂચકાંકમાં ભારતનું ભારણ લગભગ બે વર્ષના નીચલા સ્તરે પહોંચી ગયું છે. જે સ્થાનિક શેરોના નબળા પ્રદર્શનને કારણે છે, જેના કારણે વૈશ્વિક રોકાણકારો દ્વારા વ્યાપકપણે ટ્રેક કરવામાં આવતા બેન્ચમાર્કમાં તેની સ્થિતિ નબળી પડી છે. ઓગસ્ટના અંતમાં ભારતનો હિસ્સો ૧૬.૨૧ ટકા હતો, જે નવેમ્બર ૨૦૨૩ પછીનો સૌથી નીચો છે. જે જુલાઈ ૨૦૨૪માં તેના ૨૦ ટકાના ઉચ્ચતમ સ્તરથી તીવ્ર ઘટાડો દર્શાવે છે. તે સમયે તે ઇન્ડેક્સમાં સૌથી મોટા વેઈટેજ ધરાવતા ચીનથી માત્ર ૪.૫ ટકા દૂર હતું. તાઇવાન પછી ભારત એક સ્થાન નીચે આવીને ત્રીજા સ્થાને પહોંચી ગયું છે.

એમએસસીઆઇ ઇએમ ઇન્વેસ્ટેબલ માર્કેટ્સ ઇન્ડેક્સમાં પણ આ જ વલણ જોવા મળી રહ્યું છે. ગયા ઓગસ્ટમાં ટોચનું સ્થાન પાછું મેળવ્યા પછી, ભારત હવે ત્રીજા સ્થાને સરકી ગયું છે અને તેનું વજન એક વર્ષ પહેલાના ૨૨.૩ ટકાથી ઘટીને ૧૭.૪૭ ટકા થઈ ગયું છે.

આ ઘટાડો એક વર્ષના પ્રમાણમાં નબળા પ્રદર્શન પછી આવ્યો છે. છેલ્લા ૧૨ મહિનામાં એમએસસીઆઇ ઇએમ ઇન્ડેક્સ ૧૬ ટકા વધ્યો છે, જ્યારે ભારતનો બેન્ચમાર્ક નિફ્ટી ૫૦.૨ ટકા ઘટયો છે. નિષ્ણાંતોના જણાવ્યા અનુસાર, એમએસસીઆઇ ઇએમ ઇન્ડેક્સમાં ભારતનું પ્રતિનિધિત્વ વધતું હોવા છતાં આ ઘટાડો આવ્યો છે.

જુલાઈ ૨૦૨૪માં તે ૧૪૬ કંપનીઓથી વધીને ૧૬૦ થઈ ગયો છે. તેમણે કહ્યું કે, આ ઘટાડો મુખ્યત્વે ચીનમાં ભારે તેજીને કારણે થયો હતો. તેજીએ તેના ફ્રી-ફ્લોટ માર્કેટ કેપિટલાઇઝેશનમાં વધારો કર્યો હતો જ્યારે ભારતીય આગેવાન શેરોનું પ્રદર્શન સ્થિર અથવા નબળું રહ્યું હતું.

નિષ્ણાંતોને એવી અપેક્ષા છે કે ભારતનો હિસ્સો ધીમે ધીમે વધશે અને આવતા વર્ષ સુધીમાં તે લગભગ ૧૭૦ કંપનીઓ દ્વારા રજૂ થઈ શકે છે. તેમણે કહ્યું, પરંતુ જો ચીનમાં કોઈ નોંધપાત્ર ઘટાડો નહીં થાય, તો ભારતને ૨૦ ટકા હિસ્સો પાર કરવામાં વધુ સમય લાગી શકે છે.

એમએસસીઆઇ ઇએમ ઇન્ડેક્સમાં ઓછું વેઈટેજ, જે ૭૦૦ બિલિયન ડોલરથી વધુ સંપત્તિ ધરાવતા વૈશ્વિક ભંડોળ દ્વારા ટ્રેક કરવામાં આવે છે, તે સામાન્ય રીતે ભારતના રોકાણમાં ઘટાડો તરફ દોરી જાય છે. વેઈટેજમાં ઘટાડા ઉપરાંત, નબળી કમાણી, ધીમી વૃદ્ધિ અને ઉચ્ચ યુએસ ટેરિફ જેવા પડકારો વચ્ચે ભારત સક્રિય ફંડ મેનેજરોની યાદીમાંથી પણ બહાર નીકળી ગયું છે. મોર્ગન સ્ટેનલીએ એક નોંધમાં જણાવ્યું હતું કે વૈશ્વિક ઇએમ ફંડ્સમાં ભારતનું વેઈટેજ એમએસસીઆઇ ઇએમ ભારાંકની તુલનામાં અત્યાર સુધીનું સૌથી નીચું છે. ■

# ઇજનેરી નિકાસને આઠ અબજ ડૉલરનો ફટકો પડશે

## સ્ટીલ અને એલ્યુમિનિયમ ઉત્પાદનોની નિકાસમાં લગભગ ૨૦ ટકા ઘટાડો થવાની ધારણા

નવી દિલ્હી : ભારતની યુએસમાં એન્જિનિયરિંગ નિકાસમાં ૭.૫ થી ૮ બિલિયન ડોલરનો ઘટાડો થવાનો અંદાજ છે કારણ કે આ ક્ષેત્રની સમગ્ર પ્રોડક્ટ બાસ્કેટ હવે પચાસ ટકા ટેરિફનો સામનો કરી રહી છે, જેના કારણે સરકારી સહાયની તાત્કાલિક જરૂર છે. ટેરિફના કારણે આ ક્ષેત્રે વ્યવસાય પચાસ ટકા ઘટી ગયો છે. બીજીતરફ સંપૂર્ણ ટેરિફ અસર અમલમાં આવે તે પહેલાં નિકાસને ફ્રન્ટલોડિંગ કર્યા પછી, નવા ઓર્ડર આવી રહ્યા ના હોવાની માહિતી એન્જિનિયરિંગ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલે આપી હતી.

૨૦૨૪-૨૫માં, અમેરિકામાં એન્જિનિયરિંગ નિકાસ વીસ બિલિયન ડોલર હતી. આમાંથી, પાંચ બિલિયન ડોલરની સ્ટીલ, એલ્યુમિનિયમ અને સંબંધિત ઉત્પાદનોનો સમાવેશ થાય છે, ૨.૬ બિલિયન ડોલર ઓટો સેક્ટરની નિકાસમાંથી આવ્યા હતા, જ્યારે બાકીના ૧૨.૫ બિલિયન ડોલરમાં અન્ય એન્જિનિયરિંગ માલનો સમાવેશ થાય છે.

આ ક્ષેત્ર ભારતનો વેપારી નિકાસમાં સૌથી મહત્વપૂર્ણ ફાળો આપનાર છે. સ્ટીલ અને એલ્યુમિનિયમ ઉત્પાદનોની નિકાસમાં લગભગ વીસ ટકા ઘટાડો થવાની ધારણા છે, જ્યારે ઓટો ક્ષેત્રની નિકાસમાં ૦.૫ બિલિયન ડોલરનો ઘટાડો થવાની સંભાવના છે.

આ ઘટાડો પ્રમાણમાં સાધારણ છે કારણ કે વૈશ્વિક સ્પર્ધકો સમાન ટેરિફ સ્તરનો સામનો કરે છે. જુલાઈ ટેરિફ સમયમર્યાદા પહેલા જ્યારે બેઝલાઇન ટેરિફ હજુ પણ દસ ટકા પર હતી, ત્યારે નિકાસકારોએ શક્ય તેટલી વધુ શિપમેન્ટ અમેરિકા રવાના કરી દીધી હતી. પરિણામે, ભારતની એકંદર એન્જિનિયરિંગ નિકાસ એપ્રિલ-જુલાઈમાં વાર્ષિક ધોરણે ૬.૦૮ ટકા વધીને ૩૯.૩૪ બિલિયન ડોલર થઈ હતી.

આ જ સમયગાળા દરમિયાન અમેરિકામાં નિકાસ ૧૨.૬૦ ટકા વધીને ૬.૯૫ અબજ ડોલર થઈ હતી, જેમાં ફક્ત જુલાઈમાં ૧૯.૨૦ ટકા વધીને ૧.૮૧ અબજ ડોલર થઈ હતી. ટેરિફના ભય વચ્ચે, ઔદ્યોગિક મશીનરી અમેરિકામાં સૌથી મોટી નિકાસ હતી, જે એપ્રિલ-જુલાઈમાં ૧૭ ટકા વધીને ૧.૫૭ અબજ ડોલર થઈ હતી. ■

# શૅરબજારમાં અનિયમિત અફડાતફડીમાં હવે થીમેટિક વ્યૂહરચનાનો ટ્રેન્ડ

મુંબઈઃ ફેશન, ફૂડ, ટ્રાવેલ કે સંસ્કૃતિમાં ટ્રેન્ડ્સ બધે જ છે. રોકાણની દુનિયા પણ અલગ નથી. જેમ જીવનશૈલીના ટ્રેન્ડ્સ સ્ટાઇલમાં આવતાજતા રહે છે, એવું જ રોકાણના ટ્રેન્ડ્સમાં પણ હોય છે, વિકસિત થાય છે અને ઝાંખા પડે છે. એટલા માટે આ પરિવર્તનોને સક્રિય રીતે ટ્રેક કરવા અને વ્યૂહાત્મક, ભાવનાહીન અભિગમ સાથે તેમાંથી બહાર નીકળવા એ તકોને ઝડપી લેવા અને પાછળ રહી જવાથી બચવા માટે ચાવીરૂપ બની શકે છે.

પરંતુ જ્યારે ટ્રેન્ડ્સ અથવા થીમ્સમાં રોકાણ કરવામાં આવે છે, ત્યારે મોટાભાગના રિટેલ રોકાણકારોને લોભ અથવા ડર જેવી લાગણીઓને નિયંત્રિત કરવામાં મુશ્કેલી પડે છે, ખાસ કરીને બજારની ચરમસીમા દરમિયાન. તેઓ ક્યાં તો ખૂબ લાંબા સમય સુધી રોકાણ જાળવી રાખે છે અથવા ખૂબ મોડું રોકાણ કરે છે, આ અંગે ઉદાહરણ આપતાં કેરમ ફાઇનાન્શિયલ સર્વિસીસના પાર્ટનર વત્સલ કેતન મહેતાએ જણાવ્યું હતું કે, ૧૯૯૦ના દાયકાના અંતમાં, ટેકનોલોજી અને ઇન્ટરનેટ શેર ટ્રેન્ડિંગમાં હતા. રોકાણકારો આ ક્ષેત્રમાં ધસી ગયા અને તેમને સારો લાભ મળ્યો. પરંતુ જેમ જેમ વધુને વધુ પૈસા આવતા ગયા, તેમ તેમ મૂલ્યાંકન મૂળભૂત બાબતો કરતાં આગળ વધ્યું. રોકાણકારોના ખોટા નિર્ણય અથવા વધુ વળતરના લોભને કારણે તેમનું રોકાણ ચાલુ રહ્યું.

૨૦૦૦ના દાયકાની શરૂઆતમાં ડોટ-કોમ બબલ ફૂટતાં રોકાણકારોને મોટા નુકસાનનો સામનો કરવો પડ્યો. બીજી બાજુ, જ્યારે ૨૦૧૩ના ટેપર એગ્રેશન શરૂ થયો, ત્યારે બજારમાં તીવ્ર કડાકા અને ભયને કારણે રોકાણકારો બજારોમાંથી બહાર નીકળી ગયા. જ્યારે વિદેશી નાણાંના પ્રવાહથી ભારતીય રૂપિયાનું મૂલ્ય વધ્યું, ત્યારે તેણે ફાર્માસ્યુટિકલ્સ અને માહિતી ટેકનોલોજી જેવા નિકાસલક્ષી ક્ષેત્રોમાં રોકાણ કરવાની તકો સર્જાઇ.

થીમ્સમાં રોકાણ કરતી વખતે ગેરમાર્ગે દોરવાઇ જવાથી બચવાનો એક સરળ રસ્તો થીમેટિક મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરવાનો છે. આ ભંડોળ એવા વ્યવસાયોમાં રોકાણ કરે છે જે સારી ગુણવત્તા ધરાવતા વલણો અથવા થીમ્સ સાથે સુસંગત હોય છે, જે નજીકના અને મધ્યમ ગાળામાં આગળ વધવાની અપેક્ષા રાખે છે. થીમેટિક મ્યુચ્યુઅલ ફંડ્સનું સંચાલન ફંડ મેનેજરો દ્વારા વ્યાવસાયિક રીતે કરવામાં આવે છે, જે બદલાતી બજાર ગતિશીલતાનું સતત સંશોધન અને નિરીક્ષણ કરે છે. તેઓ શિસ્તબદ્ધ, ડેટા-આધારિત રોકાણ નિર્ણયો લે છે, ભય અને લોભ જેવા ભાવનાત્મક પૂર્વગ્રહોથી મુક્ત, આમ જોખમો અને વળતરને શ્રેષ્ઠ બનાવે છે. ■

# જીએસટીનો લાભ ગ્રાહકો સુધી પહોંચવો જરૂરીઃ સીબીઆઈસી ચાંપતી નજર રાખશે

મુંબઈ : ગુડસ એન્ડ સર્વિસીઝ ટેક્સ (જીએસટી) દરમાં ૨૨ સપ્ટેમ્બરથી થનારા ફેરબદલ બાદ સામાન્ય વપરાશની ચીજવસ્તુઓની કિંમતો પર નજર રાખવા સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈન્ડાયરેકટ ટેક્સિસ એન્ડ કસ્ટમ્સે (સીબીઆઈસી) તેના ફિલ્ડ ઓફિસરોને સૂચના આપી છે.

જીએસટીના દરમાં કરાયેલા ઘટાડાનો ગ્રાહકોને લાભ મળી રહે છે કે કેમ તેની ખાતરી રાખવા અંદાજે ૫૪ જેટલી ઉપભોગની ચીજવસ્તુઓ જેમ કે સાબુ, ટૂથપેસ્ટ, ટીવી, ચશ્મા, એસી, ચીઝ, બટર વગેરેની કિંમતો પર છ મહિના સુધી નજર રાખવા સૂચના અપાઈ હોવાનું સીબીઆઈસીના સુત્રોએ જણાવ્યું હતું.

૫૪ ચીજવસ્તુઓ જેના પર નજર નાખવાની રહેશે તેની ખાસ યાદી જાહેર કરવામાં આવી છે અને ફિલ્ડ ઓફિસરોને આ ચીજવસ્તુઓના ૨૨ સપ્ટેમ્બર પહેલાના ભાવ અને ત્યારપછીના ભાવની સરખામણી કરી લેવા ખાસ સૂચના આપવામાં આવી છે. જીએસટી કાઉન્સિલે ૪૦૦ જેટલા માલસામાન તથા સેવા પરના જીએસટી દરમાં ફેરબદલ કર્યા છે જેમાંથી ૩૭૫ના દરમાં ઘટાડો કરાયો છે. ૧૩ જેટલી લકઝરી ચીજવસ્તુઓને ૪૦ ટકાના સ્તરમાં આવરી લેવાઈ છે. ■

# ઉત્પાદન ક્ષેત્ર બાદ દેશના સેવા ક્ષેત્રની પ્રવૃત્તિમાં પણ મજબૂત આગેકૂચ

મુંબઈઃ ઉત્પાદન ક્ષેત્ર બાદ દેશના સેવા ક્ષેત્રની પ્રવૃત્તિ પણ ઓગસ્ટમાં મજબૂત જોવા મળી છે. એસએન્ડપી ગ્લોબલ દ્વારા તૈયાર કરાયેલ એચએસબીસી ઈન્ડિયા સર્વિસીસ પરચેઝિંગ મેનેજર્સ ઈન્ડેક્સ (પીએમઆઈ) જે જુલાઈમાં ૬૦.૫૦ હતો, તે ઓગસ્ટમાં વધી ૬૨.૯૦ સાથે પંદર વર્ષની ટોચે રહ્યો છે. મજબૂત માગને પરિણામે સેવા ક્ષેત્રની પ્રવૃત્તિમાં જોરદાર વધારો થયો છે. માગ ઊંચી રહેતા સેવા માટેના દરમાં એક દાયકાનો સૌથી વધુ વધારો થયો હોવાનું તૈયાર કરાયેલા સર્વે રિપોર્ટમાં જણાવાયું હતું. ઓગસ્ટ સતત ત્રીજો એવો મહિનો રહ્યો છે જેમાં પીએમઆઈ ૬૦ની ઉપર ગયો છે. જે વિશ્વમાં સૌથી ઝડપથી વિકસી રહેલા અર્થતંત્ર ભારતમાં માગ ઊંચી હોવાનું સૂચવે છે. ઊંચી માગ ઉપરાંત નવા બિઝનેસ ઓર્ડરમાં જૂન ૨૦૧૦ બાદ સૌથી ઝડપી વધારો પીએમઆઈ ઊંચે જવાના કારણો રહેલા છે. ૫૦થી ઉપરના પીએમઆઈને જે તે ક્ષેત્રનું વિસ્તરણ કહેવામાં આવે છે. ઓગસ્ટમાં સતત ૪૯માં મહિને પીએમઆઈ ૫૦થી ઉપર રહેવા પામ્યો છે. આંતરરાષ્ટ્રીય વેચાણમાં પણ નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. નિકાસ ઓર્ડરો ૧૪ મહિનાની ઊંચી સપાટીએ રહેવા પામ્યા છે. જૂન ત્રિમાસિકમાં દેશનો આર્થિક વિકાસ દર અપેક્ષા કરતા વધુ રહી ૭.૮૦ ટકા રહ્યો હતો.

ટ્રમ્પ દ્વારા ભારતના માલસામાન પર લાગુ કરાયેલા ૫૦ ટકા ટેરિફને કારણે સપ્ટેમ્બર ત્રિમાસિકમાં વિકાસ દર ઘટવાની ધારણાં રખાતી હતી પરંતુ તાજેતરના ઉત્પાદન તથા સેવા ક્ષેત્રના પીએમઆઈ આ ધારણાંને કદાચ ખોટી પાડશે તેમ જણાય રહ્યું છે.

સેવા ક્ષેત્રમાં આગામી એક વર્ષ માટેનો બિઝનેસ કોન્ફીડેન્સ ત્રણ મહિનાની ટોચે રહ્યો છે. માગમાં સાનુકૂળ વાતાવરણ તથા જાહેરખબર પાછળના ખર્ચમાં વધારાને કારણે કોન્ફીડેન્સ ઊંચો જોવાઈ રહ્યો છે. ઓગસ્ટનો ઉત્પાદન ક્ષેત્રનો પીએમઆઈ વધી ૧૭ વર્ષની ટોચે રહ્યો હતો. ■



રાજકોટ શહેરમાં યુ.પી.એસ.સી. દ્વારા નેશનલ ડિફેન્સ એકેડમી અને નેવલ એકેડમી પરીક્ષા(૨) અને કમ્બાઈન ડિફેન્સ સર્વિસ પરીક્ષા(૨) ચાર કેન્દ્રો પર લેવાઈ હતી, જ્યારે ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા મહેસૂલ તલાટી વર્ગ-૩ની પ્રાથમિક પરીક્ષા કુલ ૧૫૮ કેન્દ્રો પર યોજવામાં આવી હતી. (તસ્વીરઃ પ્રવિણ સેદાણી, રાજકોટ)

# કચ્છમાં ટ્રાન્સપોર્ટરોની 'નો રોડ,નો ટોલ'ની લડતને હાલ પૂરતો વિરામઃ સોમવારની મધ્યરાત્રિ સુધી ટોલ મુક્તિ

## તાત્કાલિક ખરાબ માર્ગોનું સમારકામ હાથ ધરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના ધોરીમાર્ગોની અત્યંત ખરાબ પરિસ્થિતિને પગલે વિફરેલા વિવિધ ટ્રાન્સપોર્ટ એસોસિયેશનોએ શરૂ કરેલા 'નો રોડ,નો ટોલ' આંદોલનને લઈને દોડતા થયેલા નેશનલ હાઇવે ઓથોરિટીના સત્તાવાળાઓ સાથે બેઠકોના દૌર ચાલ્યા બાદ, ખરાબ રસ્તાઓની ત્વરિત સુધારણા અને થોડા સમય પૂરતી ટોલ મુક્તિની માંગણીને ગ્રાહ્ય રાખતાં હાલ પૂરતી આ હડતાલને સમાપ્ત કરવાની જાહેરાત કરવામાં આવી હતી. કચ્છના બિસ્માર માર્ગોને લઈ કચ્છ ટ્રાન્સપોર્ટ એસોસિએશનના વિવિધ મંડળો દ્વારા રસ્તાઓની સુધારણાની પ્રબળ માગણી સાથે 'નો રોડ નો ટોલ'ના સૂત્રને અનુસરીને હડતાળ પાડી દેવામાં આવી હતી. કચ્છના પાંચ રાષ્ટ્રીય અને બે રાજ્ય ધોરીમાર્ગે આવેલા કુલ સાત જેટલા ટોલ પ્લાઝા સામે પરિવહન વ્યવસાય કરનારાઓએ સખ્ત વિરોધ નોંધાવ્યો હતો.

એક સાથે અંદાજે પચાસેક હજાર વાહનોના પૈડાં થંભી જતાં ગત મધરાતે દોઢ વાગ્યા દરમિયાન જિલ્લા સમાહર્તા આનંદ પટેલ, પોલીસ વડા સાગર બાગમાર તેમજ નેશનલ હાઇવે ઓથોરિટીના ગુજરાતના વડા યાદવ સાથે યોજવામાં આવેલી આપાતકાલીન બેઠકમાં થોડા કલાકોનો સમય માગવામાં આવ્યો હતો.

બીજા દિવસે આયોજિત બેઠકમાં ગાંધીધામ ચેમ્બર પ્રમુખ મહેશ પુંજ, ગાંધીધામ ચેમ્બર મંત્રી મહેશ તીર્થાની, ટેન્કર એસોસિયેશન પ્રમુખ સામજી આહીર અને કન્ટેનર એસોસિયેશન મંત્રી ભગીરથસિંહ જોડાયા હતા.

રતનાલ ટ્રક ઓનર્સ એસોસિયેશનના પ્રમુખ રાજેશ છાંગાએ જણાવ્યું હતું કે, અધિકારીઓ સાથે થયેલી આ બેઠકમાં નિર્ણય લેવાયા મુજબ સોમવાર રાત્રે ૧૨ વાગ્યા સુધી ટોલ મુક્તિ મળશે, આ ઉપરાંત આગામી પખવાડિયામાં રસ્તા પરના ખાડાઓમાં મોરમ ભરીને મરંમત પૂર્ણ કરી લેવામાં આવશે.આ નિર્ણયને પગલે હડતાળ સમેટી લઈને પરીવહન શરૂ કરી દેવામાં આવ્યું હોવાનું તેમણે ઉમેર્યું હતું. ■

# ભુજના સુખપર નજીક મોટરસાઇકલ અને એસયુવી વચ્ચે અકસ્માતમાં યુવાનનું મોત

ભુજઃ ભુજ તાલુકાના સુખપર ગામ પાસે એસયુવી જીપકાર અને મોટરસાઇકલ વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં એક યુવાનનું મોત નીપજ્યું હતું. ભુજના જુના રેલવે સ્ટેશન વિસ્તારમાં રહેતો ૨૧ વર્ષીય વિશાલ શંભુલાલ પ્રજાપતિ ગત શનિવારે રાતના અરસામાં નખત્રાણા ખાતે આયોજિત મોટા યક્ષના મેળામાં મ્હાલવા માટે જઈ રહ્યો હતો. અગિયારેક વાગ્યાના સુમારે સુખપર ગામ પાસે પહોંચ્યો ત્યારે સામેથી પૂરપાટ વેગે ધસી આવેલી સ્કોર્પિયો જીપકાર સાથે તેની મોટરસાઇકલની ટક્કર થઈ હતી.આ અકસ્માતની તીવ્રતા એટલી હતી કે વિશાલ ફૂટબોલની માફક હવામાં ફંગોળાયો હતો અને તેની મોટરસાઈકલમાં આગ ફાટી નીકળી હતી. હતભાગીને ગંભીર હાલતમાં ભુજની જી.કે. જનરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો,જ્યાં સારવાર દરમિયાન રવિવારે સવારે તેનું મૃત્યુ થયું હતું. ■

# નખત્રાણાના નાના કાદિયા ગામમાં આડાસબંધના વહેમમાં સગી જનેતાને ગળું દબાવી બે પુત્રોએ મોતને ઘાટ ઉતારી દીધી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ઘોર કલિયુગની પ્રતીતિ કરાવતી ઘટનાઓ સતત સામે આવતી રહે છે તેવામાં સરહદી જિલ્લા કચ્છના નખત્રાણા તાલુકાના નાના કાદિયા ગામના વાડી વિસ્તારમાં બે કળિયુગી પુત્રોએ તેમની સગી જનેતા હેમલતાબેન ડાયાલાલ પારાધી (જાગરિયા) (ઉં.વ.૪૦)ની આડા સંબંધોના વહેમમાં નિર્દયતાપૂર્વક ગળું દબાવીને હત્યા નીપજાવી હોવાનો બનાવ બહાર આવતાં કચ્છ સહિત બૃહદ કચ્છમાં ભારે ચકચાર પ્રસરી હતી.

નખત્રાણા પોલીસ મથકેથી પ્રાપ્ત માહિતી અનુસાર, ભુજના ઝુરા ગામના આરોપી અશોક ડાયાલાલ પારાધી જાગરિયા અને કાયદાના સંઘર્ષમાં આવેલા સગીર વયના પુત્રએ નીતુભા માધુભા જાડેજાની વાડીમાં ગત મધરાત્રિના બાર વાગ્યા બાદ હત્યાના આ જઘન્ય બનાવને અંજામ આપ્યો હતો. ખેતમજૂર એવી મૃતક માતાને કોઈ પુરુષ સાથે આડા સંબંધ હોવાની શંકા આ પુત્રોને હતી. બનાવની રાત્રે માતા ફોન લઈ, ઓરડીમાંથી બહાર નીકળીને ચાલી ગઈ હતી. આક્રોશમાં આવી ગયેલા પુત્રો પણ માતાની પાછળ ગયા હતા અને તેને અચાનક પકડી લીધી હતી.

જમીન પર પાડી દઈ, પૂરી તાકાત લગાવી ગળું દબાવી દઈને તેણીને મોતને ઘાટ ઉતારી દીધી હતી. વહેલી સવારના અરસામાં હત્યાનો બનાવ બહાર આવતાં ગામમાં ભારે ચકચાર પ્રસરી હતી. વાડીના માલિક નીતુભા જાડેજા સવારે છ વાગ્યે વાડીએ આવ્યા ત્યારે બંને આરોપીઓએ માતાની હત્યા નીપજાવી હોવાની કબૂલાત આપી હતી. વાડી માલિકે ભોગ બનનારના પિતા દાનાભાઇ પારધીને જડોદર ખાતે જઈને ઘટનાની જાણ કરી હતી. બાદમાં અન્ય કુટુંબીજનો પણ વાડીએ દોડી આવ્યા હતા.

બંને હત્યારા પુત્રોએ પરિવારજનો સમક્ષ જણાવ્યું હતું કે, માતા છેલ્લા કેટલાક સમયથી તેમને અને તેમના પિતા સાથે વાતચીત કરતા ન હતા અને જમવાનું પણ બનાવતા ન હતા. અવાર નવાર કોઈની સાથે મોબાઈલ ફોન ઉપર હસી હસીને વાત કર્યા કરતા હતા. આ મામલે નખત્રાણા વિસ્તારના પી.આઈ મકવાણાએ બંને પુત્રો વિરુદ્ધ હત્યાનો ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.■

# ભુજ-નલિયા વચ્ચે પ્રવાસી ટ્રેન શરૂ થવાની શક્યતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ પશ્ચિમ રેલવે દ્વારા ભુજ-નલિયા ગેજ રૂપાંતરણની કામગીરી પૂર્ણ કરી લેવાયા બાદ આ ટ્રેક પર માલગાડીઓની આવન-જાવન શરૂ થઇ ચૂક્યું છે ત્યારે આગામી ઓક્ટોબર માસના અંતમાં સંભવત ચાર કોચ સાથેની પેસેન્જર ટ્રેનને ભુજ-નલિયા વચ્ચે શરૂ કરવામાં આવે તે માટેનો તખ્તો ગોઠવવામાં આવી રહ્યો હોવાનું આધારભૂત સૂત્રો પાસેથી જાણવા મળી રહ્યું છે.

આ અંગે પ્રાપ્ત વિગતો મુજબ, વડા પ્રધાન નરેન્દ્ર મોદીની કચ્છ મુલાકાતના રદ થયેલા કાર્યમમાં ભુજ-નલિયા વચ્ચે પ્રવાસી ટ્રેનને લીલીઝંડી આપવાનું સંભવિત આયોજન હતું, પરંતુ હવે વડા પ્રધાનની મુલાકાત ભાવનગર ખાતે થવાની હોઈ ત્યાંથી નલિયાની ટ્રેનને પ્રસ્થાન કરાવાય છે કે નહીં તેના પર સૌની મીટ મંડાઈ છે.

ભુજ-નલિયા સુધી પ્રવાસી ટ્રેન દોડાવવા માટે સી.આર.એસ.નું નિરીક્ષણ પણ તાજેતરમાં કરવામાં આવ્યું હતું. વિદ્યુતીકરણની કામગીરી પણ તાજેતરમાં જ પૂર્ણ કરી લેવામાં આવી હતી અને મુંબઈના ઉચ્ચ અધિકારીઓ દ્વારા તેનું પણ સફળ નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. કુકમા પાસે સબ સ્ટેશનનું કાર્ય પૂર્ણ થઈ ગયું છે, જેથી નલિયા સુધી પ્રવાસી ટ્રેન દોડાવવા માટેના તમામ સંજોગો ઊજળા છે. સંભવત મુંબઈની ટ્રેનોના આવાગમનના સમયને ધ્યાનમાં રાખીને લિંક ટ્રેન ભુજ-નલિયા વચ્ચે દોડાવવામાં આવે તેવી શક્યતા છે.

જો કે, આ અંગે રેલવેના અધિકારીઓ પાસે હજુ સુધી કોઈ સત્તાવાર વિગતો આવી નથી. ■

# કચ્છમાં યોજાયેલી રાષ્ટ્રીય લોકઅદાલતમાં ૮૧૩૬ કેસનો સમાધાન રાહે નિકાલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળના નિર્દેશ હેઠળ સરહદી જિલ્લા કચ્છના તમામ ન્યાયાલયોમાં યોજાયેલી રાષ્ટ્રીય લોક અદાલતમાં ૩૩૮૮ પ્રીલીટીગેશન અને સ્પેશિયલ સિટીંગના ૩૭૭૯ મળીને કુલ ૮૧૩૬ જેટલા કેસના નિકાલ અને ૨૪.૧૭ કરોડના એવોર્ડ કરવામાં આવ્યા હતા.

આ રાષ્ટ્રીય લોકઅદાલતમાં સિવિલ દાવા,વાહન અકસ્માત વળતર, ચેક બાઉન્સ સહિતના અન્ય સમાધાનલાયક કેસો નિકાલ માટે મૂકવામાં આવ્યા હતા જેમાં ૩૩૮૮ પ્રીલીટીગેશન કેસો, સમાધાન લાયક ૯૬૯ કેસ અને સ્પેશિયલ મેજિસ્ટ્રિયલ સિટીંગના ૩૭૭૯ કેસ મળીને ૮૧૩૬ કેસનો નિકાલ કરી દેવામાં આવ્યો હતો.

ગુજરાત હાઇ કોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ અને ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ, અમદાવાદના મુખ્ય સંરક્ષકના માર્ગદર્શન હેઠળ મુખ્ય જિલ્લા ન્યાયાધીશ મહિડા દિલીપ પી.ની રાહબરી હેઠળ કચ્છના તમામ તાલુકાઓમાં રાષ્ટ્રીય લોક અદાલત યોજવામાં આવી હતી. જિલ્લાના ન્યાયાધીશ દ્વારા લગ્નવિષયક કેસો, ચેક બાઉન્સના કેસો, સિવિલ દાવાઓ, વાહન અકસ્માત વળતરના કેસો તથા અન્ય સમાધાનલાયક કેસોમાં અગાઉથી જ સમાધાનની પ્રક્રિયા હાથ ધરી અને કેસોના નિકાલની કાર્યવાહીઓ કરવામાં આવી હતી. લોક અદાલતની સફળતા માટે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના સચિવ અને જજ બી. એમ. પ્રજાપતિ સહિતે ન્યાયાલયના કર્મચારીઓ, તમામ સ્ટેક હોલ્ડર્સનો તથા વકીલોનો આભાર વ્યક્ત કર્યો હતો. ■

# નવરાત્રી ટાંકણે માતાના મઢ આવતા પદયાત્રીઓને આતિથ્યનો પરિચય કરાવવા કચ્છના ગામો સજ્જ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ આગામી નવરાત્રીની આડે હવે જ્યારે ગણતરીના જ દિવસો બાકી રહ્યા છે ત્યારે કચ્છના લખપત તાલુકાના મુખ્ય મથક દયાપરમા આવેલા માં આશાપુરાના સ્થાનક તરફ પદયાત્રીઓનો પ્રવાહ આવવો શરૂ થઇ ગયો છે.

નર્મદાને કિનારે આવેલા રંગ અવધૂત આશ્રમ પાસેના નારેશ્વર ગામના બે પરિવારો પણ માતાના મઢ પહોંચવા કચ્છ આવ્યા છે તે પૈકીના એક પરિવારના અનસૂયાબેન ચંદ્રકાંત પટેલે જણાવ્યું હતું કે, તેમનું આખું પરિવાર આ પદયાત્રાએ આવ્યું છે અને તેમની સાથે એક દરબાર પરિવાર પણ છે. અને આવી પદયાત્રા તેઓ છેલ્લા આઠ વર્ષથી કરી રહ્યા છે.

પદયાત્રાની સાથે સાથે આ પારિવારિક સંગ માર્ગમાં આવતા અન્ય મહત્ત્વના ધાર્મિક સ્થળો જેવા કે બોરશદનું સૂર્ય મંદિર, તારાપુરનું જલારામ મંદિર,ધર્મજ ખાતેના ચુડેલ માતાના મંદિર, લીંબડી પાસેના રાજ રાજેશ્વરી ધામ, અર્ણેજ પાસેના બુટ-ભવાની મંદિર તેમજ નાના કેરાલા તરીકે ઓળખાતા એક સ્થળે આવેલા સ્વયંભૂ હનુમાનજીના મંદિરની મુલાકાત અચૂક લે છે.

કોટડા-ચાંદ્રાણી ખાતે છેલ્લા સોળ વર્ષથી ચાલતા બારમાસી આઈ ગ્રૂપ યુવક મંડળ મુંબઈ દ્વારા સંચાલિત કાયમી પદયાત્રી કેમ્પને પણ સજ્જ કરી દેવાયો છે. ■

# અમરેલી જિલ્લામાં ત્રીજા દિવસે મેઘમહેર

## ખેડૂતોમાં આનંદ પરંતુ શહેરીજનો પરેશાન

અમદાવાદઃ ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં ગાજવીજ સાથે વરસાદની આગાહી કરવામાં આવી હતી. અમરેલી જિલ્લામાં સતત ત્રીજા દિવસે મેઘમહેર યથાવત્ રહી હતી. રવિવારે બપોર બાદ પડેલા વરસાદથી ખાસ કરીને જાફરાબાદ, સાવરકુંડલા અને ખાંભા સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં વીજળીના કડાકા-ભડાકા સાથે વરસાદ ખાબક્યો હતો. આ સાથે જાફરાબાદના નાગેશ્રી, મીઠાપુર, દુધાળા સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદ પડ્યો હતો. આ વરસાદ કપાસ, કઠોળ, એરંડા, મગફળી, ડુંગળી, બાજરી, મગ, અડદ, જુવાર અને મકાઈ સહિતના પાક માટે જીવતદાન સમાન સાબિત થયો હતો. જરૂરિયાત પ્રમાણે વરસાદ થયો હોવાથી ખેડૂતોના ચહેરા ખીલી ઊઠ્યા હતાં. બીજી તરફ અમરેલી શહેરમાં ધોધમાર વરસાદથી જળબંબાકાર સર્જાયો હતો. રાજકમલ ચોક, હીરા મોતી ચોક, બસ સ્ટેન્ડ, હરિરોડ અને જીવરાજ મહેતા ચોક સહિતના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જતા નગરપાલિકાની પ્રી-મોન્સૂન કામગીરી સામે સવાલો ઊભા થયા હતાં. ભારે બફારા થયેલા વરસાદે ગરમીથી રાહત આપી હતી, પરંતુ શહેરી વિસ્તારોમાં પાણી ભરાતા નાગરિકોમાં રોષ પણ જોવા મળ્યો હતો. ■

# ભાવનગરમાં મિશન ઓફ મેડિસન ફ્રી લાઈફ અંતર્ગત શિબર યોજાઈ

ભાવનગરઃ ઇન્ટરનેશનલ નેચરોપેથ ઓર્ગેનાઈઝેશન દ્વારા ભાવનગરની બહેનો માટે ફરી એક વાર ભવ્ય શિબિરનું આયોજન કરવામાંમાં આવ્યું હતું. ગામડાના કહેવાતા ગરીબ લોકોમાં રહેણીકરણીમાં વિવિધતા વધુ છે, જ્યારે શહેરી લોકો આર્થિક રીતે સમૃદ્ધ હોવા છતાં સગવડતા ભોગવતા છતાં આરોગ્ય માં તવંગરછે.આ સમસ્યાને ધ્યાનમાં રાખીને લોક જાગૃતિના હેતુથી અપ્રચલિત અને વિસરાઈ રહેલ પરંપરાગત કુદરતી ચિકિત્સા સાથે આ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં ઉત્સાહ ભેર ટ્રેનરો અને તેના સાધકો જોડાયા હતા. તેમાં ૮૦ કરતા વધુ બહેનો જોડાયાં હતાં. નેશનલ પ્રેસિડેન્ટ અનંત બિરાદરજી દ્વારા સર્ટિફિકેટ પ્રાપ્ત થયેલ અને શુભેચ્છા પાઠવી હતી. ■

# જૂનાગઢમાં સફાઈકર્મીઓ હડતાળ પર ઊતર્યા,

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જૂનાગઢ મહાનગરપાલિકાના કર્મચારીઓ હડતાળ પર ઊતર્યા હતાં. જૂનાગઢના મનપાના ૮૦૦થી પણ વધારે જેટલા સફાઈકર્મીઓ હડતાળ કરી રહ્યાં છે. વિવિધ માગણીઓને લઈને છેલ્લા પાંચ દિવસથી હડતાળ ચાલતી હોવાથી શહેરમાં ગંદકીની સમસ્યા સર્જાઈ છે. ડોર ટુ ડોર કચરા કલેકશન કરતા સ્ટાફને કામે લગાડવા કોર્પોરેશન દ્વારા પ્રયત્નો કરવામાં આવ્યાં હતાં, પરંતુ હડતાળ પર ઉતરેલા કર્મચારીઓએ વિરોધ દર્શાવી કામગીરી અટકાવવાનો પ્રયાસ કર્યો હતો. સફાઈ કર્મચારીઓ હડતાળ ઊતર્યા હોવાથી પરિસ્થિતિ નિયંત્રણમાં રાખવા પોલીસ બંદોબસ્ત ગોઠવવો પડ્યો હતો. સફાઈકર્મીઓની મુખ્ય માગણીઓમાં સ્વૈચ્છિક નિવૃત્તિના નિયમો બનાવવામાં આવે, કાયમી સફાઈ કર્મચારીઓના વારસદારોને નોકરી મળે, રોજમદાર કર્મચારીઓને કાયમી કરવામાં આવે અને ડોર ટુ ડોર કચરો એકત્રિત કરતા કામદારો તથા સખીમંડળની બહેનોને ફિક્સ પગારમાં સામેલ કરવામાં આવે તેવી માગણીઓ કરવામાં આવી હતી. ■





આગામી ૨૦ સપ્ટેમ્બરના રોજ વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદી ભાવનગરની મુલાકાતે પધારી રહ્યા છે. આ કાર્યક્રમના આયોજન સંદર્ભે શહેર ભાજપ કાર્યાલય ખાતે અગત્યની બેઠક મળી હતી. (તસ્વીરઃ વિપુલ હિરાણી, ભાવનગર)

# રાજકોટ મહાનગરપાલિકામાં સફાઈ કામદારોના પગારમાં થતા કૌભાંડનો ભાંડાફોડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ મહાનગરપાલિકામાં લાંબા સમયથી સફાઈ કોન્ટ્રાક્ટરો કામદારોના પગાર, પીએફ, ઈએસઆઈ અને બોનસમાં વ્યાપક કૌભાંડ આચરી રહ્યાં હતા. આ કૌભાંડનો શનિવારે પર્દાફાશ કરવામાં આવ્યો હતો. રાજકોટ કામદાર યુનિયને કરેલા આ ખુલાસા મુજબ કોન્ટ્રાક્ટર જીડી અજમેરા આ સમગ્ર ગેરરિતીનો મુખ્ય સૂત્રધાર છે, જેણે ગરીબ સફાઈ કામદારોને તેમના પગાર સહિત બોનસથી વંચિત રાખ્યા હતા. આ ભ્રષ્ટાચારને દબાવવા માટે અજમેરાના સુપરવાઈઝર જયદીપ આહીરે યુનિયન પ્રમુખ પારસ બેડિયાને પાંચ લાખ રૂપિયાની લાંચ આપવાનું પ્રલોભન પણ આપ્યું હતું, પરંતુ બેડિયા અને તેમની ટીમે આ લાંચનો પ્રસ્તાવ નકારી કાઢીને સ્ટિંગ ઓપરેશન યથાવત્ રાખ્યું હતું. લાંચ આપવા આવેલા યુવકને એ-ડિવિઝન પોલીસને સોંપવામાં આવ્યો હતો.

રાજકોટ કામદાર યુનિયન પ્રમુખ પારસ બેડિયાએ જણાવ્યું હતું કે, ગરીબ કામદારોના પરસેવાથી કમાયા રૂપિયા કોન્ટ્રાક્ટરોના ખિસ્સામાં ના જવા જોઈએ. આ રકમ સીધી જ કામદારોના બૅન્ક ખાતામાં જમા થવી જોઈએ. સ્ટિંગ ઓપરેશનનો મુખ્ય હેતુ કોન્ટ્રાક્ટર અને અધિકારીઓની મિલીભગતનો પર્દાફાશ કરવાનો હતો. ■

# રાજકોટમાં રિક્ષાને અકસ્માત નડ્યો

## ત્રણ વર્ષનાં બાળકનું કરુણ મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ શહેરમાં નવા ૧૫૦ ફૂટ રીંગ રોડ પર અટલ સરોવર પાસે એક પરિણીતાએ અગમ્ય કારણોસર એસીડ પી લેતા તેને તાત્કાલિક સિવિલ હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. પરિણીતાના પુત્રોને તેના પતિનો મિત્ર રિક્ષા લઈને બહાર ફેરવવા લઈ ગયો હતો, પરંતુ સિવિલ હૉસ્પિટલના ગેટ નજીક રિક્ષા પલ્ટી જતા અકસ્માત સર્જાયો હતો જેમાં ત્રણ વર્ષના વીર ઉર્ફે કોકો પરમારનું કરુણ મૃત્યુ નિપજ્યું હતું, જ્યારે બીજાને ઈજાઓ પહોંચી હતી. પોલીસે આપેલી વિગતો પ્રમાણે રાત્રિના સાડા બારેક વાગ્યાના અરસામાં સાગર ધોળકિયા બન્ને બાળકને રિક્ષામાં બેસાડી ફરવા નીકળ્યો હતો. પોલીસની ગાડી પાછળ આવતાં તે ડરી ગયો અને ઝડપથી રિક્ષા હંકારી રહ્યો હતો. નિયંત્રણ ગુમાવતાં સિવિલ હૉસ્પિટલના ગેટ અંદર રિક્ષા ફૂટપાથ સાથે અથડાઈ અને પલ્ટી મારી ગઈ હતી. ગંભીર રીતે ઘવાયેલા બન્ને માસૂમને ઇમરજન્સી વોર્ડમાં દાખલ કરાયા હતાં, જ્યાં ત્રણ વર્ષીય વીર પરમારનું સારવાર દરમિયાન દુઃખદ અવસાન થયું હતું. ■

# રાજકોટ પોલીસે ૬૭ લાખ રૂપિયાની ચોરીનો ભેદ ઉકેલ્યો, ત્રણ જણની ધરપકડ



(તસ્વીરઃ પ્રવીણ સેદાણી, રાજકોટ)

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ શહેરના પંચનાથ પ્લોટ વિસ્તારમાં તાજેતરમાં થયેલી રૂપિયા ૬૭ લાખથી વધુની મોટી ચોરીના ગુનાનો ભેદ રાજકોટ પોલીસે ઉકેલી કાઢ્યો હતો. ડીસીપી રાકેશ દેસાઈના માર્ગદર્શન હેઠળ એ-ડિવિઝન પોલીસની ટીમે રાજસ્થાનથી આવેલા ત્રણ વ્યક્તિને ઝડપ્યા હતાં.

ચોરીના ગુનામાં પોલીસે ગોપાલ મીણા, જગદીશ મણી અને મુકેશ મીણાની ધરપકડ કરી હતી. આ ગુનામાં ગોપાલ મીણા મુખ્ય સૂત્રધાર હોવાનું પોલીસ તપાસમાં પ્રકાશમાં આવ્યું હતું.

પોલીસના જણાવ્યા મુજબ, ગોપાલ મીણાએ પોતાના સાથીદારો જગદીશ મણી અને મુકેશ મીણાની મદદથી આ ચોરીનો પ્લાન ઘડ્યો હતું. ગોપાલ મીણા ફરિયાદીના ઘે કામ કરતો હોવાથી ઘરમાં તમામ સમાન ક્યા રાખેલો છે તેની ગોપાલને ખબર હતી. પોલીસે આરોપીઓને પકડી પાડ્યા બાદ તેમની પાસેથી રૂપિયા ૯.૯૦ લાખની રોકડ રકમ તેમ જ દાગીના મળી કુલ ૭૪.૨૨ લાખનો મુદ્દામાલ કબજે કરીને આગળની કાર્યવાહી હાથ ધરી હતી. ■

# બોટાદમાં સગીરને માર મારવાના આક્ષેપ સાથે પાંચ પોલીસ ગુનો નોંધાયો

અમદાવાદઃ બોટાદ ટાઉન પોલીસ મથકમાં એક સગીરને કસ્ટડીમાં ઢોરમાર મારવાનો મામલો પ્રકાશમાં આવ્યો હતો. ચોરીના આક્ષેપ સાથે લાવવામાં આવેલા ૧૭ વર્ષીય સગીરને પોલીસ સ્ટેશનમાં માર મારવામાં આવ્યો હોવાના આક્ષેપો થયા હતાં. ઈજાગ્રસ્ત સગીર ગંભીર હાલતમાં સારવાર હેઠળ છે, જ્યારે બનાવની ગંભીરતાને જોતા જિલ્લા પોલીસ અધિક્ષકે કાર્યવાહી હાથ ધરી હતી.

૧૯ ઑગસ્ટના દિવસે બે ઈસમ સગીરને આરટીઓ ઑફિસ ખાતે લઈ ગયા અને તેના પર ચોરી કરવાનો આક્ષેપ કર્યો હતો. બાદમાં પોલીસ ટીમે તેને ટાઉન પોલીસ મથકે લાવીને ડી-સ્ટાફની ઑફિસમાં લઈ જઈને મારપીટ કરી હતી. ગંભીર રીતે ઘવાયેલા સગીરને બોટાદમાંથી ખસેડી અમદાવાદની હૉસ્પિટલમાં સારવાર માટે દાખલ કરાયો હતો. ■